ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425




22 JANUARY, 2026 THURSDAY

પેજ 2



નર્મદાના ઈમ્તિયાઝ કાદરીએ ભાજપા સાથે છેડો ફાડી આપ માં જોડાયા

પેજ 3



રાણપુરની જર્જરીત સરકારી હોસ્પિટલની પ્રાંત અધિકારીએ મુલાકાત

પેજ 7



બનાસકાંઠાના ડીસામાં પ્રેસ કોન્ફરન્સ બાદ મોટા વિરોધની ચીમકી અપાઈ

પેજ 5

કરજણ ટોલ પ્લાઝા પર શ્રમિકોનો રણસંગ્રામ, અનિયમિત પગાર અને સુવિધાઓના અભાવે મેનેજમેન્ટ સામે બાયો ચડાવી.

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 305 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### સોનાના ભાવમાં 2500થી વધુનો ઉછાળો

# સતત તેજી બાદ ચાંદીનું બજાર ક્રેશ, 20000કડાકો

## સ્ટોપ લોસ અને યોગ્ય રિસ્ક મેનેજમેન્ટ સાથે ટ્રેડિંગ કરવાનું સલાહકારોનું સૂચન

• નવી દિલ્હી

આજે ભારતીય કોમોડિટી માર્કેટ (MCX)માં રોકાણકારો માટે ભારે ઉત્તેજના સાથે સાથે ગભરાટનો માહોલ સર્જાયો હતો. એક તરફ સોનાના ભાવોએ નવા ઊંચા સ્તરોને સ્પર્શ્યા, તો બીજી તરફ ચાંદીમાં અચાનક આવેલા મોટા કડાકાએ સમગ્ર બજારને હચમચાવી દીધું. દિવસભર ચાલેલી આ ઉથલપાથલને કારણે રોકાણકારો, ખાસ કરીને નાના અને મધ્યમ વર્ગના ટ્રેડર્સમાં ચિંતા અને અનિશ્ચિતતા વધતી જોવા મળી. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ચાંદીમાં સતત તેજી જોવા મળી રહી હતી. વૈશ્વિક બજારમાં ચાંદીની માંગમાં વધારો, ઔદ્યોગિક ઉપયોગમાં તેજી, તેમજ ડોલરની નબળાઈ જેવા પરિબળોને કારણે ચાંદીના ભાવોમાં સતત ચમકારા જોવા મળ્યા હતા. રોકાણકારોમાં એવો વિશ્વાસ બન્યો હતો કે ચાંદી નજીકના સમયમાં નવા રેકોર્ડ બનાવશે. એ જ આશાઓ વચ્ચે આજે ચાંદીના ભાવોએ વાયદા બજારમાં (MCX) 3,35,521 પ્રતિ કિલો સુધી પહોંચીને ઓલ ટાઈમ હાઈ નોંધાવ્યો હતો. આ સ્તર સુધી પહોંચતા બજારમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને ઘણા ટ્રેડર્સે વધુ તેજીની અપેક્ષા સાથે ખરીદી કરી હતી. પરંતુ આ ઉત્સાહ લાંબો સમય ટક્યો નહીં. દિવસ દરમિયાન જ અચાનક બજારમાં વેચવાલીનો દબાણ વધ્યું અને એક જ ઝાટકે ચાંદીના ભાવોમાં લગભગ 20,000 પ્રતિ કિલો જેટલો મોટો ઘટાડો નોંધાયો. ઓલ ટાઈમ હાઈ 3,35,521થી લપસીને ભાવો સીધા 3,15,012 સુધી આવી ગયા. આ તીવ્ર ઘટાડાને કારણે બજારમાં "ક્રેશ" જેવી સ્થિતિ સર્જાઈ હતી. અનેક રોકાણકારો માટે આ અણધાર્યો ઝટકો સાબિત થયો અને ખાસ કરીને નાના રોકાણકારોમાં ગભરાટ ફેલાયો. બજાર જાણકારોનું માનવું છે કે ચાંદીમાં આવેલા આ કડાકાના પાછળ ઘણા કારણો જવાબદાર હોઈ શકે છે. પ્રથમ, છેલ્લા કેટલાક દિવસોથી ચાંદીમાં થયેલી ભારે તેજી બાદ મોટા ટ્રેડર્સ અને સંસ્થાગત રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગ શરૂ કરવામાં આવ્યું હોઈ શકે છે. જ્યારે મોટા ખેલાડીઓ એકસાથે એક્ઝિટ કરે છે, ત્યારે બજારમાં અચાનક સપ્લાય વધી જાય છે અને ભાવો પર ભારે દબાણ આવે છે. બીજું કારણ વૈશ્વિક બજારમાંથી મળતા સંકેતો પણ હોઈ શકે છે, જ્યાં કેટલાક ઔદ્યોગિક ધાતુઓમાં નબળાઈ જોવા મળી રહી છે. ત્રીજું કારણ રૂપિયામાં થતી હલચલ અને ડોલરની મજબૂતી પણ ગણાવી શકાય છે, જે ચાંદીના ભાવ પર નકારાત્મક અસર કરે છે. રાત્રે લગભગ 9 વાગ્યાના સમયે MCX પર ચાંદી 3,16,780 આસપાસ કારોબાર કરી રહી હતી, જે દર્શાવે છે કે ભાવો ઓલ ટાઈમ હાઈથી ઘણાં નીચે આવી ગયા છે. આ સ્તરે કેટલાક રોકાણકારોએ તળિયેથી ખરીદી કરવાની કોશિશ પણ કરી હોવાનું બજાર સૂત્રો જણાવી રહ્યા છે. તેમ છતાં, બજારમાં હજુ પણ અનિશ્ચિતતા યથાવત છે અને ટૂંકા ગાળામાં ચાંદીના ભાવોમાં વધુ ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. બીજી તરફ, સોનાના બજારમાં આજે સ્પષ્ટ તેજી જોવા મળી. વૈશ્વિક સ્તરે વધતી આર્થિક અનિશ્ચિતતા, મહેસૂલી દરોમાં સ્થિરતા અંગેની ચિંતા, તેમજ ભૂ-રાજકીય તણાવ જેવા પરિબળોને કારણે સોનામાં સુરક્ષિત રોકાણ તરીકેની માંગમાં વધારો થયો છે. રાત્રે 9 વાગ્યાના સમયે MCX પર સોનું 1,53,096 પ્રતિ 10 ગ્રામ પર કારોબાર કરી રહ્યું હતું. ગઈકાલના બંધ ભાવ 1,50,565ની સરખામણીએ તેમાં 2,531 (+1.68%) નો નોંધપાત્ર વધારો થયો છે. આ વધારાએ સોનાને ફરી એક વખત રોકાણકારો માટે આકર્ષક વિકલ્પ બનાવી દીધું છે. બજારના વિશ્લેષકો કહે છે કે વૈશ્વિક અર્થતંત્રમાં ચાલી રહેલી અનિશ્ચિતતા અને મંદીની આશંકાઓને કારણે રોકાણકારો જોખમી સંપત્તિમાંથી નાણાં કાઢીને સોના જેવી સુરક્ષિત સંપત્તિ તરફ વળી રહ્યા છે. અમેરિકન ડોલરમાં નબળાઈ, વ્યાજદરમાં શક્ય ઘટાડાની ચર્ચા, તેમજ મધ્ય પૂર્વ અને યુરોપમાં ચાલી રહેલા ભૂ-રાજકીય તણાવ પણ સોનાના ભાવને ટેકો આપી રહ્યા છે. આ તમામ પરિબળોના સંયુક્ત પ્રભાવથી સોનામાં આજે તેજી જોવા મળી છે. ચાંદી અને સોનાની આ વિપરીત દિશાની ચાલને કારણે રોકાણકારોમાં ગુંચવણનો માહોલ છે. એક તરફ સોનું સતત મજબૂત બનતું જાય છે, તો બીજી તરફ ચાંદીમાં અચાનક આવેલા કડાકાએ વિશ્વાસને ડગમગાવ્યો છે. ઘણા નાના રોકાણકારો હવે પ્રશ્ન કરી રહ્યા છે કે શું ચાંદીમાં થયેલી તેજી માત્ર તાત્કાલિક બબલ હતી કે પછી આ માત્ર ટૂંકા ગાળાનો સુધારો (કરેકશન) છે અને લાંબા ગાળે ફરી તેજી આવશે. નાણાંકીય સલાહકારોનું માનવું છે કે આવી પરિસ્થિતિમાં રોકાણકારોએ ગભરાટમાં આવીને ઉતાવળે નિર્ણય લેવાનો ટાળો જોઈએ. ચાંદીમાં લાંબા ગાળે હજુ પણ મજબૂત મૂળભૂત પરિબળો છે, ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનો, સોલાર પેનલ્સ અને અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાં વધતી માંગને કારણે. તેમ છતાં, ટૂંકા ગાળામાં ભાવોમાં વધુ ઉતાર-ચઢાવ શક્ય છે. તેથી, સ્ટોપ લોસ અને યોગ્ય રિસ્ક મેનેજમેન્ટ સાથે ટ્રેડિંગ કરવાનું સલાહકારો સૂચવે છે.

## અમદાવાદના આસારામ આશ્રમ પર તંત્રનું બુલડોઝર ફરી વળશે

• અમદાવાદ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ આગામી ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને મોટા પાયે ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટના બીજા તબક્કામાં સાબરમતી વિસ્તારમાં આવેલ વિવાદાસ્પદ આસારામ આશ્રમ સહિતના ગેરકાયદે દબાણો દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને (AMC) કમર કસી છે. સાબરમતી વિસ્તારમાં આવેલો આસારામ આશ્રમ રાજ્ય સરકારની માલિકીની જમીન પર આવેલો છે. જેની કિંમત અંદાજે 500 કરોડ રૂપિયા આંકવામાં આવી છે. સર્વે દરમિયાન માલૂમ પડ્યું હતું કે આ આશ્રમમાં 32 જેટલા ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા છે. AMCના પશ્ચિમ ઝોન દ્વારા આ દબાણો દૂર કરવા માટે અગાઉ નોટિસ ફટકારવામાં આવી હતી. આશ્રમ સંચાલકોએ આ ગેરકાયદે બાંધકામોને કાયદેસર કરાવવા માટે ઈમ્પેક્ટ ફી (Impact Fee) હેઠળ મંજૂરી મેળવવા અરજી કરી હતી, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશને આ અરજીને નામંજૂર કરી દીધી છે. હાલ આ મામલો એપેલેટ ઑથોરિટી સમક્ષ પેન્ડિંગ છે. આજે બુધવારે મળેલી AMCની લીગલ કમિટીની બેઠકમાં ચેરમેન પ્રકાશ ગુર્જરે તાત્કાલિક વકીલની નિમણૂક કરી આ કેસનો ઝડપથી નિકાલ લાવવા સૂચના આપી છે, જેથી ડિમોલિશનની કામગીરી શરુ કરી શકાય.

## ઈન્કમ ટેક્સ રિફંડ મેળવવા માટે એગ્ઝેમ્પ્શનનાં ખોટા દાવા કરાયા

• નવી દિલ્હી

આવકવેરા રિફંડ અંગે લોકોને વધુ રાહ જોવી પડી રહી છે. ખાસ કરીને એક લાખથી વધુનાં રિફંડ અત્યાર સુધી રોકાયેલા છે કારણકે આવકવેરા વિભાગે રિફંડથી જોડાયેલા કેસોનું ઓડિટ કર્યુ તો જાણવા મળ્યુ કે ખોટી રીતે છૂટ (એગ્ઝેમ્પશન)નો દાવો કરવામાં આવ્યો છે. અનેક કેસોમાં અનિયમિતતા સામે આવ્યા પછી આવકવેરા વિભાગે ઉંડી તપાસ શરૂ કરી છે. જેમાં જાણવા મળ્યુ છે કે મોટી સંખ્યામાં રિફંડ મેળવવા માટે હેરાફેરી કરવામાં આવી છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે કેટલાક કેસોમાં રિટર્ન ભરતી વખતે રાજકીય પક્ષોને દાન આપવાનું દર્શાવવામાં આવ્યુ છે પણ જ્યારે તપાસ કરવામાં આવી તો ખબર પડી કે રકમ સંબધિત રાજકીય દળના ખાતામાં ટ્રાન્સફર થઈ નથી. અનેક કેસોમાં મોટી રકમ દાનનાં સ્વરૂપમાં દર્શાવવામાં આવી છે. આ રીતે કેટલાક ક્સોમાં જોવા મળ્યું છે કે એનજીઓને દાન આપવાનું દર્શાવવામાં આવ્યું છે પણ જ્યારે સંબધિત એનજીઓનાં ખાતાનું ઓડિટ કરવામાં આવ્યુ તો જાણવા મળ્યું કે દાન ફક્ત કાગળોમાં જ ટ્રાન્સફર કરવામાં આવ્યું છે.

## સરહદે કેમેરા લગાવી રહેલા ભારતીય જવાનો પર પાકિસ્તાનનો બેફામ ગોળીબાર

નવી દિલ્હી : જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન વિસ્તારમાં પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરીને શસ્ત્ર વિરામનો ભંગ કરવામાં આવ્યો છે. ભારતીય સૈન્ય જ્યારે સરહદે કેમેરા લગાવી રહ્યું હતું ત્યારે જ પાકિસ્તાને ગોળીબાર કરી દીધો હતો. જોકે બાદમાં ભારતીય સૈન્ય દ્વારા તેનો આક્રામક રીતે જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની સૈન્યએ આતંકીઓની ઘૂસણખોરી કરાવવા માટે આ ગોળીબાર કર્યો હતો, જોકે ભારતીય સૈન્યએ પાક.ના આ પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સૈન્યની છ રાષ્ટ્રીય રાઈફલ્સની સી કંપની કેરન બાલા વિસ્તારમાં સરહદ પાસે આતંકીઓ અને પાક. સૈન્ય પર નજર રાખવા માટે કેમેરા લગાવી રહી હતી. આ દરમિયાન પાકિસ્તાની સૈન્યએ કોઈ પણ પ્રકારની ચેતવણી આપ્યા વગર જ અચાનક ગોળીબાર કરી દીધો હતો. જોકે ભારતીય સૈન્ય પહેલાથી જ એલર્ટ હતું તેથી જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. જે વિસ્તારમાં પાકિસ્તાની સૈન્યએ ગોળીબાર કર્યો છે તે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. તેથી પાકિસ્તાને આતંકીઓને ઘૂસાડવા આ ગોળીબાર કર્યો હોવાની પણ શંકા છે. ગોળીબાર બાદ ભારતીય સૈન્યએ પુરા વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ હતું.

## અમારા પ્રતિબંધ છતાં ગેરકાયદે ખાણકામ ચિંતાજનક, ખતરનાક હાલ થશે : સુપ્રીમ

નવી દિલ્હી : અરવલ્લી પર્વતમાળાની નવી પરિભાષા પર સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી હતી, આ સમગ્ર મામલે બુધવારે સુનાવણી થઈ હતી, સુપ્રીમ કોર્ટે પોતે લગાવેલા આ સ્ટેને યથાવત રાખ્યો છે. આ ઉપરાંત રાજસ્થાનના કુંભલગઢ વન્યજીવ અભયારણ્યની આસપાસના વિસ્તારના એક કિમી સુધીના વિસ્તારને ઈકો-સેંસિટિવ ઝોન જાહેર કરી દેવામાં આવ્યું છે. તેથી ત્યાં કોઈ પણ બાંધકામ કે ખોદકામ મંજૂરી વગર નહીં થઈ શકે.

કેન્દ્ર સરકાર દ્વારા અરવલ્લી પર્વતમાળાને લઈને ૧૦૦ મીટરની જે વ્યાખ્યા નક્કી કરવામાં આવી હતી તેને અંગાઉ સુપ્રીમ કોર્ટે મંજૂરી આપી હતી, જોકે બાદમાં રાજસ્થાન સહિતના પ્રભાવિત વિસ્તારોમાં આ નિર્ણયનો ઉગ્ર વિરોધ થયો હતો, તેથી સુપ્રીમ કોર્ટે પોતાના જ નિર્ણય પર સુઓમોટો સુનાવણી કરી હતી અને સ્ટે મુકી દીધો હતો. આ સ્ટે હાલ પણ યથાવત રહેશે તેવી સ્પષ્ટતા સુપ્રીમ કોર્ટે કરી છે. સુનવાણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશ સુર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલને કહ્યું હતું કે આ સમગ્ર મામલે કેટલાક ગંભીર મુદ્દા પર સુપ્રીમ કોર્ટ દ્વારા ધ્યાન આપવામાં આવ્યું છે. જેમાં કેન્દ્ર સરકારે સહયોગ કરવો જોઈએ. રાજસ્થાનના ખેડૂતો તરફથી હાજર વકીલે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે સુપ્રીમના ૨૦૨૪ના આદેશ બાદ પણ રાજસ્થાનમાં ખનન માટે મંજૂરી અપાઈ રહી છે.

### અમેરિકા કે યુરોપનો ડર છોડીને લાખો સૈનિકોની 'મહા સેના' બનાવવાનો નિર્ણય

## ગ્રીનલૅન્ડ મુદ્દે જર્મની લડી લેવાના મૂડમાં

• નવી દિલ્હી

વૈશ્વિક રાજનીતિમાં વર્ષ 2026ની શરુઆતથી જ મોટા ફેરફારોના સંકેત મળવા લાગ્યા છે. એક તરફ યુક્રેન-રશિયા યુદ્ધ સમાપ્ત થવાની કોઈ શક્યતા જણાતી નથી, તો બીજી તરફ ગ્રીનલૅન્ડને મુદ્દે અમેરિકા અને યુરોપ વચ્ચે ઐતિહાસિક તણાવ સર્જાયો છે. તાજેતરમાં જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ દ્વારા કરાયેલી એક જાહેરાતે નાટો(NATO)નું સમીકરણ જ બદલી નાખ્યુ છે. જર્મનીએ યુરોપની સૌથી મજબૂત પરંપરાગત સેના(કન્વેન્શનલ આર્મી) ઊભી કરવાનો નિર્ણય જાહેર કર્યો છે. જર્મની આટલું આક્રમક શા માટે બની રહ્યું છે? ગ્રીનલૅન્ડના વિવાદ સાથે આનો શું સંબંધ છે? ચાલો સમજીએ.

જર્મનીમાં હવે 18 વર્ષથી મોટી વયના યુવાનોએ લશ્કરી સેવા માટેના શારીરિક ફિટનેસ સંબંધિત પ્રશ્નોના જવાબ ફરજિયાત ભરવા પડે છે. આ પગલું તાજેતરમાં પસાર થયેલા નવા કાયદા હેઠળ લેવામાં આવ્યું છે. હાલમાં ભરતી સ્વૈચ્છિક છે, પણ જો જરૂર પડી તો સરકારને ફરજિયાત ભરતી શરુ કરવાનો અધિકાર છે. જર્મનીનું લક્ષ્ય સ્પષ્ટ છે: બીજા વિશ્વયુદ્ધ પછી પહેલીવાર યુરોપની સૌથી શક્તિશાળી પરંપરાગત સેના ઊભી કરવી.

નવેમ્બર, 2025 સુધીમાં જર્મનીના સક્રિય સૈનિકોની સંખ્યા 1,84,000 સુધી પહોંચી ગઈ છે. ચાન્સેલર મેર્ઝે સંસદમાં જાહેર કર્યું હતું કે, જર્મન સશસ્ત્ર દળો(બુન્ડેસવેહર) યુરોપની સૌથી મજબૂત પરંપરાગત સેના બનાવવા જઈ રહ્યા છે. 1990ના દાયકા પછીનું જર્મનીનું આ સૌથી મોટું લશ્કરી વિસ્તરણ છે. જર્મનીનું લક્ષ્ય 2035 સુધીમાં પોતાની સક્રિય સૈન્ય સંખ્યા 2,60,000 અને અનામત(રિઝર્વ) સૈનિકોની સંખ્યા 2,00,000 સુધી વધારવાનું છે.

જર્મન સરકારે લશ્કર મજબૂત કરવા માટે મોટી રકમની મંજૂરી આપી દીધી છે. લગભગ 60 અબજ ડૉલર(લગભગ રૂ. 5400 અબજ)ના નવા લશ્કરી સાધનો મંજૂર થઈ ચૂક્યા છે. આ વર્ષે સંરક્ષણ ખર્ચ જર્મનીના GDPના 2.5%(લગભગ 108 અબજ યુરો - રૂ. 11550 અબજ) જેટલું છે. 2030 સુધીમાં તેને 3.5% સુધી લઈ જવાનું લક્ષ્ય છે. ભૂતકાળમાં પણ જર્મનીને લશ્કરી વિસ્તરણની યોજનાઓ હતી, પણ અમલદારશાહી(બ્યુરોક્રેસી) અને સામાજિક ખચકાટને કારણે તે પૂર્ણ થઈ શકી નહોતી. જર્મની બબ્બે વિશ્વયુદ્ધમાં પાયમાલ થયું હોવાથી અને દુનિયાની નજરે 'વિલન' સાબિત થયું હોવાથી જર્મન સમાજમાં લશ્કરી કારકિર્દીને સારી નજરે નથી જોવાતી.

કેનેડાનું અસ્તિત્વ જ અમારા કારણે છે

બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે છ કલાકમાં ઘૂંટણિયે પડી ગયેલું ડેન્માર્ક ગ્રીનલેન્ડની રક્ષા નહીં કરી શકે

## ગ્રીનલેન્ડને 'સૈન્ય' નહીં, 'સમજણ'થી લઈશું: ટ્રમ્પ

નવી દિલ્હી : અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સ્વિટ્ઝરલેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં યુરોપીયન દેશોના વડાઓ સમક્ષ રીતસર દાદાગીરીના સૂરે જ જણાવી દીધુ હતું કે ગ્રીનલેન્ડ અમે બળથી નહીં પણ કળથી હાંસલ કરીશું. અમેરિકા સિવાય બીજો કોઈ યુરોપીયન દેશ ગ્રીનલેન્ડનું રક્ષણ કરવા સમર્થ નથી. આ ઉપરાંત તેમણે ડેન્માર્કને એહસાન ફરામોશ દેશ ગણાવ્યો હતો.

ટ્રમ્પે જણાવ્યું હતું કે ડેન્માર્ક બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામે માંડ છ કલાક ટકી શક્યું હતુ. આજે ડેન્માર્ક જે સ્વતંત્રતા ભોગવે છે તે પણ અમેરિકાને આભારી છે. અને અમારી પૂર્વ નેતાગીરીએ ભૂલ કરી હતી કે ગ્રીનલેન્ડ તે સમયે ડેન્માર્કને પાછુ આપી દીધુ હતુ. જો તેમણે જ તે સમયે ગ્રીનલેન્ડ લઈ લીધું હોત તો આજે મારે આવો દાવો કરવો પડયો ન હોત. તેમની ભૂલને હવે હું સુધારી રહ્યો છું. તેમણે જણાવ્યું હતું કે હું કંઈ ગ્રીનલેન્ડને લીઝ પર લેવાનો નથી, મારે આખેઆખા ગ્રીનલેન્ડ પર અમેરિકાનો હક્ક જોઈએ છે. તેની સાથે તેમણે ગ્રીનલેન્ડ પર ડેન્માર્કે અંકુશ છોડવાનો ઈન્કાર કર્યો તે બદલ તેને અહેસાન ફરામોશ ગણાવ્યું હતું.

ટ્રમ્પે તેની સાથે યુરોપીયન નેતાઓને જણાવ્યું હતું કે તેઓ ગ્રીનલેન્ડ મુદ્દે અમારી સાથે વાતચીત શરુ કરે તે જરુરી છે. તેની સાથે તેમણે ગ્રીનલેન્ડને અમેરિકાનો હિસ્સો બનાવવામાં આવે તો તેનાથી નાટોને થનારા ફાયદા ગણાવ્યા હતા. આ બાબત યુરોપના સૌથી વધુ હિતમાં હોવાનું જણાવ્યું હતું. ટ્રમ્પે જણાવ્યું હતું કે મને ગ્રીનલેન્ડ માટે હા પાડવામાં આવી તો હું ખુશ થઈને તેમની ભાવનાનું સન્માન કરીશ, પરંતુ ના પાડવામાં આવી તો અમેરિકા હંમેશા આ યાદ રાખશે. ટ્રમ્પે કેનેડાના પીએમ માર્ક કાર્નીની પણ બરોબરની ઝાટકણી કાઢી હતી. માર્ક કાર્નીએ તેમના ભાષણમા અમેરિકાની પરોક્ષ રીતે ટીકા કરી હતી. તેના જવાબમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે અમારા પડોશી દેશે અમારો આભાર માનવો જોઈએ કે તેને અમારી પાસેથી ઘણુ બધુ મફતમાં મળે છે, પણ તે અમારો આભાર માનતું નથી. અમારી ગોલ્ડન ડોમ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ તૈયાર કરવાની યોજના છે. તેનાથી કેનેડાનું પણ રક્ષણ થશે, પરંતુ કાર્ની અમારા આભારી નથી. કેનેડાનું અસ્તિત્વ જ અમારા કારણે છે તે કાર્ની આગામી વખતે અમેરિકા વિરુદ્ધ બોલે ત્યારે યાદ રાખે.

ટ્રમ્પે યુરોપીયન દેશોની પણ આકરી ઝાટકણી કાઢતા તેમની દુઃખતી રગ પર હાથ મુક્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે આજે બીજા વિશ્વયુદ્ધમાં પોતાની સ્વતંત્રતા કરી ન શકનારા યુરોપીયન દેશો આજે અમારા જેવી મહાસત્તાને પડકારવાની વાતો કરે છે તે ખૂબ જ હાસ્યાસ્પદ લાગે છે. જો તેઓ તેમની સ્વતંત્રતાનું રક્ષણ કરવામાં સક્ષમ હોત તો તેમણે અમારી સાથે મળીને નાટો બનાવવું પડયું ન હોત વાસ્તવમાં તો તેઓ આજે જે સ્વતંત્રતા ભોગવે છે તે માટે તેમણે અમેરિકાનો આભાર માનવો જોઈએ.

ગૌરવ — અવકાશમાંથી જ્યારે તમે પૃથ્વીને જુઓ ત્યારે દલીલો કરતાં માણસો હાસ્યાસ્પદ લાગે છે: સુનિતા વિલિયમ્સ

## નાસામાં 27 વર્ષની જ્વલંત કારકિર્દી બાદ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ નિવૃત્ત

### ત્રણ સ્પેસ સ્ટેશન મિશનમાં 608 દિવસ અવકાશમાં વીતાવવાનો વિક્રમ

કેપ કેનેવરલ : ૬૦ વર્ષના સુનિતા વિલિયમ્સ નાસામાં ૨૭ વર્ષની જ્વલંત કારકિર્દી બાદ ૨૭ ડિસેમ્બર ૨૦૨૫થી અમલમાં આવે એ રીતે નિવૃત્ત થયા હોવાની જાહેરાત નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન-એનએએસએ-નાસા-એ મંગળવારે કરી હતી. હાલ ભારતનો પ્રવાસ કરી રહેલાં સુનિતા વિલિયમ્સને નાસાના નવા વહીવટદાર જેર્ડ ઈસાકમેને નિવૃત્ત જીવન માટે મુબારકબાદી આપી હતી. નવી દિલ્હીમાં અમેરિકન સેન્ટરમાં એક ઈન્ટર એક્ટિવ કાર્યક્રમ આઈઝ ઓન ધ સ્ટાર્સ, ફીટ ઓન ધ ગ્રાઉન્ડમાં ભાગ લેતાં સુનિતા વિલિયમ્સની ઓળખ નિવૃત્ત નાસા અવકાશયાત્રી અને નિવૃત્ત યુએસ નેવી કેપ્ટન તરીકે આપવામાં આવી હતી.

દિલ્હીમાં અમેરિકન સેન્ટરમાં યોજાયેલાં કાર્યક્રમમાં સુનિતા વિલિયમ્સે જણાવ્યું હતું કે સ્પેસ ટ્રાવેલ એ ટીમ સ્પોર્ટનું ઉત્તમ ઉદાહરણ છે. આપણો એક ગ્રહ પૃથ્વી અને આપણે તેના નિવાસીઓ છીએ. તેથી બધાં દેશોએ સાથે મળી કામ કરવું જરૂરી છે. સ્પેસ ટ્રાવેલ કરવાથી મારો જીવન પ્રત્યે જોવાનો અભિગમ બદલાઈ ગયો છે. જ્યારે તમે સ્પેસમાંથી એક ગ્રહ પૃથ્વી પર નજર કરો ત્યારે તમને વિવિધ મુદ્દાઓ પર દલીલો કરતાં માણસો હાસ્યાસ્પદ લાગવા માંડે છે.

બોઈંગના સ્ટાર લાઈનર અવકાશયાનમાં શરૂઆતમાં આઠ દિવસની ટેસ્ટ ફલાઈટ કેવી રીતે નવ મહિના લાંબી યાત્રા બની રહી તેના અનુભવો વર્ણવતાં સુનિતા વિલિયમ્સે જણાવ્યું હતું કે સ્પેસ ટ્રાવેલ તો ટીમ સ્પોર્ટનું ઉત્તમ ઉદાહરણ છે. સુનિતાએ જણાવ્યું હતું કે જ્યારે તમે સ્પેસમાં જાવ ત્યારે તમે પોતાના હોમને શોધતાં હો છો. મારા પિતા ભારતમાંથી અને મારી માતા સ્લોવેનિયામાંથી આવી હોઈ હું આ સ્થળોને હોમ ગણું છું. સુનિતાએ જણાવ્યું હતું કે હોમની આ શોધ આખરે તો પૃથ્વીની એકતામાં પરિણમે છે. આપણો ગ્રહ જીવંત છે. કેટલાંક લોકો એમ માને છે કે પૃથ્વી પર તો માત્ર ખડકો જ છે. પણ પૃથ્વી ફરે છે. હું તેના પર બદલાતી મોસમો, લીલને કારણે મહાસાગરના બદલાતાં રંગો અને ઉત્તરમાં બરફને જામતો જોઈ શકતી હતી. આ સુંદર પૃથ્વીને સ્પેસમાંથી જોવાથી જીવન પ્રત્યે જોવાની તમારી દૃષ્ટિ બદલાઈ જાય છે. તમને એવું લાગે છે કે આપણે બધાં એક છીએ અને આપણે સાથે મળી કામ કરવું જોઈએ. અને તમને એવું લાગે છે કે કોઈએ શા માટે કોઈ બાબતે દલીલો કરવી જોઈએ. હું પણ પરણેલી છું અને મારા પતિ સાથે દલીલો કરૂ છું. આમ, મને દલીલો કરવી એટલે શું તે મને સમજાય છે પણ અવકાશમાંથી પૃથ્વી પર નજર કરો તો આ દલીલો હાસ્યાસ્પદ લાગે છે. જ્યારે શ્રોતાઓમાંથી એક જણે પૂછયું કે તમને શાનો ડર લાગે છે ત્યારે સુનિતાએ જણાવ્યુંહતું કે હજી મને ઘણી બાબતોનો ડર લાગે છે. દાખલા તરીકે હું જ્યાં રહું છું ત્યાં રીંછ આવે છે. મને તેમને જગાડતાં ડર લાગે છે. આમ, તમારે બ્રહ્માંડમાં અને પૃથ્વી પર તમારું સ્થાન સમજી તમારી આજુબાજુના પ્રાણીઓ ભણી આદરભર્યું વર્તન કરવું જોઈએ.

## તેલંગાણામાં એક બાદ એક 600 કૂતરાઓના મોતથી ખળભળાટ!

• હૈદરાબાદ

તેલંગાણાના વિવિધ જિલ્લાઓમાં અબોલ જીવો પ્રત્યેની ક્રૂરતાની પરાકાષ્ઠા સમાન એક ઘટના સામે આવી છે. રખડતા શ્વાનોના ત્રાસથી મુક્તિ અપાવવાના નામે ગ્રામ પંચાયતો દ્વારા સેંકડો નિર્દોષ શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપીને મોતના ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે.

તાજેતરની ઘટના રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં બની છે, જ્યાં અંદાજે 100 શ્વાનોની હત્યાના આરોપમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. રંગારેડ્ડી જિલ્લાના યાચરમ ગામમાં 19 જાન્યુઆરીના રોજ આશરે 100 જેટલા રખડતા શ્વાનોને ઝેરી ઈન્જેક્શન આપી મારી નાખવામાં આવ્યા હતા.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓએ પ્રતિભાના દર્શન કરાવ્યા

## સંસ્કારદીપ વિદ્યાલયમાં 'સ્મૃતિપર્વ– ૨૦૨૬'ની ભવ્ય ઉજવણી

• અંકલેશ્વર

અંકલેશ્વરની જાણીતી શૈક્ષણિક સંસ્થા પી.ડી. શ્રોફ સંસ્કારદીપ વિદ્યાલય ખાતે સ્વ. ડી.એ. આણંદપુરાની જન્મજયંતિ નિમિત્તે 'સ્મૃતિપર્વ-૨૦૨૬'નું ગરિમાપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણની સાથે સંસ્કાર અને સામાજિક મૂલ્યોના સિંચન માટે યોજાયેલા આ પર્વનો પ્રારંભ સ્વ. આણંદપુરાના ચિત્ર પર પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવ્યો હતો. આ પર્વ અંતર્ગત યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની અદભૂત કલા અને વાકચાતુર્યનું પ્રદર્શન કર્યું હતું.

સ્મૃતિપર્વ દરમિયાન વક્તૃત્વ સ્પર્ધા, કાવ્યપાઠ અને સંસ્કાર લક્ષી સાંસ્કૃતિક રજૂઆતોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. વિદ્યાર્થીઓએ આ સ્પર્ધાઓના માધ્યમથી સ્વ. ડી.એ. આણંદપુરાના જીવન મૂલ્યોને વાચા આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન એન.કે. નાવડીયા, મંત્રી હિતેન આણંદપુરા, ટ્રસ્ટી ચંદુ કોઠીયા અને ખજાનચી



ગીતા શ્રીવત્સન સહિતના અગ્રણીઓએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. શાળા પરિવાર દ્વારા આ આયોજનને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# નેત્રંગમાં લગ્ન પૂર્વે જ માતમઃ મંગેતરને લેવા ગયેલા યુવકનું ટ્રકની અડફેટે મોત, ગાલિબા ગામ પાસે સર્જાયો અકસ્માત

નેત્રંગ : નેત્રંગ તાલુકાના ગાલિબા ગામ પાસે એક અકસ્માતમાં ૨૪ વર્ષીય આશાસ્પદ યુવકે જીવ ગુમાવતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ગાલિબા ગામના હેમલતકુમાર વસાવા પોતાની મંગેતર સ્નેહાબેનને સાસરેથી પરત લઈ આવી રહ્યા હતા, ત્યારે ગામ નજીક જ એક બેફામ દોડતી ટ્રકે તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં હેમલતકુમારને ગંભીર ઈજાઓ પહોંચતા રાજપીપળા હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું, જ્યારે તેમની મંગેતરને પણ ઈજાઓ પહોંચી છે.

ઘટના બાદ ટ્રક ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. મૃતકના ભાઈએ આ અંગે નેત્રંગ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, હજુ ૧૯મી તારીખે જ ભોટનગર પાસે અન્ય એક અકસ્માતમાં પણ એક યુવકનું મોત નીપજ્યું હતું. આમ, નેત્રંગ વિસ્તારમાં માત્ર બે જ દિવસમાં બે યુવાનોના અકાળે અવસાન થતા અનેક પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

વિરોધ

## અરવિંદ કેજરીવાલે ખેસ પહેરાવી આપમાં જોડ્યા

# કોંગ્રેસ છોડીને ભાજપાનો ખેસ પહેરનારા નર્મદાના લઘુમતી સમાજના આગેવાન ઈમ્તિયાઝ કાદરીએ ભાજપા સાથે છેડો ફાડી આપ માં જોડાયા

**ટૂંક સમયમાં 500 કાર્યકરો આપમાં જોડાશે : પ્રદેશ કક્ષાના હોદ્દાના આગેવાનને કોઈ જવાદબારી કે માન સન્માન ન જળવાતા ભાજપા છોડ્યું- ઈમ્તિયાઝ કાદરી**

• અમદાવાદ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરીટી સેલના વર્કિંગના ચેરમેન કાદરી ઈમ્તિયાઝ અલી આગેવાન કોંગ્રેસ અને ભાજપનો છેડો ફાડીને હવે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાની આગેવાનીમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના માજી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના હસ્તે આમ આદમી પાર્ટી માં જોડાઈ ગયા છે.આ અગાઉ ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવા પણ ભાજપા છોડીને આપમાં જોડાઈ ગયા છે. ભાજપની જે સત્તાધારી પાર્ટી છે તેમાં નર્મદામાં છેલ્લા ઘણા વખતથી જુના પાયાના કાર્યકરો ભાજપા પાર્ટીમાં નારાજગી અનુભવી રહ્યા છે. ભાજપા છોડનારા કાર્યકરો આગેવાનોનું કહેવું છે કે અમારું માન સન્માન જળવાતું નથી. અમારું કોઈ સાંભળતું નથી. અમારા વિસ્તારના લોકોના કામો થતા નથી. તો બીજી તરફ ભાજપા પાર્ટીમાં અંદરોઅંદરની લડાઈ હવે જગ જાહેરથઈ ગઈ છે. ભાજપ ના જ આગેવાનો એક બીજા સામે આક્ષેપ પ્રતિ આક્ષેપો કરી રહ્યાં છે ત્યારે પાર્ટીની ઈમેજ અને નેતાઓ ની ઈમેજ પણ ખરડાઈ રહી છે જેની સીધી અસર સંગઠન પર પડી રહી છે. પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાને હવે લાગ્યું



કે ડેડીયાપાડા વિધાનસભા બેઠક પર ધારાસભ્યનીભાજપની ટિકિટ નહીં મળે.કારણ કે ભાજપા ના દિગ્ગજો ઉપરાંત કોંગ્રેસમાંથી આવેલા હરેશ વસાવા સહીત ના આગેવાનો ધારાસભ્યની ટિકિટ માટે કતારમાં છે.ત્યારે મહેશ વસાવાને ડેડીયાપાડા બેઠક પરથી આપની ટિકિટ મળે તો જીતવાની આશા દેખાય છે.. એટલે ભાજપાને રામ રામ કરી દીધાં છે. રાજકારણમાં કોઈ સેવા કરવા નથી આવતું.દરેક ને હોદ્દા, ટિકિટ અને બીજા લાભો જોઈએ છે. જયા મળે ત્યાં હવે તો કાર્યકરો આગેવાનો દોડી રહ્યાં છે.અને પોતાના ગોડ ફાધરને શરણે જઈ પોતાનું સ્થાન મજબૂત કરવા માં પડ્યા છે. ત્યારે બીટીપી અને ભાજપ છોડીને આપમાં મહેશ વસાવા ને કેટલી સફળતા મળશે એ તો સમય જ બતાવશે. ઈમ્તિયાઝ કાદરી કોંગ્રેસનો છેડો ફાડી ભાજપામાં જોડાયા હતાં. હવે ભાજપામાંbના ફાવ્યું તો હવે લઘુમતી સમાજના નારાજ આગેવાન ઈમ્તિયાઝ કાદરી હવે ભાજપાને રામ રામ કરી આમ આદમી પાર્ટી માં જોડાઈ ગયા છે.

કાદરી ઈમ્તિયાઝ અલી ભાજપામાં ગૂંગળામણ અનુભવી રહ્યાં હતાં. મુલાકાતમાં ઈમ્તિયાઝ કાદરી જણાવે છે કે હાલ જે ભાજપા માં જે ભાંજગડ ચાલે છે.એનાથી તેઓ ખીન્ન છે.ભાજપા નર્મદામાં દિગ્ગજ નેતાઓના ગ્રુપ ચાલી રહ્યા છે.ત્યારે કોની સાથે રહેવું અને કોની સાથે ન રહેવું એની કાર્યકરો મૂંઝવણ અનુભવી રહ્યાં છે.અંદરો અંદરની ખેંચાતાણીમાં આમ જનતાના કામો થતા નથી

હું તો સીઆર પાટીલના હસ્તે ખેસ પહેર્યો તે પહેર્યો પછી મને કોઈ હોદ્દો જ નથી આપ્યો. હું પાર્ટી નો સદસ્ય જ નથી બન્યો એટલે મારે રાજીનામુ આપવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. ઈમ્તિયાઝ કાદરીનું કહેવું છે કે જે દિવસે હું પાર્ટીમાં જોડાયો તે દિવસે વાતચીત કરેલી કે પ્રદેશ લેવલ નો માણસ છું ભાજપામાં પણ મને પ્રદેશ કક્ષાનો હોદ્દો મળવો જોઈએ. પણ એવું કશું થયું નહીં.જયારે પણ ભાજપાની મિટિંગ હોય કે કોઈ મોટા કાર્યક્રમ હોય ત્યારે પણ મને પાર્ટીએ યાદ સુદ્ધા કર્યા નથી. હું ભાજપા માં 200 કાર્યકરો સાથે જોડાયો હતો હવે અલગથી બીજા કાર્યક્રમમાં 500થી વધુ કાર્યકરો સાથે આપમાં જોડશું. એવી પોતાની પ્રતિક્રિયા આપી હતી.ત્યારે હવે ભાજપામાં જોડાનારા કાર્યકરો, આગેવાનો વધુ રાજીનામાં પડે કે પક્ષ છોડવાની નોબત આવે તે પહેલા ભાજપે પણ મનો મંથન કરવાની જરૂર છે કે કારણ કે નજીક ના દિવસોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક આવી રહી છે.ત્યારે આવા ઘણા નવા દ્રશ્યો જોવા મળે તો નવાઈ નહીં

**આ સિદ્ધિ અડગ સંકલ્પ, આત્મવિશ્વાસ અને શિક્ષણની પરિવર્તનકારી શક્તિનું ગૌરવભર્યું પ્રતિબિંબ**

# સંઘર્ષથી સિદ્ધિ સુધી ડૉ. કુંજન કે. પાટડિયાનું શિક્ષણ દ્વારા જીવનનું પુનર્નિર્માણ



• અમદાવાદ

અમદાવાદમાં જન્મેલા અને ઉછરેલા નિવૃત્ત આઈપીએસ અધિકારી કે. ડી. પાટડિયાની પુત્રી ડૉ. કુંજન કે. પાટડિયા આજે એનું જીવંત ઉદાહરણ છે કે શિક્ષણ માત્ર કારકિર્દી નહીં, પરંતુ સમગ્ર જીવનને ફરીથી ઘડી શકે છે. બાળપણથી જ તેજસ્વી વિદ્યાર્થી રહેલા ડૉ. કુંજન કે. પાટડિયાએ નાની ઉંમરે લગ્ન કર્યા, પરંતુ ત્યારબાદ જીવનસાથીની ગંભીર દારૂની લત, માનસિક તથા શારીરિક શોષણ અને અસહાયક વૈવાહિક વાતાવરણ વચ્ચે જીવન અત્યંત કઠિન બની ગયું.આવા સંજોગોમાં આત્મદયા કે પીડિત ભાવના અપનાવવાને બદલે, ડૉ. કુંજન કે. પાટડિયાએ ચેતન અને દ્રઢ નિર્ણય લીધો. તેમણે જીવનના સૌથી અંધકારમય સમયને પોતાના વિશ્વાસ અને ભવિષ્યના નિર્માણ માટે ઈંધણ બનાવ્યો. તેમનો આ વિશ્વાસ તેમના જીવનમંત્રમાં સ્પષ્ટ દેખાય છે: "તેણે માન્યું કે તે કરી શકે છે, અને તેણે કરી બતાવ્યું."સ્વાભિમાન અને આત્મગૌરવને પ્રાથમિકતા આપીને ડૉ. કુંજન કે. પાટડિયાએ અલગ થવાનો નિર્ણય લીધો અને શિક્ષણ તરફ ફરી વળ્યા. જીવનસાથી તરફથી કોઈ સહયોગ વિના, બે દીકરીઓની જવાબદારી અને વૃદ્ધ માતા પિતાની સંભાળ સાથે તેમણે અડગ નિશ્ચયથી અભ્યાસ આગળ વધાર્યો. તેમણે દ્વિ સ્નાતક બી.એ. અને બી.એડ., દ્વિ સ્નાતકોત્તર એમ.એ. અને એમ.એડ. પૂર્ણ કર્યા અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાથી અંગ્રેજી વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.આ સમગ્ર જીવનપ્રવાસ દરમિયાન ડૉ. કુંજન કે. પાટડિયા તેમના માતા પિતાના અડગ સહયોગ અને વિશ્વાસને કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે છે. ખાસ કરીને જીવનના સૌથી કઠિન સમયગાળામાં તેમની ક્ષમતાઓ પર માતા પિતાનો અવિચલ વિશ્વાસ જ તેમના માટે મજબૂત ભાવનાત્મક આધાર બન્યો.તેમની શૈક્ષણિક સિદ્ધિઓ સાથેસાથે તેમણે સતત વ્યાવસાયિક જવાબદારીઓ પણ નિભાવી. સ્નાતકોત્તર અભ્યાસ દરમિયાન તેમણે કેમ્બ્રિજ, આઈબી, સીઆઈએસસીઈ અને આઈજીસીઈ જેવી આંતરરાષ્ટ્રીય શાળા પદ્ધતિઓમાં શિક્ષણ કાર્ય કર્યું. પીએચ.ડી. દરમિયાન તેમણે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ કર્યો અને વર્ષ 2021થી સહાયક પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે.ડૉ. કુંજન કે. પાટડિયાએ યુજીસી નેટ (શિક્ષણ), જીસેટ (શિક્ષણ અને અંગ્રેજી) અને સીટેટ જેવી પ્રતિષ્ઠિત પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરી છે. હાલમાં તેઓ બી.એડ. કાર્યક્રમમાં અંગ્રેજી પેડાગોજીના સહાયક પ્રાધ્યાપક તરીકે કાર્યરત છે અને શાળા તથા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.શૈક્ષણિક કાર્યની બહાર, ડૉ. કુંજન કે. પાટડિયા એવા શિક્ષક તરીકે ઓળખાય છે જે વિદ્યાર્થીઓના જીવનને ઊંડે સ્પર્શે છે. વિદ્યાર્થીઓ તેમને "અવેતન થેરાપિસ્ટ", "લાઈટ વર્કર" અને "સોલ વોરિયર" તરીકે ઓળખે છે. તેમની પ્રથમ બેચના વિદ્યાર્થીઓ આજે પણ માર્ગદર્શન અને આત્મચિંતન માટે તેમની સાથે જોડાયેલા રહે છે, જે તેમની સમર્પિત ભાવનાનું સ્પષ્ટ પ્રમાણ છે.એજ્યુકેશન સ્પોટ માટે કોલમ લેખિકા તરીકે પણ કાર્યરત ડૉ. કુંજન કે. પાટડિયાનું માનવું છે કે પરિસ્થિતિઓ વ્યક્તિની ક્ષમતાને મર્યાદિત કરી શકતી નથી, શિક્ષણ જીવનને નવી દિશા આપી શકે છે.આ લેખનો મુખ્ય હેતુ ડૉ. કુંજન કે. પાટડિયાને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા જેવી દેશની અગ્રણી અને સૌથી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન ધરાવતી સંસ્થામાંથી અંગ્રેજી વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરવા અભિનંદનસભર શુભેચ્છા પાઠવવાનો છે. તેમની આ સિદ્ધિ અડગ સંકલ્પ, આત્મવિશ્વાસ અને શિક્ષણની પરિવર્તનકારી શક્તિનું ગૌરવભર્યું પ્રતિબિંબ છે.

# મર્ડર અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા રીઢા આરોપીની ધરપકડ

## ડાંગ જિલ્લા પોલીસ ની મોટી સફળતા

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે પોલીસે એક મોટી સફળતા મેળવતા, અપહરણ અને પોક્સો (POCSO) જેવા ગંભીર ગુનામાં નાસતા-ફરતા અને અગાઉ મર્ડર જેવા ગુનામાં સંડોવાયેલા રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ (IPS) અને ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવ(IPS)ની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ આ કામગીરી કરવામાં આવી છે. ઘટનાની વિગતગતતારીખ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ આહવા પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ ૮૭ અને ૧૩૭(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપી ગીરીશભાઈ સોનજુભાઈ બાગુલ (રહે. મોરઝીરા ગામ, મુરંબારી ફળીયુ, તા. આહવા) એ એક સગીરાને લગ્નની લાલચ આપી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. આ મામલે આહવા પોલીસે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસની વ્યૂહરચના અને ધરપકડ આરોપીને પકડવા માટે આહવા પોલીસ



સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પટેલ દ્વારા ખાસ ટીમોની રચના કરવામાં આવી હતી. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ એનાલિસિસ (મોબાઈલ લોકેશન અને અન્ય નેટવર્ક) નો ઉપયોગ કરીને આરોપીનો પીછો કર્યો હતો. આખરે, ચોક્કસ બાતમીના આધારે પોલીસે આરોપી ગીરીશ બાગુલને નવસારી જિલ્લાના ખાટાઆંબા ગામેથી દબોચી લીધો હતોઝડપાયેલ આરોપી ગીરીશ બાગુલ રીઢો ગુનેગાર હોવાનું સામે આવ્યું છે. તેની સામે અગાઉ નીચે મુજબના ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે:

* વર્ષ ૨૦૧૪: આહવા પોલીસ સ્ટેશનમાં હત્યા (કલમ ૩૦૨) નો ગુનો.

* વર્ષ ૨૦૧૯: મહિલા પોલીસ સ્ટેશનમાં અપહરણ અને પોક્સો એક્ટ (કલમ ૪, ૫, ૬) હેઠળનો ગુનો.

* વર્ષ ૨૦૨૫: હાલનો અપહરણનો ગુનો.

પ્રશંસનીય કામગીરી કરનાર ટીમ આ ઓપરેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર આર.એસ. પટેલની સાથે વુમન એ.એસ. આઈ. નયનાબેન જયસીંગભાઈ, પોલીસ કોન્સ્ટેબલ રણજીતભાઈ ધનજીભાઈ તથા પ્રકાશ સાધુરામભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ગાંધીનગર કલેક્ટર મેહુલ દવેની પાટનાકુવા આરોગ્ય કચેરીની ઓચિંતી મુલાકાત

## પ્રશ્નોની સીધી રજૂઆત કરવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો

• જયંતિભાઈ પટેલ
દહેગામ ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે દ્વારા આજે દહેગામ તાલુકાના પાટનાકુવા ગામમાં આવેલી આરોગ્ય કચેરીની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી. વહીવટી તંત્રની કાર્યક્ષમતા તપાસવા અને ગ્રામ્ય સ્તરે આરોગ્ય સેવાઓની સ્થિતિ જાણવા માટે કલેકટરશ્રીએ આ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કલેકટરશ્રી એ આરોગ્ય કેન્દ્રના વિવિધ વિભાગોનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ત્યાં સારવાર લઈ રહેલા દર્દીઓની વ્યક્તિગત મુલાકાત લઈ તેમના ખબર-અંતર પૂછ્યા હતા અને તેમને મળી રહેલી સારવાર તેમજ દવાઓ અંગે પૃચ્છા કરી હતી. કલેકટરશ્રીએ આરોગ્ય કેન્દ્રમાં દવાનો જથ્થો, સ્ટાફની હાજરી અને સ્વચ્છતા બાબતે જરૂરી સૂચનાઓ આપી હતી. આરોગ્ય કેન્દ્રની મુલાકાત બાદ કલેકટર મેહુલ દવેએ પાટનાકુવા ગામના સરપંચશ્રી અને ગ્રામજનો સાથે એક ખાસ બેઠક યોજી હતી. આ મિટિંગમાં તેમણે ગામના વિકાસના કામો, સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે છે કે કેમ અને ગ્રામજનોને પડતી મુશ્કેલીઓ અંગે વિગતવાર ચર્ચા કરી હતી. આ પ્રસંગે કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, 'ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવા મળે તે સરકારની પ્રાથમિકતા છે. પાટનાકુવા ગામની મુલાકાતનો હેતુ વહીવટી પારદર્શિતા વધારવાનો અને લોકોની સમસ્યાઓને પ્રત્યક્ષ સાંભળવાનો છે.'સરપંચ અને ગ્રામજનોએ કલેકટરશ્રીની આ સક્રિયતાને આવકારી હતી અને ગામના પ્રશ્નોની સીધી રજૂઆત કરવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# થરાદ APMC ખાતે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળી કચેરીનું ભવ્ય ઉદ્ઘાટન



• થરાદ પ્રધાનજી ઠાકોર

થરાદ શહેર ખાતે આવેલી એ.પી.એમ.સી. માર્કેટ યાર્ડમાં જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીની કચેરીનું આજે ભવ્ય રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રનાઅધિકારીઓ,માર્કેટકમિટીનાપદાધિકારીઓ,વેપારીઓ તેમજ ખેડૂત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ જણાવ્યું હતું કે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીની કચેરી શરૂ થવાથી સહકારી સંસ્થાઓના કાર્યમાં વધુ સરળતા અને ઝડપ આવશે. સાથે સાથે ખેડૂતો તથા સહકારી મંડળીઓને પારદર્શક અને સમયસર સેવાઓ પ્રાપ્ત થશે. ખાસ કરીને વાવ-થરાદ વિસ્તારના ખેડૂતોને હવે સહકારી સંબંધિત જિલ્લાકક્ષાની કામગીરી માટે દૂર જવું નહીં પડે અને સ્થાનિક સ્તરે જ તમામ સેવાઓ ઉપલબ્ધ બનશે.

**મહીસાગર જિલ્લાના મસમોટા 123 કરોડના નળ સે જળ કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચને મળી વધુ એક સફળતા**

# વાસ્મોના મહીસાગર ખાતેની કચેરીમાં કામ કરતા 4 કર્મચારીઓની કરી ધરપકડ



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

વાસ્મોમાં સોશિયલ કર્મચારી તરીકે ભાવતા હતા ફરજ તેઓની કામગીરી લોકો સાથે સંપર્ક કરવો સમજાવવા અને સરપંચોને મદદ કરવી વિગેરે4 કર્મચારીઓ પાસે જુદાજુદા 4 તાલુકાનો હતો ચાર્જ ખાનપુર,લુણાવાડા,કડાણા અને સંતરામપુર તાલુકાનો હતો ચાર્જચારે સોશિયલ કર્મચારીઓ કરાર આધારિત કર્મચારીઓ હતા1) ગીરીશકુમાર જયંતિલાલ વાળંદ2) જનાર્દન ઈશ્વરભાઈ પટેલ3) મહેન્દ્રકુમાર ભાનુભાઈ રાઠોડ 4) નાથાભાઈ લાલાભાઈ ડામોર ચારે કર્મચારીઓને સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યાઆ કર્મચારીઓએ સરપંચો પાસે કોરા લેટરપેડ લઈ ફંડની માંગણી કરી હતી અને ખોટી સહીઓ કરી હતી22 જૂને હાલના વાસ્મો યુનિટ મેનેજર ગિરીશ અગોલાએ બરોડા ખાતે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવી હતી ફરિયાદસીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે અત્યારસુધીમાં મુખ્ય 12 તત્કાલીન કર્મચારી પૈકી 4 કર્મચારી તેમજ કૌભાંડમાં સંડોવાયેલા 111 ઈજારેદારો પૈકી 14 ઈજારદાર એમ મળી કુલ 18 કૌભાંડીઓને ઝડપી પાડ્યા છે સીઆઈડીએ ફરિયાદમાં નામ છે એ સિવાયના અન્ય 4 કર્મચારીઓને ઝડપી પાડ્યા અત્યારસુધીમાં આ કર્મચારીઓ સહિત કુલ 22 લોકોની થઈ ચૂકી છે ધરપકડઆ કેસમાં અત્યારસુધીમાં 20 કૌભાંડીઓ આગોતરા જામીન માટે અરજી કરી ચૂક્યા છે જેમાંથી 18ની અરજી કોર્ટે ફગાવી નામંજૂર કરી છે બે ને શરતી જમીન હાઈકોર્ટે આપ્યા છે

# રાણપુરની જર્જરીત સરકારી હોસ્પિટલની પ્રાંત અધિકારીએ મુલાકાત લીધી

### નવી જગ્યાએ ખસેડવા અને નવી બનાવવા અધિકારીઓ સાથે બેઠક યોજી



• વિપુલ લુહાર,રાણપુર


બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં આવેલ જર્જરિત સામૂહિક આરોગ્ય કેન્દ્ર (સરકારી હોસ્પિટલ) ખાતે બરવાળા પ્રાંત અધિકારી એસ.વી. ચૌધરીએ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ જર્જરિત હોસ્પિટલને નવી બનાવવાની અને તેને અન્ય સ્થળે સ્થળાંતર કરવાની યોજના અંગે ચર્ચા કરવાનો હતો.પ્રાંત અધિકારીએ હોસ્પિટલના ડોકટરો, રાણપુર મામલતદાર કે.બી. ગોહીલ અને વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં રાણપુરના જાણીતા ડોકટરો જગદીશભાઈ પંડ્યા અને ચંદ્રેશભાઈ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન, જર્જરિત સરકારી હોસ્પિટલને નવી જગ્યાએ ખસેડવા અને તેનું નવનિર્માણ કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, રાણપુર શહેરમાં એક નાની હોસ્પિટલ ચાલુ રાખવા અંગે પણ વિચારણા કરવામાં આવી હતી, જેથી સ્થાનિક લોકોને આરોગ્ય સેવાઓ મળતી રહે..

### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 92871.21 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 43501 પોઇન્ટના સ્તરે

# સોના-ચાંદીમાં તેજીની આગેકૂચ: એમસીએક્સ પર સોનાનો વાયદો રૂ.7115 અને ચાંદીનો વાયદો રૂ.9104 ઊછળ્યો

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.52ની વૃદ્ધિ: કોમોડિટી વાયદાઓમાં રૂ.109544.87 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.318366.24 કરોડનું ટર્નઓવર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.427918.3 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.109544.87 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.318366.24 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો 43501 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.9974.46 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 92871.21 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.151575ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.158339 અને નીચામાં રૂ.151575ના સ્તરને સ્પર્શી, રૂ.150565ના આગલા બંધ સામે રૂ.7115 વધી રૂ.157680ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો 8 ગ્રામદીઠ રૂ.9444 વધી રૂ.132401ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-




પેટલ જાન્યુઆરી વાયદો 1 ગ્રામદીઠ રૂ.1300 વધી રૂ.16706ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.7442 વધી રૂ.157926ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો 10 ગ્રામદીઠ રૂ.152034ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159500 અને નીચામાં રૂ.152034ના સ્તરને સ્પર્શી, રૂ.151113ના આગલા બંધ સામે રૂ.8013 વધી રૂ.159126 થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.322566ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.335521 અને નીચામાં રૂ.320007ના મથાળે અથડાઈ, રૂ.323672ના આગલા બંધ સામે રૂ.9104 વધી રૂ.332776ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.9510 વધી રૂ.336111ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.9551 વધી રૂ.336169ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4741.59 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.16.85 વધી રૂ.1302.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો રૂ.3.15 વધી રૂ.314.5ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.1.95 વધી રૂ.316.7ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો રૂ.2.9 વધી રૂ.192.85ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 11526.18 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4041ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4052 અને નીચામાં રૂ.3982ના મથાળે અથડાઈ, રૂ.36 ઘટી રૂ.4021ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.5480ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5576 અને નીચામાં રૂ.5455ના મથાળે અથડાઈ, રૂ.5517ના આગલા બંધ સામે રૂ.52 વધી રૂ.5569ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.52 વધી રૂ.5569 થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.72.1 વધી રૂ.423.1 થયો હતો.

### કુતિયાણા પો.સ્ટે.માં નોંધાયેલ ૨૦૨૧ના અજાણ્યા આધેડની હત્યામાં એલ.સી.બી.ની મોટી સફળતા

# પોરબંદર એલ.સી.બી.એ પાંચ વર્ષ જૂના અનડીટેકટ મર્ડર કેસનો ભેદ ઉકેલ્યો

• વિરમભાઈ કે. આગઠ

કુતિયાણા પોલીસ સ્ટેશનમાં સને ૨૦૨૧ની સાલમાં નોંધાયેલ અજાણ્યા આધેડ ઉંમરના પુરૂષના અનડીટેકટ મર્ડર કેસનો ભેદ પોરબંદર એલ.સી.બી.એ ઉકેલી મોટી સફળતા મેળવી છે. એલ.સી.બી. પોલીસે ટેકનિકલ તપાસ, CCTV ફૂટેજ તથા કોલ ડિટેલ રેકોર્ડ્સના આધારે આરોપીને શોધી કાઢી ધોરણસર ઝડપી લીધો છે.ગત તા.૧૬/૦૬/૨૦૨૧ના રોજ ધ્રુવાળા થી ધ્રુવાળા ગામના પાટીયા જતા રસ્તે તળાવની સામે સીમ વિસ્તારમાં આશરે ઉંમર ૪૮ વર્ષના એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. આ અંગે કુતિયાણા પોલીસ સ્ટેશનમાં પ્રથમ અ.મોત નં. ૧૨/૨૦૨૧ સી.આર.પી.સી. કલમ ૧૭૪ મુજબ નોંધ કરવામાં આવી હતી. બાદમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ પરથી ખુલાસો થયો કે મરણજનારને કોઈ પદાર્થ વડે ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો તેમજ દાઢી, ગાલ અને શરીર ઉપરની ઈજાઓના કારણે તેનું મોત થયું હતું. પરિણામે તા.૧૪/૦૭/૨૦૨૧ના રોજ કુતિયાણા પો.સ્ટે. માં ગુ.ર.નં. A-11218004210278/૨૦૨૧ IPC કલમ ૩૦૨, ૨૦૧ તથા G.P.એક્ટ કલમ ૧૩૫ મુજબ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ મર્ડરનો ગુનો નોંધાયો હતો.આ ગુનો છેલ્લા પાંચ વર્ષથી અનડીટેકટ રહેતા જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક શ્રી નિલેશ જાજડીયા (IPS) તથા પોરબંદર પોલીસ અધિક્ષક શ્રી ભગીરથસિંહ જાડેજા (IPS)ના માર્ગદર્શન હેઠળ પોરબંદર એલ.સી.બી. દ્વારા ફરીથી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. એલ.સી.બી.ના ઈન્ચાર્જ પો.ઈન્સ્પેક્ટર શ્રી આર.કે. કાંબરીયા તથા તેમની ટીમે અગાઉ મેળવેલ CCTV ફૂટેજ, કેસ કાગળો અને ટેકનિકલ પુરાવાનો વિગતવાર અભ્યાસ કરી અંગત બાતમીદારો મારફતે તપાસ આગળ વધારી હતી.તપાસ દરમિયાન એલ.સી.બી. સ્ટાફના હેડ કોન્સ્ટેબલ હીમાંશુભાઈ મક્કા, વિરેન્દ્રસિંહ પરમાર તથા કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરાને મળેલ ચોક્કસ ખાનગી માહિતી CCTV તથા કોલ ડિટેલ રેકોર્ડ્સ સાથે સુસંગત જણાતા આરોપી અરજણ ઉર્ફે બીડી પરબતભાઈ કરમટા (ઉ.વ.૩૪), રહે. મેવાસાનેશ, તા. કુતિયાણા, જી. પોરબંદરનું નામ સામે આવ્યું હતું.તપાસમાં બહાર આવ્યું કે આરોપી તા.૧૫/૦૬/૨૦૨૧ના રોજ જુનાગઢ ખાતે અગાઉ થયેલ માથાકૂટના મામલે સામેવાળાને મારવા નીકળ્યો હતો. સામેવાળો ન મળતાં તા.૧૬/૦૬/૨૦૨૧ની રાત્રે જુનાગઢથી પરત ફરતી વખતે દડવા ગામના પાટીયા પાસે જાહેર રોડ પરથી ચાલતા એક અજાણ્યા ઈસમને પોતાની સ્વીફ્ટ ડીઝાયર કાર નં. GJ-06-DQ-1611માં બેસાડી પોતાના ઘરે લઈ ગયો હતો. ત્યાં દારૂના નશાની હાલતમાં દોરી વડે ઝાડ સાથે બાંધી લાકડાના ધોકા વડે આડેધડ માર માર્યો હતો. આખી રાત જમવાનું કે પાણી ન આપીને માર મારતા રહેતા અંતે અજાણ્યા આધેડ ઈસમનું મોત થયું હતું. ત્યારબાદ મૃતદેહને પોતાના ઘરથી ૪-૫ કિ.મી. દૂર ધ્રુવાળા ગામના પાટીયા જતા રસ્તે તળાવની સામે સીમ વિસ્તારમાં ફેંકી દીધો હતો.આ ગુનામાં સંડોવાયેલ આરોપી અરજણ ઉર્ફે બીડી પરબતભાઈ કરમટાને તા.૨૦/૦૧/૨૦૨૬ના રોજ સાંજે ૧૯/૦૦ કલાકે ધોરણસર અટક કરવામાં આવ્યો છે. ગુનામાં વપરાયેલ લાકડાનો ધોકો, કાર સહિતના પુરાવા બાબતે વધુ પૂછપરછ તથા જીણવટભરી તપાસ માટે આરોપીના ત્રણ દિવસના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.પકડાયેલ આરોપી સામે અગાઉ પ્રોહિબિશન, IPC, MV એક્ટ તથા BNS હેઠળ કુલ ૩૦ જેટલા ગુનાહિત કેસો નોંધાયેલા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.આ સમગ્ર કામગીરીમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર.કે. કાંબરીયા તથા એ એસ આઈ બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્રભાઇ જોષી, રણજીતસિંહ દયાતર, મહેશભાઈ શિયાળ, ગોવિંદભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, ઉદયભાઈ વરૂ, હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ, ઉપેન્દ્રસિંહ જાડેજા, હીમાંશુભાઈ મક્કા, કુલદીપસિંહ જાડેજા, વિપુલભાઈ ઝાલા, લક્ષ્મણભાઈ ઓડેદરા, જીતુભાઈ દાસા, વિરેન્દ્રસિંહ પરમાર, મહિલા એ એસ આઈ.લાખીબેન મોકરીયા, રૂપલબેન લખધીર,મહિલા હેડ કોન્સ્ટેબલ નાથીબેન કુછડીયા, પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ, ડ્રા. હેડ કોન્સ્ટેબલ જગમાલભાઈ ભારવાડીયા તથા પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા સહિતના અધિકારી અને કર્મચારીઓ જોડાયા હતા.

# ગઢડાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમ લગ્ન કરેલા દંપતિની વહારે અભયમ ટીમે સમાધાન કરાવ્યું

### બોટાદ અભયમ ટીમની પ્રસંશનીય કામગીરી

• વિપુલ લુહાર,બોટાદ



બોટાદ જીલ્લાના ગઢડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી મધ્યરાત્રિએ એક દંપતીએ 181 અભયમ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી જણાવ્યું હતું કે, સાસરી પરિવાર દ્વારા તેઓને બાળકો સહિત ઝગડો કરી કાઢી મુકવામાં આવેલ છે.ફરિયાદની ટેલીફોનીક જાણ થતાંની સાથે જ 181 ટીમના કાઉન્સેલર ખુશ્બુબેન પટેલ, મહિલા પો.કોન્સ્ટેબલ જયશ્રીબેન જાંબુકિયા તેમજ પાયલોટ અમિતભાઈ તાત્કાલિક ઘટના સ્થળ પર દંપતીની મદદ માટે દોડી ગયેલ હતા.આ દરમિયાન શિયાળાની મધ્યરાત્રિની ઠંડીમાં બાળકો સહીત દંપતી રસ્તા પર આવી જતા જોઈ કુતુહલ સર્જાયું હતું.આ બાબતે અભયમ ટીમ દ્વારા ઘટનાની વિગત મેળવતા જાણવા મળેલ કે દંપતીએ આજથી પાંચ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરેલ હતા. ત્યારબાદ તેઓને સંતાનમાં એક દીકરો (ઉ.વ.ત્રણ વર્ષ) તથા એક દીકરી (સાત મહિના) હાલ છે. પરંતુ પ્રેમલગ્ન કરેલ હોવાથી નારાજ સાસરિયા દ્વારા અવાર નવાર તેઓને માનસિક પ્રતાડિત કરી ઘરમાં સાથે નહીં રાખવા ઝઘડો થતો હતો.આ ઝઘડો હદ વટાવતા સાસરીયા દ્વારા તેઓનો કોઈ હક નથી તેવું કહી મધ્યરાત્રીએ ઘરેથી કાઢી મુકેલ હતા. જેના પગલે અભયમ ટીમ દ્વારા પીડિત દંપતી સાથે તેના સાસરીમાં ગયેલ અને તેમના સાસુ અને જેઠ સાથે વાતચીત કરી મહિલા અને તેના પતિને સાથે રાખી અસરકારક કાઉન્સેલિંગ કરી ઝીણવટપૂર્વક સમસ્યા સમાધાન અંગેની ચર્ચા કરેલ.અંતે પરિણામ સ્વરૂપે ઝઘડાનું સમાધાન કરી મહિલાએ પ્રેમપૂર્વક એના પતિ અને બાળકો સાથે સાસરી પરિવારમાં રહેવાનું નક્કી કરેલ.આમ 181 અભયમ ટીમના અસરકારક પ્રયત્નોથી ઘરેથી બહાર કાઢી મુકેલ દંપતીને સાસરી પરિવાર ભૂતકાળ ભુલાવી સુખદ રીતે અપનાવવા તૈયાર થયેલ હતો. જેના પગલે પીડિત દંપતી દ્વારા પણ 181 અભયમ ટીમ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો...

# પોરબંદર એસ.ટી.ડેપો ખાતે એસ.ટી.બસચાલકો માટે ટ્રાફિક અવેરનેસ સેમિનાર યોજાયો

• વિરમભાઈ કે. આગઠ

દેશભરમાં વધતી જતી માર્ગ અકસ્માતોની સંખ્યાને અંકુશમાં લેવા તેમજ વાહનચાલકો અને રાહદારીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણી કરવામાં આવે છે. તે અન્વયે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત પોરબંદર એસ.ટી. ડેપો ખાતે ટ્રાફિક પોલીસ શાખા અને આર.ટી.ઓ. પોરબંદર દ્વારા સંયુક્ત રીતે પોરબંદર એસ.ટી. બસના ડ્રાઈવરો માટે ટ્રાફિક અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શહેર તેમજ નેશનલ હાઈવે અને ગ્રામ્ય પંથકના માર્ગો પર રોજિંદા જીવનમાં સેવા આપતા એસ.ટી. બસ ડ્રાઈવરોને ટ્રાફિકના નિયમો અંગે વધુ માહિતગાર કરવો તથા માર્ગ સલામતીનું મહત્વ સમજાવવાનો હતો. સેમિનાર દરમિયાન માર્ગ અકસ્માતો કેવી રીતે ટાળી શકાય, સુરક્ષિત ડ્રાઈવિંગ માટે કયા નિયમોનું પાલન જરૂરી છે અને નાની બેદરકારી કેવી રીતે મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. અધિકારીઓ દ્વારા બસચાલકોને ખાસ કરીને સ્પીડ લિમિટનું પાલન, નશાની હાલતમાં વાહન ન ચલાવવું, વાહન ચલાવતા સમયે મોબાઈલનો ઉપયોગ ન કરવો, ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું સહિતના મુદ્દાઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. ટ્રાફિક નિયમોનું પાલન માત્ર દંડથી બચવા માટે નહીં પરંતુ પોતાના તેમજ અન્ય લોકોના જીવનની સુરક્ષા માટે અત્યંત જરૂરી છે–આ બાબત ઉપર અધિકારીઓએ ભારપૂર્વક જણાવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર પી.જી. કુરકુટિયા, જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. કે.બી. ચૌહાણ તેમજ રોડ સેફ્ટી એક્સપર્ટ પ્રતાપભાઈ દેવળિયા સહિતના અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉદાહરણો સાથે માર્ગ સલામતીનું મહત્વ, અકસ્માતો કેવી રીતે ટાળી શકાય અને સુરક્ષિત ડ્રાઈવિંગ માટે સરકાર દ્વારા નક્કી કરાયેલા નિયમોનું પાલન કરવાની વિગતવાર માહિતી આપી હતી.

# ગલકુંડ-પીપલપાડા પંથકમાં વાંદરાનો આતંક, વન વિભાગ દ્વારા સાવચેતીની અપીલ

• આહવા-ડાંગ

ડાંગ જિલ્લાના રેન્જ ફોરેસ્ટ વિસ્તારમાં આવતા ગલકુંડ અને પીપલપાડા સહિતના આજુબાજુના ગામોમાં છેલ્લા કેટલાક સમયથી વાંદરા દ્વારા માણસો પર હુમલો કરવાની ઘટનાઓ સામે આવી રહી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, હિંસક બનેલા વાંદરો અચાનક લોકો પર તૂટી પડી ગંભીર બચકા ભરી રહ્યા છે, જેના કારણે ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે આ ઘટનાઓની ગંભીરતાને ધ્યાને લઈ વન વિભાગ સક્રિય થયું છે. વન વિભાગ દ્વારા સ્થાનિકોને નીચે મુજબની તકેદારી રાખવા જણાવાયું છે:અંતર જાળવો: જો વાંદરો દેખાય તો તેની નજીક જવાનું ટાળવું અને તેને છંછેડવો નહીં.સંપર્ક સાધવો: વાંદરો દેખાય કે કોઈ અઘટિત ઘટના બને તો તાત્કાલિક વન વિભાગનો સંપર્ક કરવો.સાવચેતી: બાળકો અને વૃદ્ધોને એકલા બહાર ન નીકળવા સલાહ આપવામાં આવી છે.વધતા હુમલાઓને કારણે ખેત મજૂરો અને ગ્રામજનોમાં ભય વ્યાપી ગયો છે. હાલમાં વન વિભાગ આ વાંદરાને પાંજરે પૂરવા માટે તજવીજ હાથ ધરી રહ્યું છે જેથી જનજીવન ફરી સામાન્ય બની શકે.

### ઉત્તરાયણ પર્વ પર સરપંચ,ઉપ.સરપંચ,સભ્યોએ સ્ટોલ ઉભો કરી ફાળો એકત્ર કર્યો

# રાણપુર ગ્રામ પંચાયતે પાંજરાપોળ માટે રૂ.2.11 લાખનો ફાળો આપ્યો

• વિપુલ લુહાર,રાણપુર



બોટાદ જિલ્લાના રાણપુર શહેરમાં રાણપુર ગ્રામ પંચાયતે ઉત્તરાયણ પર્વ નિમિત્તે પાંજરાપોળના અબોલ પશુઓ માટે 2,11,101નો ફાળો એકત્ર કર્યો છે. આ ભંડોળ રાણપુર મહાજન પાંજરાપોળને સુપરત કરવામાં આવ્યું હતું.આ ભંડોળ એકત્ર કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા 13 અને 14 જાન્યુઆરીના રોજ પંચાયત બહાર રોડ ઉપર બે દિવસીય સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો. સરપંચ, ઉપસરપંચ, સદસ્યો અને કર્મચારીઓએ શહેરના લોકો પાસેથી આ રકમ એકત્ર કરી હતી. આ ભંડોળ 1500થી વધુ અબોલ પશુઓના ઘાસચારા માટે ઉપયોગી થશે.આજે રાણપુર ગ્રામ પંચાયતના સરપંચ ગોસુભા પરમાર, ઉપસરપંચ દિનેશભાઈ મકવાણા, સદસ્યો અને કર્મચારીઓએ રાણપુર મહાજન પાંજરાપોળના ટ્રસ્ટીઓની હાજરીમાં રૂબરૂ જઈને એકત્રિત થયેલી રકમ પાંજરાપોળને સુપરત કરી.ગ્રામ પંચાયતના આ જીવદયા કાર્ય બદલ પાંજરાપોળના ટ્રસ્ટીઓએ સરપંચ, ઉપ.સરપંચ, સદસ્યો અને કર્મચારીઓનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાણપુર ગ્રામ પંચાયત છેલ્લા નવ વર્ષથી વધુ સમયથી દર વર્ષે ઉત્તરાયણ પર્વ પર અબોલ પશુઓ માટે આ પ્રકારે સ્ટોલ ઊભો કરીને ફાળો એકત્ર કરે છે. આ વર્ષે પણ જીવદયાની ભાવના સાથે આ ભંડોળ એકત્ર કરીને પાંજરાપોળને આપવામાં આવ્યું હતું.

# 18 હોટલ-રેસ્ટોરન્ટમાં દરોડા, વાસી ચટણી અને બળેલા તેલ સહિતના જથ્થાનો નાશ

### ભરૂચ સ્ટેશન વિસ્તારમાં ફૂડ વિભાગનો 'સર્જિકલ સ્ટ્રાઈક':

• ભરૂચ

શહેરના નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરતા એકમો સામે લાલ આંખ કરી ભરૂચ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તથા નગરપાલિકાની સંયુક્ત ટીમે સ્ટેશન વિસ્તારમાં ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું. ટીમે વ્યસ્ત વિસ્તારની ૧૮ જેટલી હોટલો, રેસ્ટોરન્ટો અને ખાણી-પીણીની લારીઓ પર ત્રાટકી રસોડાની સ્વચ્છતા અને ખાદ્ય સામગ્રીની ગુણવત્તાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

તપાસ દરમિયાન અનેક સ્થળોએ હાઈજેનિક પરિસ્થિતિનો સદંતર અભાવ અને ગંદકી જોવા મળતા તંત્રએ કડક કાર્યવાહી કરી હતી.



આ કાર્યવાહીમાં તંત્રએ રસોડામાંથી મળી આવેલી અંદાજે ૧૦ લિટર વાસી ચટણી, ૫ લિટર બળેલું તેલ અને જી વા તવાળા ચોખા સહિતના બિનઆરોગ્યપ્રદ ખોરાકનો સ્થળ પર જ નાશ કર્યો હતો.

ગ્રાહકોના આરોગ્યને જોખમમાં મૂકતા આ તત્વોને કડક લહેજામાં ચેતવણી આપવામાં આવી છે કે જો ભવિષ્યમાં નિયમોનું પાલન નહીં થાય તો એકમો સીલ કરવા સુધીની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## બાલાસિનોર નગરપાલિકા દ્વારા ગંદકી કરનાર સામે દંડકીય કાર્યવાહી

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

શહેરને સ્વચ્છ રાખવાના અભિયાન અંતર્ગત બાલાસિનોર નગરપાલિકાના ચીફ ઓફિસર મિલાપ જે. પટેલ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સાઈડ વિઝિટ (સ્થળ નિરીક્ષણ) કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન જાહેરમાં ગંદકી ફેલાવતા અને કચરો નાખતા આસામીઓ સામે તેમણે લાલ આંખ કરી સ્થળ પર જ દંડ ફટકારવાની સૂચના આપી હતી. તંત્ર દ્વારા કરવામાં આવેલી આ કામગીરીનો મુખ્ય હેતુ નાગરિકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. ચીફ ઓફિસર દ્વારા સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે જે કોઈ પણ નાગરિક કે વેપારી જાહેરમાં કચરો નાખતા અથવા ગંદકી કરતા જણાશે, તેમની સામે આગામી દિવસોમાં પણ કડક દંડકીય કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. નગરપાલિકા દ્વારા તમામ શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે કચરો હંમેશા પાલિકાના કચરા સંગ્રહ કરતા વાહનોમાં જ નાખવો અને શહેરને સુંદર તથા રોગચાળા મુક્ત રાખવામાં વહીવટી તંત્રને સહકાર આપવો.

### વન વિભાગના અનુભવી કર્મચારીઓએ સંપૂર્ણ આયોજનબધ્ધ સાથે કુવાની અંદર ખાટલો બધીને ઉતારવાની કામગીરી શરૂ કરી હતી

# બરડા પંથકના દેગામ ગામે વાડી વિસ્તારના કૂવામાં પડેલા બે શિયાળ ના સફળ રેસ્ક્યુ કરી બચાવી લીધા

### વન વિભાગની ટીમે સતર્કતા દાખવી શિયાળના સફળ રેસ્ક્યુ કરી સલામત કૂવામાંથી બહાર કાઢી નૈસર્ગિક વાતાવરણમાં મુક્ત કર્યા

• વિરમભાઈ કે.આગઠ

પોરબંદર તાલુકાના બરડા પંથકના દેગામ ગામે વાડી વિસ્તારમાં એક કુવામાં કોઈ કારણોસર વન્ય પ્રાણી બે શિયાળ પડી જતા વનવિભાગની ટીમે તેને સફળ રેસ્ક્યુ કરીને સલામત રીતે બહાર કાઢવામાં આવેલા. અને નૈસર્ગિક વાતાવરણમાં સલામત રીતે છોડવામાં આવેલ છે પોરબંદર તાલુકાના બરડા વિસ્તારના દેગામ ગામે પ્રતાપ ભાઈ આર.સુંડાવદરા માલિકના વાડીના કૂવામાં પડેલા વન્ય પ્રાણી શિયાળ ના બચાવના કાર્યમાં માનવતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ સર્જાયું હતું, દેગામ ગામે પ્રતાપભાઈ સુંડાવદર ની સીમ વિસ્તાર ની આવેલ વાડી વિસ્તારના કૂવામાં બે જગ્યાએ શિયાળ પડી જતાં ફસાઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં જ પોરબંદર વન વિભાગની રેસ્ક્યુર ની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી અને શિયાળ ને સુરક્ષિત રીતે બહાર કાઢી તેનું સફળ રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વન વિભાગમાંથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર,ગઈ કાલે તા.૨૦/૦૧/૨૦૨૬ના રોજ બરડા પંથકમાં દેગામ ગામે રહેતા પ્રતાપભાઈ રામદેભાઈ સુંડાવદરા ની વાડીમાં આવેલ કુવામાં આનાયશે અચાનક બે શિયાળ પડી ગયેલ હતા. કુવો ઊંડો હોવાને કારણે શિયાળ બહાર આવી શકતું નહોતું અને કલાકો સુધી તે અંદર જ ફસાઈ રહ્યું હતું.

દેગામના ખેડૂત વાડી માલિક પ્રતાપભાઈ રામદેભાઈ સુંડાવદરા ગઈ કાલે સાંજના ૪:૩૦ વાગ્યાની આસપાસ કુવા તરફ કૂવામાં રહેલ પાણીની મોટર ચાલુ કરવા ગયેલા. અને ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરતા મોટર ચાલુ થયેલ નહી. તેથી કૂવામાં નજર કરતા મોટરના ઈલેક્ટ્રિક વાયરના દોરડા કૂવામાં અધ વચ્ચે તુટેલા દેખાયેલા એટલે કૂવામાં બારીકાઈ થી જોવામાં આવતા બે શિયાળ નજરે પડેલા. એટલે શિયાળ કૂવામાંથી બહાર નિકળવાની કોશિશ ઈલેક્ટ્રિક વાયરના માધ્યમથી કરતા પાવર ચાલુ ન હોવાથી વાયર તોડી નાખેલ પણ શિયાળ ને કોઈ ચોટ આવેલ કે નુકશાની થી બચી ગયેલા અને કૂવામાં દીવાલમાં ખાંચામાં બેસી રહેલા જવા મળતા તુરંત પ્રતાપભાઈ એ સ્થાનિક નિવૃત ફોરેસ્ટર અને મહેર સમાજ દેગામના પ્રમુખ ભીમાભાઈ સુંડાવદરાનો સંપર્ક કરતા તેઓએ સલાહ સૂચના આપી વન વિભાગના સંપર્ક નબર આપતા પ્રતાપભાઈ એ વન વિભાગને સાંજના સમયે ૪:૩૦ કલાકની આસપાસ તાત્કાલિક પરિસ્થિતિની ગંભીરતા સમજીને કોઈપણ વિલંબ કર્યા વિના વન જાણ કરી હતી. વાડી માલિકની સમયસૂચક સમજદારી અને સંવેદનશીલતા કારણે વન્યજીવના પ્રાણ બચાવવાની તક શક્ય બની હતી. વન વિભાગને માહિતી મળતાની સાથે જ નાયબ વન સંરક્ષણ પોરબંદરના રવિ પ્રસાદની સૂચના અને માર્ગદર્શન હેઠળ મદદનીશ વન સંરક્ષણ સુ શ્રી રાજલ પાઠક દ્વારા અપાયેલી સૂચના અને માર્ગદર્શન તળે વન વિભાગના બરડા અભિયારણ્ય વિભાગ ના આર.એફ.ઓ સામતભાઈ આર. ભંમર, વન વિભાગની રેન્ક્યુ ટીમ સાથે ઘટના સ્થળે દેગામ ગામે બનાવવાળી જગ્યાએ પહોંચી હતી. વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ સૌ પ્રથમ તો કુવો ઊંડો હોવાથી તેની બારીકાઈ થી નિરીક્ષણ કરી કઈ રીતે અને સલામત રેસ્કયુ કામગીરી કરી શિયાળને બહાર કાઢવું તે નક્કી કરી ને કામગીરી હાથ માં લીધેલી. અંતે વન વિભાગના અનુભવી કર્મચારીઓએ સંપૂર્ણ આયોજનબધ્ધ સાથે કુવાની અંદર ખાટલો બધીને ઉતારવાની કામગીરી શરૂ કરી હતી. અને ત્યારબાદ રેસ્ક્યુ ટીમના જવાન પણ કૂવામાં ઉતરી અને હેબતાઈ ગયેલ ભયભીત જણાતા શિયાળ ન બે જીવનેબચાવવાની વન વિભાગની ટીમે ધીરજ, સંયમ અને કુશળતાથી કામગીરી આગળ ધપાવી હતી. કલાકના સમયની મહેનત બાદ હેબતાઈ ગયેલ શિયાળના રેસ્ક્યુ કરી સાવધાની પૂર્વક ઉપર ખેંચવામાં આવ્યા અને સુરક્ષિત રીતે કુવામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સમગ્ર રેસ્ક્યુ કામગીરી દરમિયાન વન વિભાગની ટીમે રેસ્ક્યુ ની કુશળતાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. કૂવામાંથી શિયાળ ના બે જીવ બહાર આવતાની સાથે જ વન વિભાગના વેટરનરી ડો.દ્વારા તેની તબીબી તપાસ કરવામાં આવી હતી. તમામ તપાસ બાદ શિયાળને નૈસર્ગિક વાતાવરણમાં સુરક્ષિત સ્થળે લઈ છોડી મૂકવામાં આવેલ હતું. આવી ઘટનામાં બે દિવસ પહેલા રાતીયા ગામેથી દીપડાના બચ્ચાને કૂવામાંથી બહાર કાઢેલ અને ફરી બરડા અભ્યારણ ના બરડા પંથકના દેગામ ગામે બે શિયાળ જીવ કૂવામાંથી સલામત રીતે બહાર કાઢી વાડી માલિક પ્રતાપભાઈ આર.સુંડાવદરની સમયસરની જાણકારી અને વન વિભાગની ઝડપી કામગીરીને કારણે રાતીયા અને દેગામ ગામે મળી બે દિવસમાં ત્રણ વન્ય પ્રાણીઓના નિર્દોષ જીવના જીવન બચી શક્યા છે. વન વિભાગની ટીમની કામગીરી પ્રશંસનીય અને બિરદાવા લાયક રહી છે. આ રેસ્ક્યુની કામગીરીમાં કરનાર ટીમમાં બરડા અભયારણ્યના આર.એફ.ઓ. સામતભાઈ, આર. ભમ્મર પોરબંદર, રેસ્ક્યુ ટીમના સ્ટાફ માં પ્રતીકભાઈ ઓડેદરા, નાગાજણભાઈ મોઢવાડીયા, મયુરભાઈ કોડિયાતર વગેરે જોડાયા હતા.

### સુબીરના બરડા ગામે 'સરકારી મિની પાઈપલાઈન' ખાનગી મિલકત બની?

# ૧૦ વર્ષથી સત્તાધીશ પરિવારનો કબજો, ગરીબો પાણીથી વંચિત

**કબજો જમાવ્યો**

**DGVCL અધિકારીઓ પણ આ મામલે કાર્યવાહી કરશે કે પછી – "ગોલ માલ હે ભાઈ સબ ગોલ માલ હે?"**

• ડાંગ

ડાંગ જિલ્લાના પૂર્વ પટ્ટી વિસ્તારના સુબીર તાલુકાની બીજુરપાડા ગ્રામ પંચાયત હેઠળ આવતા બરડા ગામે વિકાસના દાવાઓ પોકળ સાબિત થતા હોવાના ગંભીર પુરાવાઓ સામે આવ્યા છે,રિપોર્ટર દ્વારા સ્થળ તપાસ કરતા ગામમાં આવેલી સરકારી મિની પાઈપલાઈનનો પાણી સમિતિના પ્રમુખના પરિવાર અને ઉપસરપંચના પરિવાર દ્વારા જાણે પોતાની ખાનગી લાઈન હોય એમ ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યા છે તેમજ આવી લોકચર્ચા પણ છે.ગ્રામજનોનું કહેવું છે કે છેલ્લા લગભગ ૧૦ વર્ષથી વધુ સમયથી આ મિની પાઈપલાઈનનો લાભ માત્ર સત્તાધીશ પરિવારોએ જ લઈ લીધો છે, જ્યારે ગરીબ અને સામાન્ય ગ્રામલોકો આજે પણ પાણી માટે વલખાં મારી રહ્યા છે. ભાજપ સરકાર ગરીબોના વિકાસના મોટા દાવા કરે છે, પરંતુ બરડા ગામમાં ગરીબોને વિકાસનો અનુભવ થયો નથી, જ્યારે સત્તાધીશ વર્ગને તમામ સુવિધાઓ સરળતાથી મળી રહી છે.ગ્રામજનોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે અધિકારીઓ વિકાસના નામે "ખાવાના દાંત અલગ અને બતાવાના દાંત અલગ" જેવી નીતિ અપનાવી રહ્યા છે. સરપંચ દ્વારા પણ આ સમગ્ર બાબત પર આંખ મીંચાઈ રાખવામાં આવી હોવાનું લોકો કહી રહ્યા છે, કારણ કે લાભ લેનારાઓ સત્તાવાળા જ છે. (બોક્સ) DGVCL અધિકારીઓની મિલીભગત? લોકચર્ચા મુજબ, મિની પાઈપલાઈન માટે વિજ મીટર લગાવ્યા વગર રસ્તાના થાંભલા પરથી ગેરકાયદે કનેક્શન લઈ પાણી ઉપાડવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે જો આવું કામ કોઈ ગરીબ વ્યક્તિ કરે તો DGVCL સ્ટાફ તરત મેમો ફટકારે છે, પરંતુ અહીં ૧૦ વર્ષથી વધુ સમયથી અધિકારીઓ મૌન શા માટે છે? ગામલોકોમાં ચર્ચા જોર પકડી રહી છે કે DGVCL અધિકારીઓ પણ આ મામલે કાર્યવાહી કરશે કે પછી – "ગોલ માલ હે ભાઈ સબ ગોલ માલ હે?"



# નગરપાલિકા હોસ્પિટલ ખાતે વિનામૂલ્યે કેન્સર સ્ક્રીનિંગ કેમ્પમાં ઉમટી ભીડ

### અંકલેશ્વરની મહિલાઓ માટે આરોગ્યનું સુરક્ષા કવચ:

• અંકલેશ્વર

મહિલાઓમાં વધતા જતાં કેન્સરના જોખમ સામે જાગૃતિ લાવવા અને વહેલા નિદાનના ઉમદા હેતુથી અંકલેશ્વર નગરપાલિકા હોસ્પિટલ ખાતે ભવ્ય વિનામૂલ્યે કેન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી (ગુજરાત રાજ્ય શાખા) દ્વારા CSR પ્રવૃત્તિના ભાગરૂપે યોજાયેલા આ કેમ્પનો અંકલેશ્વર તાલુકાની સેંકડો મહિલાઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો. આધુનિક તબીબી પદ્ધતિઓ દ્વારા મહિલાઓના સ્વાસ્થ્યની સઘન તપાસ કરી તેમને કેન્સર સામે રક્ષણ મેળવવા સજ્જ કરવામાં આવ્યા હતા.

આ વિશેષ કેમ્પમાં ખાસ કરીને સર્વાઈકલ કેન્સર માટે અત્યંત જરૂરી એવા HPV અને PAP ટેસ્ટ તેમજ બ્રેસ્ટ કેન્સરના નિદાન માટે iBreast Exam જેવી મોંઘી તપાસ તદ્દન નિઃશુલ્ક પૂરી પાડવામાં આવી હતી.



નિષ્ણાત તબીબો દ્વારા કેન્સરના શરૂઆતી લક્ષણો, વહેલી તપાસનું મહત્વ અને સમયસરની સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. નગરપાલિકાના હોદ્દેદારો અને રેડ ક્રોસ સોસાયટીના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલો આ કેમ્પ મહિલાઓના જીવ બચાવવા માટે એક મહત્વપૂર્ણ કદમ સાબિત થયો છે.

# ભરૂચ NH-48 પર શ્રદ્ધા મોટર્સના શોરૂમમાં આગનું તાંડવ



• ભરૂચ

નેશનલ હાઈવે ૪૮ પર વડદલા ગામ પાસે આવેલા શ્રદ્ધા મોટર્સ નામના ફોર-વ્હીલ ગાડીના શોરૂમમાં ગતરોજ ઓચિંતી આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શોરૂમના પેઈન્ટિંગ અને પ્રિન્ટિંગ વિભાગના બૂથમાં સંભવિત શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે. કલરના પેઈન્ટિંગ વાળા બૂથમાં જ્વલનશીલ પદાર્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે શોરૂમમાં હાજર કર્મચારીઓમાં જીવ બચાવવા દોડધામ મચી ગઈ હતી.

આ ચોંકાવનારી ઘટનામાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે, આટલા મોટા શોરૂમમાં આગ પર કાબૂ મેળવવા માટેના પ્રાથમિક ફાયર ફાઈટર સાધનોનો અભાવ જોવા મળ્યો હતો. પ્રથમ દ્રષ્ટિએ સુરક્ષાના સાધનો પૂરતા પ્રમાણમાં ન હોવાને કારણે આગ પર તુરંત નિયંત્રણ લાવી શકાયું નહોતું, જેને પગલે આગનું તાંડવ વધુ ભયાનક બન્યું હતું. હાઈવે જેવા વ્યસ્ત વિસ્તારમાં શોરૂમમાં લાગેલી આ આગને પગલે આસપાસના રહીશો અને વાહનચાલકોમાં પણ ગભરાટ ફેલાયો છે.

## આમોદ પાલિકાના માજી પ્રમુખને 38 લાખ ભરવા કમિશનરનો આદેશ: પાણીની ટાંકીના કામમાં બેદરકારી બદલ આકરી સજા

• આમોદ

આમોદ નગરપાલિકામાં પીવાના પાણીની ટાંકીના નિર્માણ પ્રકરણમાં પ્રાદેશિક કમિશનરે એક કડક અને ઐતિહાસિક ચુકાદો આપી સરકારી નાણાંની સુરક્ષા મામલે લાલ આંખ કરી છે. વર્ષ ૨૦૧૦માં કેન્દ્ર સરકારની યોજના હેઠળ બનેલી પાણીની ટાંકીના કામમાં ગંભીર તકનીકી ખામીઓ હોવા છતાં કોન્ટ્રાક્ટરને નાણાં ચૂકવી દેવા બદલ કમિશનર એસ.ડી. વસાવાએ તત્કાલીન પ્રમુખ સમીમબેન પટેલ પાસેથી ૩૭,૯૯,૬૧૭ની રકમ વસૂલવાનો આદેશ આપ્યો છે.આ ચુકાદાથી લોકપ્રતિનિધિઓની નાણાકીય જવાબદારી મામલે સમગ્ર રાજ્યના વહીવટી વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

તપાસમાં ખૂલ્યું હતું કે ગુજરાત પાણી પુરવઠા બોર્ડના નેગેટિવ રિપોર્ટ છતાં એજન્સીને ચૂકવણી કરી તેની ડિપોઝિટ પણ પરત કરી દેવામાં આવી હતી, જે સરકારી તિજોરીને નુકસાન પહોંચાડનારી ગંભીર બેદરકારી છે. જોકે, માજી પ્રમુખે બચાવમાં દલીલ કરી છે કે આ ટાંકી ૧૨ વર્ષથી અડીખમ છે અને હજારો નાગરિકોને પાણી પહોંચાડે છે. તેમણે ટેકનિકલ જવાબદારી અધિકારીઓની હોવાનું જણાવી આ હુકમ સામે અસંતોષ વ્યક્ત કર્યો છે અને ઉપલી અદાલતમાં અપીલ કરવાની તૈયારી દર્શાવી છે. ચીફ ઓફિસરને રેવન્યુ રાહે આ રકમ તાત્કાલિક વસૂલ કરવાના આદેશને પગલે હવે આગામી દિવસોમાં આમોદનું રાજકારણ ગરમાય તેવા પૂરેપૂરા એંધાણ છે.

### અંકલેશ્વર-વાલિયા રોડ 'ડેથ ઝોન' બન્યો

# ટેન્કરની ટક્કરે બાઈક ચાલકનો ચમત્કારિક બચાવ, રોષે ભરાયેલા લોકોમાં ફોરલેન રોડની પ્રબળ માંગ

• અંકલેશ્વર

અંકલેશ્વર-વાલિયા માર્ગ પર અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે. ગતરોજ વાલિયા ચોકડી નજીક એક બેફામ દોડતા ટેન્કર ચાલકે મેડિકલ તપાસ માટે જઈ રહેલા બાઈક ચાલકને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આનંદ હોટલના વળાંક પાસે બનેલી આ ઘટનામાં મોટરસાઈકલ સવાર મહંમદ અબ્દુલ નૌશાદનો આબાદ બચાવ થયો હતો, પરંતુ આ અકસ્માતે માર્ગ સુરક્ષા અને તંત્રની ઉદાસીનતા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા કર્યા છે. ઘટનાની જાણ થતા જ ૧૧૨ની ટીમ દોડી આવી હતી અને



પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી હતી.

નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સ મ યથી આ માર્ગ પર અકસ્માતો ની હારમાળા સર્જાઈ રહી છે, જેમાં અનેક નિર્દોષ લોકોએ જી વ ગુમાવ્યા છે. થોડા દિવસો પૂર્વે જ આ જ રોડ પર એક આશાસ્પદ યુવાનનું મોત નીપજ્યું હતું. સ ત ત વધતા ટ્રાફિક અને ભારે વા હનોના જમાવડા સામે રોડ સાં ક ડો હોવાથી અકસ્માતો વધી ર હ્યા છે. આ પરિસ્થિતિથી કંટાળે લા સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ સુરક્ષાના હિતમાં આ માર્ગને વહેલી તકે 'ફોરલેન' બનાવવાની ઉગ્ર માંગ કરી છે, જેથી ભવિષ્યમાં સર્જાતી જાનહાનિ અટકાવી શકાય.

# સંતરામપુર ખાતે જિલ્લા પોલીસવડા સફીન હસનના અધ્યક્ષસ્થાને 'તાલુકા સ્વાગત કાર્યક્રમ' યોજાયો



• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકા ખાતે પ્રજાના પડતર પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ જિલ્લા પોલીસવડા સફીન હસનના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ બેઠકનો મુખ્ય હેતુ સ્થાનિક નાગરિકોની સમસ્યાઓને વહીવટી સ્તરે સાંભળીને તેનું યોગ્ય નિવારણ લાવવાનો હતો.

આ કાર્યક્રમ દરમિયાન વિવિધ વિભાગોને લગતા કુલ ૧૦ પ્રશ્નો અરજદારો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. જિલ્લા પોલીસવડા અને ઉપસ્થિત અધિકારીઓએ આ રજૂઆતોને ગંભીરતાથી સાંભળી હતી. જેમાંથી ૦૮ પ્રશ્નોનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો, જેનાથી અરજદારોમાં સંતોષની લાગણી જોવા મળી હતી. જ્યારે બાકી રહેલા ૦૨ પ્રશ્નો વધુ ચર્ચા-વિચારણા અને ટેકનિકલ પાસાઓ ધરાવતા હોવાથી તેને આગામી મહિનાના સ્વાગત કાર્યક્રમ માટે પેન્ડિંગ રાખી જરૂરી કાર્યવાહી કરવા સૂચના અપાઈ હતી.

આ પ્રસંગે સંતરામપુરના પ્રાંત અધિકારી, સંતરામપુર મામલતદાર તેમજ તાલુકાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે જિલ્લા પોલીસવડાએ અધિકારીઓને લોકપ્રશ્નોના ઉકેલમાં ઝડપ લાવવા અને વહીવટી પ્રક્રિયાને વધુ લોકાભિમુખ બનાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

## અમદાવાદ : સહાયક ફાયર સ્ટેશન ઓફિસરની પરીક્ષામાં બહારના પ્રશ્નો પુછાયા : 11 મી ફેબુઆરીએ ફરીથી પરીક્ષા લેવા અંગે કોર્પોરેશને કરેલો નિર્ણય

• અમદાવાદ

અમદાવાદ ફાયર વિભાગ માટે મંગળવારે સહાયક ફાયર સ્ટેશન ઓફિસરની લેખિત પરીક્ષા લેવામા આવી હતી.આ પરીક્ષામાં ૫૦થી વધુ માર્કસના પ્રશ્નો સિલેબસ બહારના પુછાયા હોવાનો ઉમેદવારોએ હોબાળો કરતા કોર્પોરેશને પરીક્ષા રદ કરી ૧૧ ફેબુઆરીએ ફરીથી પરીક્ષા લેવા જાહેરાત કરવી પડી હતી. આઠ જેટલા સહાયક ફાયર સ્ટેશન ઓફિસરની જગ્યા ભરવા લેવાયેલી લેખિત પરીક્ષા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી દ્વારા લેવામા આવી હતી. આઠ જગ્યા માટે ૨૯ જેટલા ઉમેદવારો લેખિત પરીક્ષામાં હાજર રહયા હતા. પરંતુ ૫૦થી વધુ માર્કસનુ સિલેબસ બહારથી પુછવામા આવ્યુ હોવાની બાબતને લઈ ઉમેદવારોએ હોબાળો મચાવ્યો હતો.કોર્પોરેશનના અધિકારીના કહેવા મુજબ, પરીક્ષામાં કેટલાક પ્રશ્ન સિલેબસ બહારથી પુછાયા હોવાથી રદ કરવા નિર્ણય કર્યો છે.

વિરોધ

કોઈ મેડિકલ ઈન્શ્યોરન્સ કે તાત્કાલિક સારવારની વ્યવસ્થા નથી

# કરજણ ટોલ પ્લાઝા પર શ્રમિકોનો રણસંગ્રામ, અનિયમિત પગાર અને સુવિધાઓના અભાવે મેનેજમેન્ટ સામે બાયો ચડાવી.

**હવે જોવાનું એ રહેશે કે મેનેજમેન્ટ સમયસર પગલું ભરે છે કે પછી કરજણ ટોલ પ્લાઝા પર ઉગ્ર આંદોલનની આગ વધુ ભભૂકી**

• કરજણ સૈફ અલી ભટ્ટી
વાગરા

કરજણ ટોલ પ્લાઝા પર કામ કરતા ઈન્સીડન્સ અને મેન્ટેનન્સ વિભાગના કર્મચારીઓએ મેનેજમેન્ટની મનમાની, જોહુકમી અને શ્રમ કાયદાના ખુલ્લા ઉલ્લંઘન સામે બાયો ચડાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન શરૂ કર્યું છે. હાઈવે પર જીવના જોખમે રાતદિવસ ફરજ બજાવતા કર્મચારીઓનો આક્રોશ હવે ફાટી નીકળ્યો છે. પેમેન્ટ ઓફ વેજીસ એક્ટ મુજબ દર મહિને ૭ કે ૧૦ તારીખ સુધીમાં પગાર ચૂકવવો ફરજિયાત હોવા છતાં, કરજણ ટોલ પ્લાઝા પર કર્મચારીઓને ૨૦ તારીખ બાદ પણ પગાર ન મળતો હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. આ અનિયમિત પગાર વ્યવસ્થાને કારણે કર્મચારીઓ પર ભારે આર્થિક સંકટ તૂટી પડ્યું છે. કર્મચારીઓએ જણાવ્યું કે પગાર મોડો મળવાથી ઘરભાડું, બાળકોની ફી, લોનના હપ્તા તેમજ દૈનિક ઘરખર્ચ ચલાવવો અશક્ય બનતો જઈ રહ્યો છે. વારંવાર મૌખિક તેમજ લેખિત રજૂઆતો કર્યા છતાં મેનેજમેન્ટ દ્વારા કોઈ નક્કર પગલું લેવાયું



નથી, ઉલ્ટું કર્મચારીઓ સાથે ઉદ્ધત અને અપમાનજનક વલણ અપનાવવામાં આવે છે. વર્ષોથી ઈમાનદારીપૂર્વક ફરજ બજાવતા કર્મચારીઓને આજદિનસુધી કોઈ ઈન્ક્રીમેન્ટ આપવામાં આવ્યું નથી, જે તેમની મહેનતનું મૂલ્ય ન આપવાની સ્પષ્ટ નીતિ દર્શાવે છે.

આટલું જ નહીં, હાઈવે પર અત્યંત જોખમી પરિસ્થિતિમાં કામગીરી કરતા કર્મચારીઓને સેફટી જૅકેટ, હેલ્મેટ, લાઈટિંગ સાધનો જેવી પાયાની સુરક્ષા સુવિધાઓ આપવામાં આવતી નથી. અકસ્માતની સંભાવનાઓ વચ્ચે ફરજ બજાવતા હોવા છતાં કોઈ મેડિકલ ઈન્શ્યોરન્સ કે તાત્કાલિક સારવારની વ્યવસ્થા નથી, જે મેનેજમેન્ટની ગંભીર બેદરકારીને ઉજાગર કરે છે. શ્રમ કાયદા મુજબ મળવાપાત્ર સુવિધાઓથી વંચિત રાખવામાં આવતાં કર્મચારીઓમાં ભય અને અસુરક્ષા વધતી જઈ રહી છે. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ ભરૂચ જિલ્લા યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ તથા વર્ષોથી શ્રમિકોના હક અને ન્યાય માટે લડત આપતા ઈમ્તિયાઝ પટેલે કર્યું હતું. તેમણે મેનેજમેન્ટ અને ઉચ્ચ સત્તાધિશોને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો આગામી ૪૮ કલાકમાં પગારની અનિયમિતતા, ઈન્ક્રીમેન્ટ, સેફટી સાધનો અને અન્ય વાજબી માંગણીઓનો ઉકેલ નહીં આવે, તો તમામ કર્મચારીઓ કામકાજ બંધ કરી ઉગ્ર આંદોલન અને અનિશ્ચિતકાલીન હડતાલ પર ઉતરશે. આ લડત માત્ર પગાર માટે નહીં, પરંતુ માનવ ગૌરવ અને શ્રમિક અધિકારો માટેની છે, એવું તેમણે સ્પષ્ટ કહ્યું.

શ્રમ કાયદાના ખુલ્લા ઉલ્લંઘન સામે કરજણ ટોલ પ્લાઝા પર પરિસ્થિતિ હવે ભારેલા અગ્નિ જેવી બની ગઈ છે. જોકે કોન્ટ્રાક્ટર તરફથી સમસ્યાના નિવારણ અંગે આશ્વાસન આપવામાં આવ્યું છે, પરંતુ કર્મચારીઓનું કહેવું છે કે માત્ર વચનોથી નહીં, લેખિત અને તાત્કાલિક અમલથી જ વિશ્વાસ સ્થાપિત થશે. હવે જોવાનું એ રહેશે કે મેનેજમેન્ટ સમયસર પગલું ભરે છે કે પછી કરજણ ટોલ પ્લાઝા પર ઉગ્ર

**અમદાવાદ : ગુજરાત યુનિ.માં NSUIનો લારી ફેરવી વિરોધ પ્રદર્શન**

# તૂટેલી ડોલ, ખુરશી-ટેબલ અને સ્પોર્ટ્સ સાધનો મૂકી વિરોધ દર્શાવ્યો

વિરોધ પ્રદર્શન

નવા વિષય એડ કરવામાં આવ્યા અને કોઈને ભણાવતા આવડતું નથી

• અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીમાં NSUI દ્વારા અનોખો અને પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને મળતી મૂળભૂત સુવિધાઓના અભાવ અને યુનિવર્સિટીની બગડતી સ્થિતિ સામે NSUIના કાર્યકરો લારી લઈને કેમ્પસમાં ઉતરી આવ્યા હતા. લારી પર તૂટેલી અને બિનઉપયોગી સામગ્રી મૂકીને યુનિવર્સિટી પ્રશાસન તથા રાજ્ય સરકાર સામે ઉગ્ર નારા લગાવવામાં આવ્યા હતા. અન્ય રાજ્ય કરતા ગુજરાતમાં સરકારી યુનિવર્સિટીઓ અને ગુજરાત યુનિવર્સિટીની હાલત ખરાબ હોવાનો NSUI દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. લારી પર યુનિવર્સિટીની ખામીઓ દર્શાવી NSUIના કાર્યકર્તાઓ લારી




લઈને સમગ્ર કેમ્પસમાં ફર્યા હતા. દિલ્હી વિશ્વ વિધાલયના પૂર્વ અધ્યક્ષ રોનક ખત્રી પણ ગુજરાત યુનિવર્સિટી આવ્યા હતા. જે દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની ખામીઓને NSUIના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. હોસ્ટેલમાં પીવાનું પાણી પણ વિદ્યાર્થીઓને ન મળતું હોવાથી લારી પર તૂટેલી ડોલ રાખીને વિરોધ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં પાણી વગર તરસતા હોવા છતાં પાણી ન અપાતું હોવાનો આક્ષેપ પણ NSUI દ્વારા કરવામાં આવ્યો છે. તૂટેલી ડોલ, કેલ્ક્યુલેટર, ખુરશી, ટેબલ અને સ્પોર્ટ્સ સાધનો મૂકી વિરોધ દર્શાવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓ માટે શિક્ષકનું સ્તર સુધારવા માટેની પણ સરકાર પાસે માંગણી કરવામાં આવી હતી. દિલ્લી વિશ્વ વિધાલયના પૂર્વ અધ્યક્ષ રોનક ખત્રીએ જણાવ્યું હતું કે, દરેક રાજ્યમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો તો સામે આવ્યું છે કે, ગુજરાત યુનિવર્સિટીની સૌથી ખરાબ હાલત છે કારણ કે વિદ્યાર્થીઓ પાસે પીવા માટે પૂરતું પાણી પણ મળતું નથી. હોસ્ટલમાં વિદ્યાર્થીઓ કેવું પાણી પીવે છે તે સૌથી મોટો સવાલ છે. વિશ્વ ગુરુ ભારતમાં પણ પીવાના પાણી માટે તરસવું પડે છે. એજ્યુકેશન ભારતને આકાશ સુધીની ઊંચાઈ પર લઈ જશે એવું કહેવામાં આવતું હતું પરંતુ, એજ્યુકેશન આજે લારીના સ્તર પર આવી ચૂક્યું છે. એજ્યુકેશનમાં સ્તર સુધારવા માટે બજેટ વધારવામાં આવે એવી અમારી માંગણી છે. બજેટ વધારવાની સાથે-સાથે અધિકારીઓના કિસ્સામાં જે રૂપિયા જાય છે, તે વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. વધુમાં રોનક ખત્રીએ જણાવ્યું હતું કે, દરેક કોર્સમાં ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ફી વધારવામાં આવી પરંતુ સુવિધા વધારવામાં આવી નથી. નવા ક્લાસરૂપ અને એજ્યુકેશન પર ખર્ચ થતો હોય તો વિદ્યાર્થીઓને કોઈ વાંધો ન આવે. નવી એજ્યુકેશન પોલિસી નહીં પરંતુ, નવી એન્ટરટેઈનમેન્ટ પોલિસી છે. પહેલા સરકારી યુનિવર્સિટીઓને ગ્રાન્ટ મળતી હતી, અત્યારે લોન આપવામાં આવે છે, જે વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવે છે. નવા વિષય એડ કરવામાં આવ્યા અને કોઈને ભણાવતા આવડતું નથી.

# જિલ્લા કલેક્ટર અર્પિત સાગરની અધ્યક્ષતામાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો



• વીરભદ્ર સિંહ સિસોદીયા
મહિસાગર

. મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષતા હેઠળ 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાના પડતર પ્રશ્નોના ત્વરિત અને સ્થાનિક સ્તરે નિરાકરણ લાવવાના ઉમદા આશય સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન લુણાવાડા તાલુકાના વિવિધ ગામોમાંથી કુલ ૧૩ જેટલા પ્રશ્નો/રજૂઆતો કલેક્ટર સમક્ષ રજૂ કરવામાં આવી હતી. કલેક્ટરએ આ તમામ પ્રશ્નોને ખૂબ જ ગંભીરતાપૂર્વક સાંભળ્યા હતા અને સ્થળ પર જ સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. અરજદારોની હાજરીમાં જ તમામ ૧૩ પ્રશ્નોનો સંતોષકારક રીતે નિકાલ લાવવામાં આવ્યો હતો, જેનાથી ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. કાર્યક્રમના અંતે કલેક્ટરએ હાજર રહેલા વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીઓને કડક સૂચના આપતા જણાવ્યું હતું કે, પ્રજાલક્ષી કાર્યોમાં કોઈપણ પ્રકારની શિથિલતા રાખવી નહીં. સરકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચે અને લોકોની રજૂઆતોનો સમયમર્યાદામાં નિકાલ થાય તે સુનિશ્ચિત કરવા તેમણે માર્ગદર્શન આપ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમમાં પ્રાંત અધિકારી, મામલતદાર સહિત તાલુકાના અન્ય પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# સુરત વિજિલન્સની 21 ટીમોએ 8 ગામો ધમરોળ્યા, 22.90 લાખની વીજચોરી પકડાતા ફફડાટ

**વાલિયા પંથકમાં DGVCLની 'સર્જિકલ સ્ટ્રાઈક'**

• વાલિયા

ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકામાં વીજચોરો વિરુદ્ધ દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. સુરત વિજિલન્સની ૨૧ ટીમોએ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તાલુકાના ૮ ગામોમાં ઓચિંતું ચેકિંગ હાથ ધરી ૨૨.૯૦ લાખની વીજચોરી ઝડપી પાડી છે. આ 'કોર્પોરેટ ડ્રાઈવ' અંતર્ગત અધિકારીઓએ વહેલી સવારથી જ ચમારીયા, ધોળગામ, ભિલોડ, ડુંગળી, નલધરી, વટારીયા, કરા અને મેરા ગામમાં રહેણાંક અને કોમર્શિયલ જોડાણોની સઘન તપાસ શરૂ કરી હતી, જેના કારણે વીજચોરી કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

આ મેગા ઓપરેશન દરમિયાન ટીમોએ કુલ ૧૦૬૦ જેટલા વીજ જોડાણો ખૂણેખૂણે તપાસ્યા હતા, જેમાંથી ૪૧ કિસ્સાઓમાં ગેરરીતિ અને ડાયરેક્ટ વીજચોરી માલુમ પડી હતી. વીજ કંપનીએ આ ૪૧ ગ્રાહકોને સ્થળ પર જ કુલ ૨૨.૯૦ લાખના દંડના ફટકારા ફટકારી



કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર ડ્રાઈવ દરમિયાન કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો કાફલો પણ સાથે રહ્યો હતો. DGVCLની આ આક્રમક કાર્યવાહીથી ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદેસર વીજ જોડાણ વાપરતા લોકોમાં ફાળ પડી છે અને આગામી દિવસોમાં પણ આવી ડ્રાઈવ ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

## આમોદમાં તસ્કરો બેફામ: આછોદમાં ધોળા દિવસે કારનો કાચ તોડી 2.91 લાખની સનસનીખેજ લૂંટ, પોલીસ પેટ્રોલિંગના લીરેલીરા



• આમોદ


આમોદ તાલુકાના આછોદ ગામમાં એક વેપારી જ્યારે બેંકમાંથી રોકડ રકમ ઉપાડીને પોતાના ઘરે સામાજિક પ્રસંગમાં આવ્યા હતા, ત્યારે માત્ર ૧૫ થી ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં તસ્કરો તેમની કારનો કાચ તોડી અંદર રાખેલા ૨,૯૧,૦૦૦ રૂપિયાની રોકડ ભરેલી થેલી સેરવી રફુચક્કર થઈ ગયા હતા.આ સુનિયોજિત લૂંટની ઘટનાથી સમગ્ર પંથકમાં ભય અને ફફડાટ વ્યાપી ગયો છે. ઘટનાની વિગત મુજબ, વેપારી પટેલ મહંમદ ઈસ્માઈલ આમોદની બેંકમાંથી નાણાં ઉપાડી આછોદ આવ્યા હતા. આશંકા સેવાઈ રહી છે કે તસ્કરો બેંકથી જ તેમની રેકી કરી રહ્યા હતા. વેપારી જમવા માટે રોકાયા અને તક મળતા જ ચોર ટોળકીએ પોતાનો ખેલ પાડી દીધો હતો. આ ઘટનાએ પોલીસના પેટ્રોલિંગના દાવાઓની પોલ ખોલી નાખી છે. હાલ આમોદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે, પરંતુ ધોળા દિવસે થયેલી આ હિચકારી લૂંટને પગલે વેપારી આલમમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

**દેશભક્તિના નાદ સાથે નીકળશે મશાલ સરઘસ અને રાષ્ટ્રીય એકતા રેલી**

# રાજકોટના જીવનનગરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ગરિમામય ઉજવણી

• રાજકોટ

શહેરના જીવનનગર વિસ્તારમાં આગામી સોમવારે ૭૭મા પ્રજાસત્તાક પર્વની 'આન-બાન-શાન' સાથે ઉજવણી કરવામાં આવશે. ભારત જન વિજ્ઞાન જાથા અને જીવનનગર વિકાસ સમિતિ સહિતની વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે સતત ૪૫મા વર્ષે યોજાનારા આ રાષ્ટ્રીય મહોત્સવમાં દેશપ્રેમનો અનોખો સંગમ જોવા મળશે. આ પ્રસંગે રાજમાર્ગો પર ભવ્ય રાષ્ટ્રીય એકતા રેલી અને મશાલ સરઘસનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શૌર્ય ગીતો અને દેશદાઝના સૂત્રોચ્ચાર સાથે છાત્ર-છાત્રાઓ અને સ્થાનીક રહીશો જોડાશે.



મહાદેવધામ ખાતે સોમવારે સવારે ૯ કલાકે ધ્વજવંદન સમારોહ યોજાશે, જેની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, વેશભૂષા સ્પર્ધા અને રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓની જમાવટ થશે. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૧૦ ના નગરસેવકો, પૂર્વ કોર્પોરેટરો અને રાજકીય આગેવાનો ખાસ હાજરી આપશે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાના માર્ગદર્શન હેઠળ સમિતિના સભ્યો અને મહિલા મંડળ પર્વની તૈયારીઓ માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે, જેના કારણે સમગ્ર પંથકમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને કુતૂહલ જોવા મળી રહ્યું છે.

# ઝાલોદ પોલીસ મથક ખાતે 'વિશ્વાસ (નેત્રમ) પ્રોજેક્ટ' ફેઝ-૨નું ભવ્ય ઉદ્ઘાટન

## જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાના હસ્તે ત્રણ મહત્વના પ્રોજેક્ટ ઝાલોદ પોલીસને અર્પણ

• દાહોદ

દાહોદ જિલ્લાના ઝાલોદ પોલીસ મથક ખાતે ગુજરાત સરકારના અતિ મહત્વાકાંક્ષી અને આધુનિક ટેકનોલોજી આધારિત Vishwas (Command & Control) - નેત્રમ પ્રોજેકટ ફેઝ-૨ નું ઉદ્ઘાટન જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાના કરકમળે કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટનો મુખ્ય હેતુ નગર તથા ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા વધુ સુદૃઢ બનાવવાનો, ગુનાખોરી પર અસરકારક નિયંત્રણ લાવવાનો તથા પોલીસ કામગીરીને વધુ ટેકનોલોજી સજ્જ બનાવવાનો છે. નેત્રમ પ્રોજેકટ : ટેકનોલોજીથી સજ્જ સુરક્ષા વ્યવસ્થાવિશ્વાસ (નેત્રમ) પ્રોજેકટ અંતર્ગત ઝાલોદ નગરપાલિકા વિસ્તારના કુલ ૧૮ મહત્વના લોકેશનો પર ૭૮ સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના ૬ આંતરરાજ્ય ચેકપોસ્ટો પર પણ સર્વેલન્સ મજબૂત બનાવવામાં આવ્યું છે. જેમાં -ઝાલોદ પો.સ્ટે. વિસ્તાર, ધાવડીયા ચેકપોસ્ટ, હુઠીકંકાસીયા ચેકપોસ્ટફતેપુરા પો.સ્ટે. વિસ્તાર: પાટવેલ ચેકપોસ્ટ,ચાકલીયા પો.સ્ટે. વિસ્તાર, ચાકલીયા ચેકપોસ્ટકતવારા પો.સ્ટે. વિસ્તાર, ખંગેલા ચેકપોસ્ટ,ગરબાડા પો.સ્ટે. વિસ્તાર, મીનાકક્યાર ચેકપોસ્ટઆ તમામ મળી કુલ ૧૦૧ આધુનિક સીસીટીવી કેમેરાઓનું ઈન્સ્ટોલેશન પૂર્ણ કરવામાં આવ્યું છે.* ૩ પ્રકારના આધુનિક કેમેરા સતત અને ચુસ્ત નજરનેત્રમ પ્રોજેકટ અંતર્ગત ત્રણ પ્રકારના કેમેરાઓ લગાવવામાં આવ્યા છે:ફિક્સ કેમેરા - ૪૭PTZ (Pan-Tilt-Zoom) કેમેરા - ૨૧ANPR (Automatic Number Plate Recognition) કેમેરા - ૩૩આ કેમેરાઓ દ્વારા



અંતરરાજ્ય ગુનાખોરી, શંકાસ્પદ વાહનોની અવર-જવર, શહેરમાં બનતી અઘટીત ઘટનાઓ તેમજ ટ્રાફિક નિયમોના ભંગ પર સતત નજર રાખી શકાશે. પરિણામે ગુનાખોરી પર અસરકારક નિયંત્રણ લાવી શકાય તેમજ સમયસર કાર્યવાહી શક્ય બનશે.ટ્રાફિક નિયંત્રણ અને અકસ્માત નિવારણમાં મળશે મોટો ફાયદોઆ પ્રોજેકટથી ઝાલોદ શહેરમાં ટ્રાફિક નિયંત્રણ વધુ સરળ બનશે. ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં સહાય મળશે તેમજ વાહન અકસ્માતના બનાવોમાં ઘટાડો લાવવામાં પણ મદદરૂપ થશે. નગર તથા ગ્રામ્ય વિસ્તારની જનતાને સુરક્ષા અને સુખાકારીનો સીધો લાભ મળશે.પોલીસ કર્મચારીઓ શારીરિક રીતે ફીટ અને માનસિક રીતે સજ્જ રહે તે હેતુસર જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજા દ્વારા ઝાલોદ પોલીસ મથક ખાતે વોલીબોલ ગ્રાઉન્ડ પણ ખુલ્લું મૂકવામાં આવ્યું. આ અવસરે તેમણે પોલીસ સ્ટાફ સાથે વોલીબોલ રમતમાં ભાગ લઈ 'ફીટ પોલીસ, સેફ સોસાયટી'નો સંદેશ આપ્યો હતો.ડ્રોન કેમેરાથી સુરક્ષા પર આકાશી નજર ઝાલોદ ડિવિઝનના ગ્રામ્ય વિસ્તારોમાં, તહેવારો દરમિયાન નીકળતી શોભાયાત્રાઓ તથા ભીડવાળા કાર્યક્રમોમાં દેખરેખ માટે અદ્યતન ડ્રોન કેમેરો પણ ઝાલોદ પોલીસને અર્પણ કરવામાં આવ્યો. ડ્રોન ટેકનોલોજીથી સંવેદનશીલ વિસ્તારોમાં ઝડપી અને અસરકારક મોનીટરીંગ શક્ય બનશે. આ સમગ્ર કાર્યક્રમ ઝાલોદ ડિવિઝનના ડી.વાય. એસ.પી શ્રી ડી.આર. પટેલની દેખરેખ હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમા દાહોદ જિલ્લાના ડી.વાય.એસ.પી સહિત પોલીસ મથકનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.સારાંશઝાલોદ પોલીસ મથક ખાતે નેત્રમ પ્રોજેક્ટ, વોલીબોલ ગ્રાઉન્ડ અને ડ્રોન કેમેરા એમ ત્રણ મહત્વના પ્રોજેક્ટોના લોકાર્પણથી ઝાલોદ શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો-વ્યવસ્થા વધુ મજબૂત બનશે અને આધુનિક પોલીસિંગને નવી દિશા મળશે.

## ન્યૂઝ ઇન ફોકસ

### વાલ્મિકી આગંણવાડી કેન્દ્ર ખાતે મેડિકલ કેમ્પ યોજાયો



**દાહોદ :** સંકલિત બાળવિકાસ અધિકારી શ્રી નીલુબેનના માર્ગદર્શન હેઠળ ઝાલોદ ઘટક ૦૧ કદવાલ સેજાના વાલ્મિકી આંગણવાડી કેન્દ્ર અને જેતપુર ધારજી આંગણવાડી કેન્દ્ર ઉપર મેડિકલ કેમ્પ યોજાયો હતો જેમાં કિશોરીઓનો આરોગ્યની તપાસ કરવામાં આવી હતી, તમામ શાળાએ જતી કિશોરીઓનું હિમોગ્લોબિન તપાસ કરવામાં આવ્યું અને કિશોરીઓને આયર્ન ફોલિક એસિડ ની ગોળી આપવામાં આવી હતી કિશોરીઓને પોતાનું હિમોગ્લોબીન કેટલું હોવું જોઈએ અને કેમ જરૂરી છે અને ગોળી નું મહત્વ સમજાવવામાં આવ્યું અને ઓછું એચબી ધરાવતી કિશોરીઓને નિયમિત આયન ફોલિક એસિડ ની ગોળી લેવા માટે અને રોજિંદા આહારમાં આંગણવાડી માંથી આપવામાં આવતા ટી એચ આર નો ઉપયોગ કરવા માટે અને ઋતુ અનુસાર મળતા વિસ્તારના શાકભાજી ફળ અને અનાજ કઠોળનો નિયમિત ઉપયોગ કરવા માટે સમજ આપવામાં આવી હતી.આ સાથે આગંણવાડી કેન્દ્ર ઉપર ઓડિયો વિઝ્યુઅલ માધ્યમથી કિશોરીઓને એનિમિયા અને માસિક દરમ્યાન સ્વચ્છતા,ખોરાક વિશેના વિડિયો બતાવવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં સંકલિત બાળવિકાસ અધિકારી શ્રી નીલુબેન, બી.એન.એમ શ્રી ગોરધનભાઈ,આર.બી.એસ.કે મેડિકલ ઓફિસર શ્રી સંદીપભાઈ, સી.એચ.ઓ શ્રી અમિતભાઈ,FHW કાજલ બેન, આશાવર્કર બેન આંગણવાડી કાર્યકરબહેન અને વિસ્તારની કિશોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વસંત પંચમીના પાવન પર્વે ઝાલોદમાં શ્યામ બાબાના ચમત્કારિક પિતાંબરી વસ્ત્ર પ્રસાદીનું ભવ્ય વિતરણ

• ઝાલોદ

ઝાલોદ નગરના વણકતલાઈ હનુમાનજી મંદિર પરિસરમાં આવેલ ખાટુશ્યામ બાબાના ચમત્કારિક મંદિરે વસંત પંચમીના પવિત્ર દિવસે વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવતું પિતાંબરી (અંગરખી) વસ્ત્ર પ્રસાદી વિતરણ યોજાનાર છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદે આવેલ આ મંદિર શ્રદ્ધા અને વિશ્વાસનું કેન્દ્ર બની ગયું છે, જ્યાં દુરદુરથી હજારો ભક્તો બાબા શ્યામના દર્શન માટે ઉમટી પડે છે. ખાટુશ્યામ બાબાને "હારે કા સહારા" તરીકે ઓળખવામાં આવે છે. માન્યતા અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં તેમને આ નામ આપ્યું હતું. બાબા શ્યામ પૃથ્વી પર અવતરેલા ચમત્કારિક દેવતાઓમાંના એક માનવામાં આવે છે અને એમના દરબારમાં આવનાર ભક્તોની માનતા પૂર્ણ થાય છે એવી અઢળક શ્રદ્ધાળુઓની અડગ આસ્થા છે. બાબા શ્યામના શણગારની એક અનોખી અને અલૌકિક પરંપરા છે. દરરોજ બાબાના વસ્ત્ર બદલવામાં આવે છે, પરંતુ વસંત પંચમીના દિવસે પહેરાવવામાં આવતું પિતાંબરી અંગરખી વસ્ત્ર વર્ષમાં માત્ર એક જ વાર બદલાય છે. આ અંગરખી આખું વર્ષ બાબાના શરીરે ધારણ કરવામાં આવે છે, જેને ભક્તો અત્યંત ચમત્કારિક અને દિવ્ય માને છે. ભક્તોમાં એવી દ્રઢ માન્યતા છે કે આ અંગરખી વસ્ત્રનો નાનકડો ટુકડો પણ પ્રસાદી સ્વરૂપે અપરંપાર કૃપા આપનાર છે. શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક જો આ પ્રસાદી બીમાર વ્યક્તિને ધારણ કરાવવામાં આવે તો આરોગ્યલાભ મળે છે અને નિરાશ જીવનમાં નવી આશા જાગે છે તેવી અનેક કથાઓ ભક્તોમાં પ્રસિદ્ધ છે. આ બધું ભક્તોની અડગ આસ્થા અને માન્યતાનું પ્રતિક છે. આ વર્ષે તારીખ 23-01-2026, વસંત પંચમીના દિવસે સવારે 11:00 કલાકે ઝાલોદ સ્થિત ખાટુશ્યામ બાબાના મંદિરે થી પિતાંબરી અંગરખી વસ્ત્રની પ્રસાદીનું વિતરણ કરવામાં આવશે.

• દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં

## અરજદારોના પ્રશ્નોનું તાત્કાલિક અને સંતોષકારક નિરાકરણ

• ઝાલોદ

ઝાલોદ તાલુકા મથકે મામલતદાર કચેરી ખાતે આજે તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્વાગત કાર્યક્રમ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમમાં દાહોદ જિલ્લાના વિવિધ વિભાગોના વર્ગ-૧ના અધિકારીશ્રીઓ તથા સંબંધિત કર્મચારીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સ્વાગત કાર્યક્રમ દરમિયાન દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજાએ ઝાલોદ તાલુકાના કુલ ૦૫ અરજદારોના પ્રશ્નો રૂબરૂ સાંભળ્યા હતા. અરજદારો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોને ગંભીરતાપૂર્વક લઈ, સંબંધિત અધિકારીશ્રીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપવામાં આવી હતી. પરિણામે તમામ અરજીઓનું સુખદ અને સંતોષકારક નિવારણ લાવવામાં આવ્યું હતું. અરજદારોના પ્રશ્નોનું ઝડપી અને અસરકારક નિરાકરણ મળતાં તેમણે સરકારના સ્વાગત કાર્યક્રમ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો તેમજ સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. લોકોના પ્રશ્નોનું સ્થળ પર જ ઉકેલ લાવવાની સરકારની આ પહેલને લોકો તરફથી પ્રશંસા મળી હતી. આજના સ્વાગત કાર્યક્રમ અંતર્ગત પાંચ લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. જેમાં1] બંબેલા ગામના કટારા સરલાબેન કલ્પેશભાઈને APL કાર્ડમાંથી અંત્યોદય કાર્ડમાં ફેરફાર



કરીને આપવામાં આવ્યો2] રામપુરા ગામના દામ કાળીયાભાઈ સામજીભાઈના જમીનના દાખલામાં નામ દાખલ કરવાની કાર્યવાહી કરવામાં આવી,3] ભાગલાણી ઉષાબેન ગિરિધારીલાલને અંત્યોદય રેશન કાર્ડ કાઢી આપવામાં આવ્યું,4] મુનખોસલા ગામના વસૈયા હવસિંગ દિતાને રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજનાનો લાભ અપાયો5] ચિત્રોડીયા ગામના જબુડીબેનને ગંગા સ્વરૂપ (વિધવા સહાય) યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો. આ સ્વાગત કાર્યક્રમમાં તમામ વિભાગોના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. તાલુકા સ્વાગત કાર્યક્રમ દ્વારા સામાન્ય નાગરિકોના પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ થાય તે સરકારની લોકાભિમુખ કામગીરીનું ઉત્તમ ઉદાહરણ બન્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

### શ્રી અલખધામ રામદેવજી મંદિર જેસાવાડા નો મહા સુદ બીજનો ધજા નેજા ચડાવવાનો કાર્યક્રમ યોજાયો



શ્રી રામદેવજી સેવા ટ્રસ્ટ જેસાવાડા સંચાલિત શ્રી અલખધામ રામદેવજી મંદિર જેસાવાડા નો મહા સુદ બીજ નો ધજા નેજા ચડાવવાનો કાર્યક્રમ સવારે 11:00 કલાકે યોજવામાં આવ્યો હતો જેમાં જ્યોતિબેન ભરતભાઈ સોની અને લક્ષ્મણભાઈ સોલંકી ની ધજાઓ હતી સૌ ભાવિ ભક્તોએ ખૂબ જ ભાવવિભોર આરતી વંદના કરી મંદિર શિખરે ધજાઓ ચડાવી હતી. ત્યારબાદ રાત્રે ભરતભાઈ સોની અને ડૉ .જયરાજભાઈ શેર ની ભજન મંડળીયે ખૂબ જ મોજ મજા આવે એવો ભજન સંધ્યા નો કાર્યક્રમ કર્યો હતો. તમામ ભાવિક ભક્તોનો સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી કિરણસિંહ ચાવડાએ આભાર માન્યો હતો.

## રાશીફળ (તા.21-01-2026)

- **મેષ** — આજનો દિવસ આનંદ અને સફળતા લાવનાર રહેશે. પ્રભાવશાળી લોકો સાથેની ચર્ચા ખૂબ જ સકારાત્મક રહેશે. કોઈ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે ભાઈઓનું પણ પૂરું સહકાર મળશે.
- **વૃષભ (બ.વ.ઉ)** — વૃષભ રાશિના લોકોને સમય પ્રમાણે પોતાના વર્તનમાં બદલાવ લાવવો જરૂરી છે. બાળકો સાથે વર્તન કરતી વખતે તેમના દ્રષ્ટિકોણથી વિચારવું યોગ્ય રહેશે.
- **મિથુન** — મિથુન રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે છે. જીવનમાં કેટલાક સકારાત્મક બદલાવ આવશે.
- **કર્ક** — કર્ક રાશિના લોકો માટે આજે વ્યવસાયમાં લાભના અવસર મળશે. પૈસા સંબંધિત કામોમાં પણ પ્રગતિ થશે. લાંબા સમય સુધી બેસીને કામ કરનારોએ પોતાની પોઝિશન સુધારવાની જરૂર છે.
- **સિંહ** — સિંહ રાશિના લોકો માટે આજનો દિવસ મિશ્રિત રહેશે. જીવનસાથી સાથે કોઈ મતભેદ થઈ શકે. ભૂતકાળની ભૂલોમાંથી શીખીને તમે તમારી કાર્યપદ્ધતિમાં બદલાવ લાવશો
- **કન્યા** — કન્યા રાશિના લોકો માટે આજનો દિવસ ખૂબ સારો રહેશે. જીવનસાથી તરફથી સહકાર મળશે. ઘરમાં સભ્યો વચ્ચે પ્રેમપૂર્ણ વાતાવરણ રહેશે. કોઈ મિત્રની મુલાકાતથી જૂની યાદો તાજી થશે.
- **તુલા** — તુલા રાશિના લોકો માટે આજનો દિવસ ખુશીઓથી ભરેલો રહેશે. તમને તમારી અટકેલી રકમ મળી શકે છે. નોકરીમાં તમારા ઉત્તમ કાર્યની પ્રશંસા થશે અને પ્રમોશન સંબંધિત શુભ સમાચાર મળી શકે છે.
- **વૃશ્ચિક** — વૃશ્ચિક રાશિના લોકોને આજનો દિવસ મુશ્કેલીઓથી ભરેલો રહેશે. સહકર્મચારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં નેતૃત્વ, આયોજન અને ઝડપી નિર્ણય લેવાની જરૂર પડશે.
- **ધન** — ધનુ રાશિના લોકો માટે આજનો દિવસ પડકારોથી ભરેલો રહેશે. તમે તમારી આર્થિક સ્થિતિ મજબૂત કરવા વધુ મહેનત કરશો.
- **મકર** — આજનો દિવસ મકર રાશિના લોકો માટે સારો રહેશે. જીવનસાથી સાથે ફરવા જઈ શકો અને એકબીજા સાથે સારો સમય વિતશો.
- **કુંભ** — આજના દિવસે તમે કોઈ મુસાફરી અથવા પ્રવાસ પર જઈ શકો છો. દાંપત્ય જીવન સારું રહેશે. કામમાં સફળતા મળશે.
- **મીન** — મીન રાશિના લોકોને આજે આનંદ મળશે. કોઈ સામાજિક કાર્યક્રમમાં જીવનસાથી સાથે સમજણ અને નજીકીઓ વધશે.

એમજીવીસીએલ અને ખાનગી એજન્સીની મિલીભગત

## દાહોદ જિલ્લામાં આચરાયેલા રૂપિયા ૧૪.૭૬ કરોડના કૌભાંડનો પર્દાફાશ


• દાહોદ

દાહોદ જિલ્લામાં ગત ઓગસ્ટ થી ડિસેમ્બર સુધીના ચાર માસ દરમિયાન વીજ કંપનીની વીજીલન્સની જુદી જુદી ટીમોએ સાગમટે રેઈડ પાડતા, વીજ મીટરોમાં વિવિધ તરકીબો અજમાવી વીજ મીટરો સાથે ચેડાં કરી રૂપિયા ૧૪.૭૬ કરોડની વીજ ચોરી કરી હોવાનું તપાસમાં બહાર આવતા વીજ કંપની સાથે સંકળાયેલા ઈસમો તથા ઈન્ટેલી સ્માર્ટ એજન્સીના સંબંધિત અધિકારી/કર્મચારીઓ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લા ખાતે વીજ કંપની દ્વારા નાખવામાં આવેલ વીજ મીટરોમાં વીજ વપરાશ ઓછો નોંધાય તેવી રીતે ચેડાં કરી મોટા પ્રમાણમાં વિજ ચોરી કરતા હોવાની બાતમી મળી હતી. જે બાતનીના આધારે વીજ કંપનીના વિજિલન્સ વિભાગ દ્વારા જુદી જુદી ટીમો બનાવી જિલ્લાના દાહોદ શહેર, દાહોદ ગ્રામ્ય, ઝાલોદ, લીમડી, લીમખેડા, દેવગઢબારિયા વગેરે વિસ્તારોમાં તારીખ ૧૮-૮- ૨૦૨૫ થી તારીખ૧૮-૧૧- ૨૦૨૫ દરમિયાન સાગમટે રેડ પાડવામાં આવી હતી. જેમાં કુલ ૩૩૭૯૯ વીજ મીટરો ચેક કરવામાં આવ્યા હતા. જેમાંથી ૧૬૦૯ વીજ મીટરોમાં પ્લાસ્ટિક બોડી તથા ટર્મિનલ બ્લોક ઉપર લગાડેલ સીલ તુટેલ હાલતમાં જણાઈ આવ્યા હતા. જેથી રેઈડ કરનાર ટેકનિકલ ટીમ દ્વારા ક્લિપોન મીટર મારફતે સદર વીજ મીટરોની ચકાસણી કરાતા વીજ મીટરોમાં વીજ વપરાશ યોગ્ય રીતે નોંધાતો ન હોય તેવું ધ્યાને આવતા, તેવા કુલ ૧૬૦૯ શંકાસ્પદ વીજ મીટરોને વીજ ગ્રાહક કે તેના પ્રતિનિધિની હાજરીમાં ઉતારી સીલબંધ કરી તાંત્રિક ચકાસણી હેતુ એમજીવીસીએલ દાહોદ ડિવિઝનની લેબોરેટરીમાં મોકલાયા હતા. જ્યાં નિયમોનુસાર તાંત્રિક ચકાસણીની કાર્યવાહી પૂર્ણ કરાયા બાદ રિપોર્ટ મળતા ૮૮૮ વીજ મીટરોમાં વીજ અવરોધક વસ્તુ (રેઝીસ્ટર) લગાવી વીજ પ્રવાહ ઓછો નોંધાય તેવી સમાન મોડલ ઓપરેન્ડીથી વીજ ચોરી કરેલ હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી જીઈઆરસી દ્વારા નિયત કરેલ એલએચએફ ફોર્મ્યુલા મુજબ વીજ ગ્રાહકના ઘરના વીજ ઉપકરણોના ૧ વર્ષમાં કરેલ સરેરાશ વીજ વપરાશના આધારે ગણતરી કરતા રૂપિયા ૧૦.૭૧ કરોડની વીજ ગ્રાહકો દ્વારા વીજ ચોરી કરી હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવ્યું હતું. દરમિયાન એમજીવીસીએલ વીજ કંપની દ્વારા જુના વીજ મીટરોના સ્થાને નવા સ્માર્ટ મીટર લગાવવાનું કામ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ મારફતે ઈન્ટેલી સ્માર્ટ એજન્સીને સોંપવામાં આવ્યું હતું. તે એજન્સીને વીજ મીટરો બદલવાનીના કહેવા છતાં એજન્સી એ ૮૧ જેટલા વીજ મીટરો બદલી નાખ્યા હતા. જેમાંથી શંકાસ્પદ ૫૦ વીજ મીટરોને સીલ બંધ કરી તાંત્રિક ચકાસણી અર્થે એમજીવીસીએલ દાહોદ ડિવિઝનની લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા હતા જેની તાંત્રિક ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તેનો રિપોર્ટ આવ્યો હતો. જે રિપોર્ટમાં ૩૮ કેટલા વીજ મીટરો માં વીજ અવરોધક વસ્તુ (રેઝિસ્ટર) લગાવી વીજ પ્રવાહ ઓછો નોંધાય તેવી સમાન મોડસ ઓપરેન્ડીથી વીજ ચોરી કરી હોવાનું જણાઈ આવ્યું હતું. જેથી ઈજીઆરસી દ્વારા નિયત કરેલ એલ.એચ. એફ ફોર્મ્યુલા મુજબ વીજ ગ્રાહક ના ઘરના વીજ ઉપકરણોના ૧ વર્ષમાં કરેલ સરેરાશ વીજ વપરાશના આધારે ગણતરી કરતા સદર ગ્રાહકો દ્વારા રૂપિયા ૪.૦૪૮ કરોડની વીજ ચોરી કરી હોવાનું જણાઈ આવ્યું હતું.

વીજ કંપની દ્વારા લગાવેલ સીલબંધ મીટરના શીલને તોડવું કે, તેમાં ચેડાં કરવા તે ગુનાહિત કૃત્ય હોવા છતાં વીજ કંપનીની કામગીરી સાથે સંકળાયેલા ઈસમો અને ઈન્ટેલી સ્માર્ટ એજન્સીના સંબંધિત અધિકારી/કર્મચારીઓએ ગુનાહિત કાવતરું કરી એમજીવીસીએલ કંપની સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી કુલ રૂપિયા ૧૪.૭૬ કરોડનું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. આ સંબંધે એમ જી વી સી એલ ના વિજિલન્સ વિભાગના વિશેષ મુખ્ય ઈજનેર ભાઈ નાથાભાઈ રાઠવાએ દાહોદ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે વીજ કંપનીની કામગીરી સાથે સંકળાયેલા ઈસમો તથા ઈન્ટેલી સ્માર્ટ એજન્સી ના સંબંધિત અધિકારી/કર્મચારીઓ વિરુદ્ધ છેતરપિંડી, વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે આ ગંભીર કૌભાંડમાં તપાસ એજન્સીઓ શું કાર્યવાહી કરે છે તે હવે જોવું રહ્યું!!!!!.

## 'ઝઘડો' હોય તો ઉકેલી લેવાય, આ તો 'મૌન' છે.

• દર્શના પટેલ ( નેશનલ મેડાલિસ્ટ)



માનવ સંબંધોમાં સંવાદ (Communication) એ ઓક્સિજન જેવું કામ કરે છે. જ્યાં સુધી વાતો થાય છે, ત્યાં સુધી સંબંધ જીવંત રહે છે. પણ જ્યારે શબ્દોની જગ્યા મૌન લઈ લે છે, ત્યારે સંબંધ ધીરે ધીરે 'કોમા' માં જતો રહે છે. ઝઘડો એ જીવંતતાની નિશાની છે સંબંધોમાં ઝઘડો થવો એ ખરાબ બાબત નથી. ઝઘડો એ વાતનો પુરાવો છે કે હજુ પણ સામેની વ્યક્તિ પ્રત્યે તમને લાગણી છે, અપેક્ષા છે અને અધિકાર છે. ઝઘડામાં તમે બૂમો પાડો છો, રડો છો અને મનની વાત બહાર કાઢો છો. એકવાર મન હળવું થાય એટલે માફી માંગીને કે આપીને ફરીથી સાથે થઈ શકાય છે. એટલે જ કહેવાય છે કે, 'ઝઘડાનો ઉકેલ છે, પણ ઉદાસીનો નથી.' જ્યારે બે વ્યક્તિઓ વચ્ચે મૌન છવાઈ જાય છે, ત્યારે તે ખતરનાક બની જાય છે. આ મૌન કોઈ આકસ્મિક નથી હોતું, પણ ધીરે ધીરે બંધાયેલી એક દીવાલ હોય છે. બંને એકબીજાને ઓનલાઈન જુએ છે પણ મેસેજ નથી કરતા. આ મૌન પાછળ ઘણીવાર અહંકાર (Ego) હોય છે કે 'પહેલા એ કેમ નહીં?' અને આ જ હરિફાઈમાં સંબંધ હારી જાય છે. મૌનનો કોઈ ઈલાજ કેમ નથી?

કારણ કે જ્યાં કોઈ પ્રશ્ન જ નથી પૂછાતો, ત્યાં જવાબની આશા કેવી રીતે રાખવી? જ્યારે કોઈ કારણ વગર વાતચીત બંધ થઈ જાય, ત્યારે સામેની વ્યક્તિ ગુંચવાયેલી રહે છે કે તેનો વાંક શું હતો?

આ 'Closure' (નિષ્કર્ષ) વગરનો અંત વ્યક્તિને માનસિક રીતે તોડી નાખે છે. ઝઘડો હોય ત્યાં પ્રેમની આશા હોય છે, પણ જ્યાં મૌન હોય ત્યાં ફક્ત અંત હોય છે. તમે લડી લો, ઝઘડી લો પણ બોલવાનું બંધ ના કરો, કારણ કે શબ્દો અટકે છે ત્યાં જ અંતર વધે છે. મૌન ધારણ કરવું એ અહંકાર માટે જીત હોઈ શકે, પણ પ્રેમ માટે એ સૌથી મોટી હાર છે. દુનિયામાં સૌથી ઊંડી ખાઈ એ છે જે બે વ્યક્તિઓ વચ્ચે વાતચીત બંધ થવાથી બને છે.

# ગાંધીનગર : શાંતિ એક્સપ્રેસનું ફરીથી સ્ટોપેજ આપવા સોશિયલ મીડિયામાં ઝુંબેશ

• ગાંધીનગર

ગાંધીનગરથી ઈન્દોર વચ્ચે વર્ષોથી ચાલતી શાંતિ એક્સપ્રેસ ટ્રેન 1 જુલાઈ 2004 થી ગાંધીનગર રેલવે સ્ટેશનથી ચલાવવામાં આવી હતી, પરંતુ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના કામને કારણે 15 એપ્રિલ 2024થી તેને અમદાવાદથી રિ-રૂટ કરાઈ. આ બદલાવ પછી ગાંધીનગરના મુસાફરોને અમદાવાદ જઈને ટ્રેન પકડવાની ફરજ પડી છે. પરિણામે સોશિયલ મીડિયા પર ટ્રેનને ફરી ગાંધીનગરમાં રોકાણ આપવા માટે ઝુંબેશ શરૂ થઈ છે, જેમાં નાગરિકો રેલવે મંત્રી અને ગૃહમંત્રીને સોશિયલસોશિયલ મિડિયામાં ટૅગ કરીને પોતાની માંગ રજૂ કરી રહ્યા છે. શાંતિ એક્સપ્રેસનો પ્રારંભ 1 જુલાઈ 2004 ના રોજ ગાંધીનગર રેલવે સ્ટેશનથી કરવામાં આવ્યો હતો. આ ટ્રેન રાજ્યના પાટનગર ગાંધીનગરને મધ્યપ્રદેશના મહત્વપૂર્ણ શહેરો સાથે જોડતી હતી અને વર્ષો સુધી નોકરિયાત વર્ગ તથા સામાન્ય મુસાફરો માટે ઉપયોગી રહી હતી. 15 એપ્રિલ 2024થી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ટ્રેક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામને કારણે શાંતિ એક્સપ્રેસને ગાંધીનગરની બદલે અમદાવાદથી ચલાવવામાં આવી. ટ્રેન સેવા ચાલુ છે, પરંતુ ગાંધીનગર સ્ટેશન પર સ્ટોપેજ હાલ બંધ છે. આ ફેરફારથી ગાંધીનગરના મુસાફરોને અમદાવાદથી આ ટ્રેનમા બેસવુ પડે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સોશિયલ મીડિયા પર ટ્રેનને ફરી ગાંધીનગરમાં રોકાણ આપવા માટે ઝુંબેશ શરૂ થઈ છે. નાગરિકો પોતાની રજૂઆત સોશિયલ મિડિયા પર પોસ્ટ્સ દ્વારા કરી રહ્યા છે, અને રેલવે મંત્રી અશ્વિની વૈશ્નવ તેમજ ગૃહમંત્રી અમિત શાહને ટૅગ કરીને માંગ ઉઠાવી રહ્યા છે. મુસાફરોનું કહેવું છે કે ગાંધીનગર રાજ્યની રાજધાની હોવાથી અહીંથી લાંબા અંતરની મહત્વપૂર્ણ ટ્રેનનો હોલ્ટ જરૂરી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ચાલુ રહે પરંતુ શાંતિ એક્સપ્રેસને ફરી ગાંધીનગર રેલવે સ્ટેશન પર હોલ્ટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. નાગરિકો રેલવે મંત્રી અને ગૃહમંત્રીને સોશિયલ મીડિયામાં ટૅગ કરી માગ કરી રહ્યા છે.

## 22 જાન્યુઆરી 2026એ ગુજરાતમાં કતલખાના બંધ રહેશે : રાજ્ય સરકારે આપ્યો મહત્વનો આદેશ

• અમદાવાદ

અયોધ્યામાં રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. આગામી 22 જાન્યુઆરી, 2026 (ગુરુવાર) ના રોજ રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારોમાં આવેલ કતલખાના બંધ રાખવા માટે સૂચના આપવામાં આવી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ બાબતે તમામ મ્યુનિસિપલ કમિશનરો અને કમિશનર, મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશનને પત્ર લખી જાણ કરવામાં આવી છે. પત્રમાં જણાવ્યા મુજબ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવને 2 વર્ષ પૂર્ણ થવાના સ્મરણાર્થે આ દિવસને ખાસ રીતે ઉજવવા માટે રાજ્યમાં કતલખાના બંધ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વિરોધ

શંકરાચાર્ય પર અમાનવીય વ્યવહારનો મુદ્દો ગરમાયો,

# બનાસકાંઠાના ડીસામાં પ્રેસ કોન્ફરન્સ બાદ મોટા વિરોધની ચીમકી અપાઈ

**જગદગુરુ શંકરાચાર્ય સાથે થયેલું વર્તન અત્યંત નિંદનીય છે. એક સંત તરીકેના અધિકારોનું હનન : કિશોરજી શાસ્ત્રી**

• ડીસા પ્રતિનિધિ દિપક પુરબીયા




બનાસકાંઠાના ડીસા શહેરથી એક સંવેદનશીલ અને ગંભીર મુદ્દે પ્રતિક્રિયા સામે આવી છે. માઘ મેળા, પ્રયાગરાજ ખાતે જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી જી મહારાજ સાથે થયેલા અમાનવીય વ્યવહાર અને એક સંત તરીકેના અધિકારોના હનન મુદ્દે આજે બનાસકાંઠાના ડીસામાં મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. આ પ્રેસ કોન્ફરન્સ બાદ હવે આવનાર સમયમાં સ્થાનિક લેવલે મોટા વિરોધની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રયાગરાજમાં માઘ મેળા દરમિયાન જગદગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી જી મહારાજ સાથે થયેલા અમાનવીય વર્તન બાબતે આજે બનાસકાંઠાના ડીસા ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. પ્રેસ કોન્ફરન્સ અનુસાર, મૌની અમાવસ્યાના દિવસે શંકરાચાર્ય મહારાજ અને તેમના શિષ્યોને પોલીસે રસ્તામાં જ રોકી બસમાં બેસાડી દીધા હતા. કોઈ ગુના વિના શિષ્યો પર લાઠીચાર્જ થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. આ ઘટનામાં મહિલાઓ સાથે અપમાનજનક વર્તન અને માનવાધિકારોના હનનના ગંભીર આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. શંકરાચાર્ય મહારાજનું પરંપરાગત છત્ર તોડી નાખવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરી આ ઘટનાને સંત સમાજ અને સનાતન પરંપરા પર સીધો હુમલો ગણાવવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે આજે બનાસકાંઠાના ડીસામાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં શંકરાચાર્ય મહારાજના સચિવ કિશોરજી શાસ્ત્રી તેમજ વડોદરા ધર્માંસદ વિદુષી ડો. ગાર્ગી પંડિત ઉપસ્થિત રહ્યા હતા. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન બંને આગેવાનો દ્વારા સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું કે, જો આ મામલે યોગ્ય ન્યાય નહીં મળે તો આવનાર સમયમાં સ્થાનિક લેવલે મોટા વિરોધ અને આંદોલન કરવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સમાં ઉપસ્થિત આગેવાનો દ્વારા ઉત્તર પ્રદેશ સરકાર અને વહીવટીતંત્ર સામે જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી હતી. સાથે જ દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી, શંકરાચાર્ય મહારાજની પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવા અને સંત સમાજના અધિકારોનું રક્ષણ કરવા માટે સ્પષ્ટ માંગો મૂકવામાં આવી હતી. બનાસકાંઠાના ડીસામાં યોજાયેલી આ પ્રેસ કોન્ફરન્સ બાદ હવે આ મુદ્દો વધુ ઉગ્ર બનવાની શક્યતા છે. સ્થાનિક લેવલથી શરૂ થનારા વિરોધ આંદોલન કયા વળાંક લેશે અને સરકાર શું પગલાં લે છે તે જોવાનું રહ્યું..

તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે

# ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે MGVCLની ઘોર બેદરકારી ખુલ્લા વીજ વાયરો અને લટકતો થાંભલો

**મોતને આમંત્રણ** નવા થાંભલા પર વીજ વાયરોને સુરક્ષિત રીતે ફિટ કરવાને બદલે ખુલ્લા છોડી દેવામાં આવ્યા



• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે MGVCLની ઘોર બેદરકારી ખુલ્લા વીજ વાયરો અને લટકતો થાંભલો મોતને આમંત્રણ આપે છે તંત્રની આળસ: જાનહાની થશે તો જવાબદાર કોણ ગ્રામજનોમાં ભારે રોષ ડભોઈ તાલુકાના કુંઢેલા ગામે વીજ કંપની MGVCLની ગંભીર બેદરકારી સામે આવી છે. ગામમાં વીજળીના નવા થાંભલા નાખવામાં આવ્યા હોવા છતાં, જુના અને જોખમી થાંભલા તેમજ ખુલ્લા વીજ વાયરો ગ્રામજનો માટે જીવતું જોખમ બની ગયા છે. વારંવારની રજૂઆતો છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. કુંઢેલા ગામના રહીશોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં વીજ લાઈનના નવીનીકરણના ભાગરૂપે નવો થાંભલો તો લગાવી દેવામાં આવ્યો છે, પરંતુ કામગીરી અધૂરી મૂકી દેવાઈ છે ખુલ્લા વીજ વાયરો: નવા થાંભલા પર વીજ વાયરોને સુરક્ષિત રીતે ફિટ કરવાને બદલે ખુલ્લા છોડી દેવામાં આવ્યા છે. આ વાયરો ગમે ત્યારે મોટા અકસ્માતને નોતરી શકે છે લટકતો જૂનો થાંભલો: જૂનો જર્જરિત થાંભલો હજુ પણ હટાવવામાં આવ્યો નથી અને તે જોખમી રીતે લટકી રહ્યો છે. જો આ થાંભલો કોઈ રાહદારી કે મકાન પર પડશે, તો મોટી જાનહાની થવાની ભીતિ સેવાઈ રહી છે. વીજ કરંટનો ભય: ખુલ્લા વાયરો અને નીચા લટકતા જોડાણોને કારણે પશુઓ કે બાળકોને કરંટ લાગવાની શક્યતા વધી ગઈ છે. તંત્રની બેદરકારી સામે સવાલો ગામના જાગૃત નાગરિકોએ આ બાબતે અનેકવાર MGVCLના અધિકારીઓને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. છતાં, અધિકારીઓ દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની નક્કર કામગીરી કરવામાં આવી નથી. ગ્રામજનો પૂછી રહ્યા છે કે જો આ ખુલ્લા વાયરોને કારણે કોઈનો જીવ જશે, તો તેનો જવાબદાર કોણ શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યું છે લોકોના ટેક્સના પૈસે ચાલતું તંત્ર પ્રજાની સુરક્ષા માટે આટલું ઉદાસીન કેમ છે ગ્રામજનોની માંગ ડભોઈ તાલુકાના કુંઢેલા ગામના લોકોની માંગ છે કે MGVCLના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સ્થળની મુલાકાત લે અને યુદ્ધના ધોરણે આ

# સ્ટેન્ડિંગ કમિટીએ રદ કરેલું 120 કરોડનું ટેન્ડર ફરીવાર બહાર પાડવામાં આવ્યું

**હવે માત્ર કોબા- તપોવન રોડનું બ્યુટીફિકેશન થશે**

• ગાંધીનગર



ગાંધીનગરમાં સ્ટ્રીટ ડેવલપમેન્ટ અને રોડ બ્યુટીફિકેશન પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે ત્યારે કોબાથી તપોવન અને કોબા ઈન્દિરા બ્રિજ સુધીના રોડ પર સ્ટ્રીટ ડેવલપમેન્ટનું 120 કરોડ રૂપિયાનું ટેન્ડર સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ગત એપ્રિલ મહિનામાં રદ કરી દેવામાં આવ્યું હતું. હવે ફરી આ કામ માટે મહાનગરપાલિકા દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. જોકે, આ વખતે આ કામગીરીના બે ભાગ કરીને હાલ કોબાથી તપોવન સર્કલ સુધીના રોડના બ્યુટીફિકેશન અને સ્ટ્રીટ ડેવલપમેન્ટનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. આ કામગીરી પાછળ 27.83 કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. અગાઉ મહાનગરપાલિકા દ્વારા આ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ત્યારે કોબાથી ઈન્દિરા બ્રિજ, કોબાથી તપોવન સર્કલ આ બંને માર્ગ પર સ્ટ્રીટ ડેવલપમેન્ટ અને રક્ષાશક્તિ સર્કલના ડેવલપમેન્ટ એમ ત્રણેય કામગીરીનું ટેન્ડર હતું. જે રદ થયા બાદ હવે ફરી મહાનગરપાલિકા દ્વારા આ કામોને અલગ અલગ તારવીને ટેન્ડર બહાર પાડવામાં આવી રહ્યા છે. રક્ષા શક્તિ સર્કલના ડેવલપમેન્ટનું કામ અન્ય કામ સાથે સાંકળી લેવાયું છે જ્યારે હાલ કોબાથી તપોવન સર્કલ સુધીના રસ્તાના સ્ટ્રીટ ડેવલપમેન્ટનું ટેન્ડર 27.83 કરોડ રૂપિયાના ખર્ચના અંદાજ સાથે બહાર પાડવામાં આવ્યું છે. ગાંધીનગરને અમદાવાદ સાથે જોડતો આ મુખ્ય હાઈવે છે. તપોવન સર્કલ સુધી મહાનગરપાલિકાની હદ છે. આથી કોબાથી તપોવન સર્કલ સુધીના 3 કિલોમીટરના મેઈન રોડની બંને તરફ સ્ટ્રીટ ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. મેઈન રોડની બંને તરફ વોક વે, સીટીંગ, કલાત્મક સ્ટ્રીટ લાઈટ પોલ, બ્યુટીફિકેશન, લેન્ડ સ્કેપિંગ ઉપરાંત કાફેટેરીયા ટાઈપની શોપ્સ પણ વિકસાવાશે. અહીં ફૂટપાથ તેમજ પાર્કિંગની સુવિધા પણ રખાશે. મેટ્રો સ્ટેશનને ધ્યાને લઈને આ સુવિધા વિચારાઈ છે. મેઈન હાઈવે ઉપરાંત આસપાસમાં રહેણાંક વિસ્તાર પણ હોવાથી જન સુવિધાને ધ્યાનમાં રાખીને ડિઝાઈન તૈયાર કરાઈ છે. જેના અંદાજિત ખર્ચ 101 સામે ટેન્ડર 18.8 ટકા ઉંચુ એટલે કે 120 કરોડનું ભરાયું હતું જેને કારણે મહાનગરપાલિકાને વધારાનું 19 કરોડ રૂપિયાનું ભારણ આવતું હતું. તે વખતે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા માત્ર બે જ એજન્સીઓ આવી હોવાથી સ્પર્ધાત્મક ભાવ મળ્યા નહીં હોવાનું અને ટેન્ડર ઉંચુ ભરાયું હોવાનું કારણ દર્શાવીને રદ કરી દેવામાં આવ્યું હતું.

# અમદાવાદ : 4 વર્ષ બાદ લૂંટારી દુલ્હન લાલદારવાજાથી ઝડપાઈ

**લગ્ન કરી 4 દિવસમાં દાગીના-રોકડ લઈ જતી ફરાર**

• અમદાવાદ



અમદાવાદમાં 'લૂંટારી દુલ્હન' તરીકે ઓળખાતી અને છેલ્લા 4 વર્ષથી પોલીસને ચકમો આપી રહેલી મુખ્ય આરોપી માનવી મીણાને આખરે ક્રાઈમ બ્રાન્ચે લાલ દરવાજા વિસ્તારમાંથી ઝડપી પાડી છે. રાજસ્થાનના ઉદયપુરની રહેવાસી માનવી અને તેની ટોળકી ખાસ કરીને એવા ઉંમરલાયક યુવકોને શોધતી હતી જેમના લગ્ન થવામાં મુશ્કેલી પડતી હોય. પરિવારનો વિશ્વાસ જીતી લગ્ન કર્યાના ગણતરીના દિવસોમાં જ આ યુવતી લાખોની રોકડ અને દાગીના ચોરીને પલાયન થઈ જતી હતી. મળતી માહિતી અનુસાર, વર્ષ 2022માં માધુપુરાના એક યુવક સાથે લગ્ન કર્યા બાદ માનવી માત્ર ચાર જ દિવસમાં દોઢ લાખની રોકડ અને કિંમતી ઘરેણાં લઈને ફરાર થઈ ગઈ હતી. આ ગુનામાં સંડોવાયેલા તેના માતા-પિતા અને એક સાથીદારની પોલીસે અગાઉ ધરપકડ કરી લીધી હતી, પરંતુ મુખ્ય સૂત્રધાર માનવી સતત અલગ-અલગ શહેરોમાં આશરો લઈને પોલીસથી બચતી રહી હતી. અંતે ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે આઈપી મિશન ચર્ચ પાસે વોચ ગોઠવી તેને દબોચી લીધી હતી. હાલમાં આરોપીને વધુ તપાસ માટે માધુપુરા પોલીસને સોંપવામાં આવી છે, જ્યાં તેના ફોન રેકોર્ડ્સ અને બેન્ક ખાતાઓની વિગતો તપાસવામાં આવી રહી છે. પોલીસને આશંકા છે કે આ ટોળકીએ અમદાવાદ સિવાય અન્ય શહેરોમાં પણ અનેક પરિવારોને પોતાની જાળમાં ફસાવ્યા હશે. આ તપાસ દરમિયાન લગ્નના નામે છેતરપિંડી આચરતા આ મોટા રેકેટમાં સામેલ અન્ય શખસો અને ભોગ બનેલા નવા પીડિતોના નામો સામે આવવાની શક્યતા છે.

## માણેકચોકમાં બંગાળી યુવકનો આપઘાત, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

અમદાવાદ : અમદાવાદના માણેકચોકમાં એક યુવકે ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. રૂગનાથ બમ્બાની પોળમાં આવેલા ઓમકાર ફ્લેટમાં આ બનાવ બન્યો હતો, જેના કારણે સ્થાનિક રહીશોમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આપઘાત પાછળનું કારણ આર્થિક તંગી હોવાનું મનાઈ રહ્યું છે, જે અંગેની જાણ થતાં જ ખાડિયા પોલીસે ઘટનાસ્થળે પહોંચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, મૃતક યુવક મૂળ બંગાળનો વતની હતો અને અહીં ઓમકાર ફ્લેટમાં વસવાટ કરતો હતો. છેલ્લા કેટલાક સમયથી તે ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર, યુવક પર દેવાનો બોજ વધી જવાથી તે સતત માનસિક તણાવમાં રહેતો હતો. આ આર્થિક સંકડામણ અને દેવાના ભારથી કંટાળીને આખરે તેણે પોતાના મકાનમાં પંખા સાથે લટકીને અંતિમ પગલું ભરી લીધું હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે. આ ઘટનાની જાણ થતા જ ખાડિયા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહને પંખા પરથી ઉતારીને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપ્યો છે. હાલમાં પોલીસ દ્વારા આસપાસના પાડોશીઓના નિવેદન લેવામાં આવી રહ્યા છે અને યુવકના પરિવારજનોને આ અંગે જાણ કરવામાં આવી છે. આપઘાત પાછળ અન્ય કોઈ કારણ જવાબદાર છે કે કેમ, તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

**નોકરી લાગ્યાના બીજા જ દિવસે ગઠિયો ફોન લઈ ફરાર**

# અમદાવાદના નવરંગપુરાના ઈન્સ્ટાકાર્ટ કંપનીના સ્ટોરમાંથી એક જ દિવસમાં છ ફોનની ચોરી

• અમદાવાદ



અમદાવાદ શહેરના નવરંગપુરા સ્ટેડિયમ પાસે આવેલા ઈન્સ્ટાકાર્ટ કંપનીના સ્ટોરમાં થોડા દિવસો પહેલા એક વ્યક્તિ નોકરીએ લાગ્યો હતો. તેણે ચાર દિવસ બાદ તેના ઓળખીતાને નોકરીએ બોલાવ્યો હતો. આ ગઠિયાએ નોકરીએ આવ્યાના એક જ દિવસમાં છ ફોન ચોરી કર્યા હતા. તેને નોકરીએ રાખનારે પણ તેને ભગાડવામાં મદદગારી કરી હતી. નવરંગપુરા પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. જુહાપુરામાં રહેતા અતીક સૈયદ ઈન્સ્ટાકાર્ટ કંપનીમાં એનફોર્સમેન્ટ અધિકારી તરીકે નોકરી કરે છે. આ કંપનીના ભારતભરમાં વેરહાઉસ અને સ્ટોર આવેલા છે. જે પૈકી એક સ્ટોર નવરંગપુરા સ્ટેડિયમ પાસે આવેલો છે. જે સ્ટોરથી ઓનલાઈન ઓર્ડરની વસ્તુઓનો સંગ્રહ અને વિતરણ થાય છે. ગત 24 નવેમ્બરે શોર્ટિંગ એક્ઝિક્યુટિવ તરીકે આદીત્ય સોની જોડાયો હતો. તે વિવિધ પાર્સલોનું સરનામા મુજબ વર્ગીકરણ કરવાનું કામ કરતો હતો. ચાર દિવસ બાદ તેણે એઝાઝ શેખને કામ પર રાખ્યો હતો. જે પછી બીજા જ દિવસથી બંનેએ નોકરીએ આવવાનું બંધ કરી દીધુ હતું. બંનેને ફોન કરવા છતાં બંને નોકરીએ ન આવતા સ્ટોરમાં તપાસ કરતા છ ફોન ગુમ હતા. જેથી સ્ટોરના સીસીટીવી તપાસ કરતા આ બંનેએ નોકરીના સમયગાળામાં 1.32 લાખના છ ફોનની ચોરી કરી હતી. એઝાઝે ફોનની ચોરી કરીને જેકેટમાં સંતાડ્યા હતા અને આદિત્યએ તેને ઈશારો કરીને બહાર ભગાવી મૂક્યો હતો. નવરંગપુરા પોલીસે બંને આરોપીઓ સામે ફરિયાદ નોંધી તપાસ કરતા બંને આરોપીઓ મળી આવ્યા હતા. પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઝોન 1 ડીસીપી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે, બંને આરોપીઓ દારૂ પીવાની લત ધરાવે છે અને આર્થિક તંગી તેમજ મોજશોખ પૂરા કરવા ચોરીનો પ્લાન ઘડ્યો હતો. પોલીસને આશંકા છે કે આ બંને શખસો ચોરી કરવાના ઈરાદે જ નોકરીએ રહ્યા હતા. હાલ પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીઓએ અગાઉ અન્ય કોઈ સ્થળે આ પ્રકારે ચોરી કરી છે કે કેમ અને તેમની સામે ભૂતકાળમાં કોઈ ગુના નોંધાયેલા છે કે નહીં.

સુવિધા

બે આઈકોનિક રોડ પ્રોજેક્ટથી શહેરની રોનક બદલાશે

# નડિયાદમાં કેનાલથી ડી-માર્ટ અને પીજ રોડથી પીપલગ રોડ સુધીની કામગીરી વેગીલી બની

## રિંગ રોડ પર દબાણો હટાવવાની કામગીરી અને કેનાલ રોડ પર ડ્રેનેજની વ્યવસ્થા યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી

નડિયાદ : નડિયાદ શહેરના મુખ્ય બે માર્ગોને આઈકોનિક રોડ તરીકે વિકસાવવાની યોજના પર તંત્ર દ્વારા કામગીરી પૂરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત કેનાલથી ડી-માર્ટ સુધીના રસ્તાને અને પીજ રોડથી શરૂ થતા રિંગ રોડ પર પીપલગ રોડ સુધીના પટ્ટાને આધુનિક ઢબે તૈયાર કરવામાં આવશે. આ બંને રોડ તૈયાર થવાથી શહેરમાં એક નવું નજરાણું ઉમેરાશે અને ટ્રાફિકની સમસ્યામાં પણ આંશિક રાહત મળવાની શક્યતા છે.

આ કામગીરીના ભાગરૂપે કેનાલથી ડી-માર્ટ સુધીના આઈકોનિક રોડ પ્રોજેક્ટમાં સૌ પ્રથમ વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીનો આરંભ કરી દેવામાં આવ્યો છે. રોડની ડિઝાઈન એવી રીતે તૈયાર કરવામાં આવી છે કે, જેમાં માત્ર વાહનો માટે જ નહીં પરંતુ રાહદારીઓ માટે પણ વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ હશે. આ પ્રોજેક્ટમાં વોક-વે અને આધુનિક સ્ટ્રીટ લાઈટિંગની વ્યવસ્થા કરવામાં આવશે, જેથી રાત્રિના સમયે પણ આ વિસ્તાર ઝળહળી ઉઠશે. આ ઉપરાંત રોડની આસપાસ ગાર્ડન એરિયા વિકસાવવામાં આવશે અને રોડની વચ્ચેના ડિવાઈડરમાં ગ્રીનરી સાથેનું ડેવલપમેન્ટ કરવામાં આવશે જે પર્યાવરણની જાળવણીમાં પણ મદદરૂપ થશે.

બીજી તરફ શહેરના પશ્ચિમ વિસ્તારમાં પીજ રોડથી શરૂ થતા રિંગ રોડ પર પીપલગ રોડ તરફ જતા માર્ગને પણ આઈકોનિક રોડ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. આ રસ્તા પર વર્ષો જૂના દબાણો અડચણરૂપ હતા. જેથી પાલિકાની દબાણ શાખા દ્વારા રોડની બંને બાજુએ આવેલા કાચા અને પાકા દબાણોને દૂર કરી રસ્તો પહોળો કરવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવી છે. આ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ સતત રહેતું હોવાથી રોડ પહોળો થતાં વાહનચાલકોને મોટી રાહત મળશે. અહીં પણ વોક-વે અને બ્યુટીફિકેશનની કામગીરી હાથ ધરાશે. નડિયાદ મહાનગરપાલિકાના બજેટમાં આઈકોનિક રોડ અને સમાંતર બ્યુટિફિકેશન માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે. મળતી વિગતો મુજબ, આ પ્રોજેક્ટ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટનો ઉપયોગ રોડના નિર્માણ, ફુટપાથ, સ્ટ્રીટ ફનચર અને લેન્ડસ્કેપિંગ જેવી કામગીરી માટે કરવામાં આવશે.




સનાતનનું સત્ય મોરારિબાપુના મુખે-1

# ‘સનાતનસ્વ’તેમ કૃષ્ણને અર્જુન કહે છે કે તમે સનાતન છો.જે અચળ છે તે સનાતન છે

સમયની માગ

હવે મહાત્મ્ય અને મહત્વ માટે મથવું પડશે



• તખુભાઈ સાંડસુર

સનાતન ધર્મ સાંપ્રત સમયે એક કંટકપૂર્ણ પથ પરથી પસાર થઈ રહ્યો છે. જેથી હવે મહાત્મ્ય અને મહત્વ માટે મથવું પડશે.આ સુગંધને પ્રસરાવવા સૌએ યતકિંચિત પ્રયત્નો કરતાં રહેવા એ સમયની માંગ નહીં પરંતુ જરૂરિયાત દેખાય છે. ભગવદ્ગોમંડળ કહે છે કે સનાતનની પરિભાષા કરીએ તો અર્થ સરે છે દિવ્ય પુરુષ. દિવ્ય પોતાની આભાથી પ્રકાશિત છે. ભવ્ય અને દિવ્યનો તફાવત કરીએ તો ભવ્ય ભંગાર થઈ શકે છે અને દિવ્ય એ રોજ નુતન,નવીન અને ઉત્સાહ વર્ધન કરનાર છે. સત્ય, પ્રેમ, કરુણા અને ચોથી અહિંસા એ સનાતનના સ્તંભ છે. સનાતન ધર્મને આપણે વૈદિક સનાતન ધર્મ તરીકે ઓળખીએ છીએ એટલે એનો અર્થ એવો કે વૈદિકની સંધિ કરીએ વૈ એટલે વૈશ્વિક અને દિક એટલે દિશા વિશ્વને દિશા આપે છે,આપનાર એ વૈદિક. રામચરિત માનસ સનાતનની પ્રસ્થાનત્રયી છે. ‘આદિ અંત જાસુ ન પાવા‘. અર્થાત જેનો કોઈ આરંભ કે અંત કોઈ જાણી શકતું નથી તે. સનાતન ધર્મ શાશ્વત છે. કૃષ્ણ સનાતન પુરુષ છે. અને સનાતન ઉર્ધ્વમુળ છે તેથી તેને કોઈ નિર્મુળ કરી શકે નહીં. કોઈ તેની મુરતને તોડી શકે પરંતુ સુરતને નહીં! આપણે ત્યાં સોમનાથના પ્રથમ જ્યોતિર્લિંગ પર અનેક પ્રહારો થયા પણ આજેય અડીખમ છે.સનાતન એટલે સંવાદ. કોઈનો વિરોધ નથી પણ સત્યને ઉજાગર કરતા રહેવું અને સત્ય સાથે જોડાયેલા રહેવું તે જરૂરી છે.રામ સત્યનો પ્રભાવ છે ‘રામો વિગ્રહ વીનો પ્રભુ‘. રામને સત્યનો પ્રભાવ,પ્રેમનો સ્વભાવ અને કરુણાનો પ્રવાહ ગણી શકાય. સનાતન ધર્મ સ્વતઃ શુદ્ધ અને સિદ્ધ છે. ’યજ્ઞ ન મમ ..’ અર્થાત યજ્ઞ મારા માટે નહીં અન્ય માટે, સર્વ માટે છે અને તેથી યજ્ઞ આવશ્યક છે.

આપણી આશ્રમ વ્યવસ્થા જીવનનું આયોજન છે.આવી વ્યવસ્થાને આપણે અલગ રીતે મૂલવીને પછી તેનો દ્રષ્ટિકોણ બદલી દીધો છે અને તેથી તે અસ્વીકાર્ય છે.કર્મસેવાને આધીન આપણી વ્યવસ્થા ક્યાંક જન્મ આધારિત બની ગઈ.

ભગવદ્ ગીતામાં કૃષ્ણએ અર્જુનને કહ્યું કે મારો જન્મ અને કર્મ દિવ્ય છે. ’સનાતનસ્વ ’તેમ કૃષ્ણને અર્જુન કહે છે કે તમે સનાતન છો.જે અચળ છે તે સનાતન છે. તે ગુણાતીત, માયાતીત છે. વિશ્વાસ એ જીવન છે સંશય એ મોત છે.

ભાગવતમાં સનાતનના 30 લક્ષણો બતાવવામાં આવ્યા છે. સૂર્યના 108 નામ સનાતન છે.તે અવિનાશી, નિત્ય, અચળ, શાશ્વત સનાતન છે. સનાતન ધર્મ આકાશની જેમ અનંત છે, ધર્મ વ્યાપક થઈ ચાલે છે. 14 બ્રહ્માંડીય સનાતન છે. ગો, વાણી, કૃષ્ણ, ગોવિંદ બધા સનાતન ધર્મના પર્યાય છે. સનાતન ધર્મમાં કોઈ ભય નથી પણ તે પ્રાણવાયુ છે.તે સાક્ષાત્કાર કરે ચમત્કાર નહીં. સનાતન ધર્મ કોઈની હત્યા કરતો નથી પણ સમગ્ર દ્રષ્ટિ બદલી દે છે.

# વડોદરા જિલ્લા એલ.સી.બી એ શાકભાજી ની આડમાં દારૂનો જથ્થો ઝડપી પાડયો

## નશા કારક વસ્તુ ઓ ને પકડી પાડવા અધિકારીઓની સૂચના

• ફકીરા ખત્રી ડભોઈ



વડોદરા તા.20 લોકલ ક્રાઈમ બ્રાંચ વડોદરા ગ્રામ્ય ના પી.આઈ કે.આર સીસોદીયા એ પોતાના તાબા ના અધિકારીઓ ને વધુ માં વધુ ભારતીય બનાવટ ના વિદેશી શરાબ અને અન્ય નશા કારક વસ્તુ ઓ ને પકડી પાડવા સુચના આપેલ હોય પી.એસ. આઈ. એસ .જે. રાઠવા એલ.સી. બી અને ટીમ સાથે પેટ્રોલીંગ માં હતા પોલીસને બાતમી મળેલ કે બોલેરો પીક અપ MP 13 GB 6484 માં લીલા શાકભાજી ની આડ માં ભારતીય બનાવટ નો વિદેશી શરાબ નો જથ્થો ભરી ડભોઈ બોડેલી રોડ પર વેગા પાસે એચ પી. પ્રેટ્રોલ પંપ પાસે બોલેરો પીક અપ ની તપાસ કરતાં બે ઈસમો ઝડપાયા જેની તપાસ કરતાં ગૌરવ ભેરસિંગ ચૌહાણ રે ચાદપુર કઠીવાડા તા. અલીરાજપુર મધ્યપ્રદેશ અને પીન્ટુ લાલુ ચૌહાણ રે. ઈન્દરસિહ કી ચૌકી અલીરાજપુર મધ્યપ્રદેશ ને ઝડપી પુછતાછ કરતાં ગાડી માંથી શાકભાજી ની આડ માં વિદેશી દારૂ ની કુલ પેટીઓ ૧૩૫,જેમાં કવાટર્યા બિયર ટીન ૪૮૦૦ નંગ જેની કિંમત ૬,૩૨,૨૮૦ |- મોબાઈલ ૨ નંગ ૬૦,૦૦૦ -અંગ ઝડતી ના ૧૭૦૦ લીલા શાકભાજી ના ૪૦,૦૦૦/- અને બોલેરો પીક અપ ની કિંમત ૮ ,૦૦ ૦૦૦ એમ કુલ ૧૫,૩૪ ,૪૮૦ નો મુદ્દા માલ ઝડપી ડભોઈ પોલીસ ને સોંપેલ છે આ ભારતીય બનાવટ ના વિદેશી શરાબ ની ગાડી ચાંદપુર ખાતે થી રાજસ્થાની ઢાબા પાસે થી આપેલ જે વેગા ચોકડી થી થાનસિંગ કિરાડ રે એમ.પી આગળ લઈ જનાર હોવાની વિગતો બહાર આવી છે હવે ડભોઈ પોલીસ આ ની વધુ તપાસ કરી છે.

# થરાદમાં ડમી એટી એમ થી ઠગાઈ કરનાર શખ્સ ઝડપાયો

## 25 હજારની છેતરપિંડીનો ભેદ ખુલ્યો

• પ્રધાનજી ઠાકોર

તા. 8/1/2026ના રોજ એક બહેન થરાદ ખાતે એટીએમમાંથી રૂપિયા ઉપાડવા માટે આવ્યા હતા. તે દરમિયાન એટીએમમાં પહેલેથી ઊભેલા એક ઈસમે મદદ કરવાની આડમાં ડમી એટીએમ કાર્ડ બતાવી “રૂપિયા ઉપાડી દઉં?” કહી વિશ્વાસમાં લઈ લીધો હતો. બહેને મદદની નીતિએ પોતાનું એટીએમ કાર્ડ આપતાં જ યુવકે કાર્ડ બદલી નાખી ઠગાઈ આચરી હતી. પછી આ બદલી કરાયેલા એટીએમ કાર્ડના આધારે આરોપીએ અલગ અલગ સ્થળોએથી અંદાજે રૂ. 25,000 જેટલા રૂપિયા ઉપાડી લીધા હતા. ઘટના અંગે ભાન થતા પીડિત બહેન દ્વારા વાવ-થરાદ જિલ્લાના થરાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે થરાદ પોલીસ સ્ટેશનના પીઆઈ એ ટી પટેલ અને પોલીસ સ્ટાફ દ્વારા ઝડપી કાર્યવાહી



કરી આરોપી પ્રવીણ પુરી, ભૂરપુરી ગામ રડકા,ને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. થરાદ પોલીસ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે એટીએમમાં કોઈ અજાણ્યા વ્યક્તિને કાર્ડ કે પિન નંબર ન આપવો અને કોઈ શંકાસ્પદ પ્રવૃતિ જણાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવી.

# દહેગામના ખાપરેશ્વર પાસે હિટ એન્ડ રનની ઘટના:યુવાનનું મોત

ગાંધીનગર : ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકાના ખાપરેશ્વર ગામની સીમમાં થઈ પથુપુરા ગામે રામદેવપીરના મંદિરે દર્શન કરવા પગપાળા જઈ રહેલા વૃદ્ધને જીંડવા ગામના બાઈક ચાલકે પૂરઝડપે પાછળથી અડફેટે લીધા હતાં. આ ગંભીર અકસ્માતમાં વૃદ્ધને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. આ મામલે મૃતકના પુત્રએ રખિયાલ પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાપરેશ્વર ગામે રહેતા કરસનભાઈ પ્રભાતભાઈ રબારી ગઈકાલે બપોરે ઘરેથી પગપાળા પથુપુરા ખાતે આવેલા રામદેવપીરના મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા હતા. તેઓ જ્યારે ખાપરેશ્વર ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક બાઈકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જાતા કરસનભાઈ રોડ પર પટકાતા જ બેભાન થઈ ગયા હતા. જેમને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક દહેગામની મમતા હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રખિયાલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ટૂંકી સારવારન દરમ્યાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.આ બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. અને આ અકસ્માત સર્જનાર બાઈકનો ચાલક મનીષ રાકેશજી ઠાકોર (રહે. જીંડવા)હોવાનું બહાર આવ્યું હતુ.ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા લાલાભાઈ કરસનભાઈ રબારીએ આ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે મનીષ ઠાકોર વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ખેડૂતની દીકરીએ રચ્યો ઈતિહાસ..

# પાલનપુરની રાધિકા પટેલે વધાર્યું ગૌરવ..રાધિકા પટેલની પસંદગી ઈન્ડિયન વુમન ફૂટબોલ ટીમમાં થઈ

• પાલનપુર દિપક પુરબીયા

પાલનપુરની ખેડૂતની દીકરી રાધિકા પટેલની ઉડાન ગુજરાતથી ગ્લોબલ મેદાન સુધી પહોંચી છે ગુજરાતની દીકરીઓ આજે રમતગમતના મેદાનમાં ઈતિહાસ રચી રહી છેઈન્ડિયન વુમન ફૂટબોલ ટીમમાં માં ગુજરાતની ત્રણ ખેલાડીઓનું સ્થાન મેળવવું એ ગૌરવની વાત છે અને આ ગૌરવમાં બનાસકાંઠાના પાલનપુરની ખેડૂતની દીકરી રાધિકા પટેલનું નામ ખાસ ઉલ્લેખનીય છેજેઓ આજે જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર પાર કરીને હવે ઈન્ટરનેશનલ મેદાનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છેપાલનપુરની સામાન્ય ખેડૂત પરિવારની દીકરી રાધિકા પટેલ જે આજે ઈન્ટરનેશનલ ફૂટબોલના મેદાનમાં ભારત માટે રમે છે રાધિકાએ પાલનપુરની વિદ્યામંદિર શાળામાંથી માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું અને બાળપણથી જ રમતમાં વિશેષ રસ ધરાવતી રાધિકાએ હોકી, યોગા સહિત અનેક રમતોમાં પોતાની છાપ છોડી શરૂઆતમાં માત્ર મજા માટે ફૂટબોલ રમેલી રાધિકાને ખબર નહોતી કે આ રમત એને ઈન્ટરનેશનલ મેદાન સુધી લઈ જશે સ્કૂલમાં ફૂટબોલની પ્રેક્ટિસ શરૂ કરી ધીમે ધીમે જિલ્લા સ્તરે પસંદગી પછી રાજ્ય પછી નેશનલ અને હવે ઈન્ટરનેશનલ લેવલ સુધી પહોંચી છે સ્કૂલ પરિવાર અને કોચનો સતત સપોર્ટ મળ્યો એટલે આજે હું અહીં પહોંચી છું અત્યારે થાઈલેન્ડમાં ચાલી રહેલી મેચોમાં પાકિસ્તાન, શ્રીલંકા, ભૂટાન જેવા દેશો સામે રમવાનું છે ભારત માટે જીત મેળવવી એ મારી સૌથી મોટી પ્રાથમિકતા છે .બેંગ્લોરમાં ટ્રેનિંગ કેમ્પ પૂર્ણ કર્યા બાદછેલ્લા બે મહિનાથી રાધિકા થાઈલેન્ડમાં છેજ્યાં ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં ભારત માટે મેદાનમાં ઉતરી રહી છે અને આજે પાકિસ્તાન સામે તેની મેચ છે જોકેદાંતીવાડા યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચરમાં અભ્યાસ કરતી રાધિકા આજે સ્ટડી અને સ્પોર્ટ્સ બન્નેને સંતુલિત રીતે આગળ લઈ જઈ રહી છે રાધિકાને નાનપણથી જ નવી ચેલેન્જ સ્વીકારવાનો શોખ હતો. યોગા હોય કે રમતગમત દરેક ક્ષેત્રમાં એ આગળ રહેતી.આજે એ ઈન્ટરનેશનલ રમે છે ત્યારે પરિવાર સાથે આખું બનાસકાંઠા ગર્વ અનુભવી રહ્યું છે.બાળપણથી જ એને રમતગમતમાં રસ હતો. ચાર દિવસ સુધી વાત ન થઈ ત્યારે ચિંતા હતી પણ આજે દેશ માટે રમે છે એ વિચારે ગર્વ થાય છે.ખેડૂતની દીકરી નાસપનાઓ મોટા છેઅને મહેનત અડગ છેરાધિકા પટેલ આજે માત્ર એક ખેલાડી નથીપરંતુ હજારો દીકરીઓ માટે પ્રેરણા બની ગઈ છેગુજરાતની દીકરી રાધિકા પટેલની આ ઉડાનનક્કી જ મહિલા ફૂટબોલ માટે નવું આકાશ ખોલશેઅને આવનારા સમયમાં અનેક દીકરીઓને મેદાનમાં ઉતરવાની પ્રેરણા આપશે

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI



# નયનતારાએ અનુભવી અભિનેત્રી સાથે દુબઈમાં યાટ પર સૂર્યાસ્તનો આનંદ માણ્યો

મહિલા સુપરસ્ટાર તરીકે જાણીતી દક્ષિણ ભારતીય અભિનેત્રી નયનતાર આજકાલ તેની ફિલ્મો કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારમાં છે. હવે, નયનતારાએ અભિનેત્રી ત્રિશા કૃષ્ણન સાથેના પોતાના ફોટા શેર કર્યા છે. આ ફોટા નયનતારા અને ત્રિશાના વેકેશન દરમિયાન લેવામાં આવ્યા હતા. આ ફોટા હવે હેડલાઈન્સમાં છે.નયનતારાએ તેના ઈન્સ્ટાગ્રામ પર ત્રિશા કૃષ્ણન સાથેના ઘણા ફોટા શેર કર્યા. આ ફોટા દુબઈના છે, જ્યાં નયનતારા અને ત્રિશા એક યાટ પર જોવા મળે છે. યાટના કિનારે બેઠેલી, બંને અભિનેત્રીઓ સૂર્યાસ્તનો આનંદ માણી રહી છે. બાદમાં, બંને અભિનેત્રીઓએ સ્પષ્ટતા કરી કે તફાવતો અતિશયોક્તિપૂર્ણ હતા અને વ્યવસાયિક રીતે કંઈ સંબંધિત નથી. તેમના સાથે અને સાથે વેકેશન માણવાના ફોટા સામે આવ્યા બાદ ચાહકો ખૂબ જ ખુશ છે. આ દરમિયાન, તેઓએ કેમેરા માટે ઘણા અલગ અલગ પોઝ આપ્યા. આ ફોટામાં, નયનતારા અને ત્રિશા કૃષ્ણન કાળા પોશાકમાં જોવા મળે છે. કેટલાક ફોટામાં, બંને અભિનેત્રીઓ સનગ્લાસ પણ પહેરેલી છે. ફોટામાં બંને ખૂબ ખુશ દેખાય છે. ફોટા શેર કરતી વખતે, નયનતારાએ કેપ્શનમાં ફક્ત લાલ હૃદય બનાવ્યું હતું.

આ ફોટા ખાસ માનવામાં આવે છે કારણ કે બંને એક સમયે ખૂબ નજીક હતા. જો કે, તેમની વચ્ચે અણબનાવની અટકળો એક દાયકા પહેલા શરૂ થઈ હતી. બાદમાં, બંને અભિનેત્રીઓએ સ્પષ્ટતા કરી કે તફાવતો અતિશયોક્તિપૂર્ણ હતા અને વ્યવસાયિક રીતે કંઈ સંબંધિત નથી. તેમના સાથે અને સાથે વેકેશન માણવાના ફોટા સામે આવ્યા બાદ ચાહકો ખૂબ જ ખુશ છે. હવે એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે તેમની વચ્ચે આવી કોઈ તિરાડ નથી.

કામના મોરચે, નયનતારા તાજેતરમાં અનિલ રવિપુડી દ્વારા દિગ્દર્શિત અને ચિરંજીવી અભિનીત ફિલ્મ 'મન શંકરા વારા પ્રસાદ ગરુ'માં જોવા મળી હતી. તેની આગામી ફિલ્મમાં યશની ''ટોક્સિકઃ અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ''નો સમાવેશ થાય છે. ફિલ્મનો તેનો પહેલો લુક તાજેતરમાં જ જાહેર કરવામાં આવ્યો હતો, અને તેને ખૂબ જ પસંદ કરવામાં આવ્યો હતો.



**હું શાહરુખ સાથે કામ કરવા ખુશ હતો પણ વિલનનો રોલ નથી કરવો**

# વિજય સેતુપતિ હવે નકારાત્મક ભૂમિકા નહીં કરે, ફેન્સને ગમતું નથી



તમિલ સુપરસ્ટાર વિજય સેતુપતિએ શાહરુખની અટલી સાથેની ફિલ્મ જવાનમાં નેગેટીવ રોલ કર્યો હતો. તે એક જાણીતો કલાકાર છે, તેનો અભિનય હંમેશા વખણાયો છે, છતાં તેના ફૅન્સ વિજયને નેગેટીવને રોલમાં જોવાનું ઓછું પસંદ કરે છે. વિજય સેતુપતિને પણ શાહરુખ સાથે કામ કરવામાં મજા આવી હતી, પરંતુ તેણે હવે ઈરાદાપૂર્વક નકારાત્મક રોલ ન કરવાનો નિર્ણય લીધો છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં વિજયે જણાવ્યું કે તેને પોતાને કે તેના ફૅન્સને નેગેટિવ રોલ ગમતા નથી. વિજયે જવાનના રોલ માટેના નકારાત્મક પ્રતિસાદ અંગે વાત કરતા જણાવ્યું, ''જે રીતે એ રોલ બન્યો , એ મારા મનમાં એ રીતે નહોતો. હું ખુશ હતો કે હું શાહરુખ સાથે સ્ક્રીન શેર કરતો હતો.

**અક્ષય કુમાર આ દિવસોમાં તેની ફિલ્મ 'જોલી એલએલબી ૩' માટે સમાચારમાં છે**

# અક્ષય કુમાર ટ્વિંકલ ખન્ના સાથે મૂવી ડેટ પર જાય છે, પત્નીનો હાથ પકડીને પોઝ આપ્યો

અક્ષય કુમાર આ દિવસોમાં તેની ફિલ્મ 'જોલી એલએલબી ૩' માટે સમાચારમાં છે. તે તાજેતરમાં તેની પત્ની ટ્વિંકલ ખન્ના સાથે મૂવી ડેટ પર ગયો હતો. તેઓએ તેની ફિલ્મ 'જોલી એલએલબી ૩' જોઈ. તેમની હાજરીથી ફિલ્મ માટે લોકોનો ઉત્સાહ વધુ વધી ગયો છે. તેમના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.



વાયરલ વીડિયોમાં, અક્ષય કુમાર અને તેની પત્ની ટ્વિંકલ ખન્ના સ્ટાઈલિશ દેખાતા હતા. તેઓ સાથે ખૂબ જ મજા માણી રહ્યા હતા. અક્ષય કુમાર મુંબઈના એક સિનેમા હોલની બહાર પાપારાઝી માટે પોઝ આપતી વખતે તેની પત્નીને પ્રેમથી પકડીને જોવા મળ્યા હતા.હિટ ફ્રેન્ચાઈઝ ''જોલી એલએલબી'' ના ત્રીજા ભાગમાં અક્ષય કુમાર જોલી મિશ્રા અને અરશદ વારસી જોલી ત્યાગી તરીકે છે. સૌરભ શુક્લા, ગજરાજ રાવ, અમૃતા રાવ અને હુમા કુરેશી પણ મુખ્ય ભૂમિકાઓ ભજવે છે. આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. તેના પહેલા દિવસે, તેણે બોક્સ ઓફિસ પર ૧૨ કરોડની કમાણી કરી હતી. આ કલેક્શનને સરેરાશ ગણવામાં આવે છે.કાનૂની મુશ્કેલીઓ પછી, ફિલ્મ ''જોલી એલએલબી ૩'' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. રિલીઝ થયા પછી, અક્ષય કુમારે ટ્વીટ કર્યું, ''કેસ નંબર ૧૭૨૨ આજે સાંભળવામાં આવશે. કોર્ટમાં સુનાવણી હવે ફરી શરૂ થઈ ગઈ છે! 'જોલી એલએલબી ૩' હવે સિનેમાઘરોમાં છે. તમારી ટિકિટ બુક કરો.''

ફિલ્મને વિવેચકો અને દર્શકો તરફથી સકારાત્મક સમીક્ષાઓ મળી રહી છે. અમર ઉજાલાએ ફિલ્મને ૩.૫ સ્ટાર રેટિંગ આપ્યું છે. સમીક્ષકે લખ્યું, ''જોલી એલએલબી ૩'' મનોરંજન અને સામાજિક સંદેશનું મિશ્રણ છે.

**શેફાલી જરીવાલાના અચાનક અવસાનથી તેના મિત્રો અને પરિવારજનો ચોંકી ગયા**

# શું શેફાલી જરીવાલાને કાળો જાદુ કરવામાં આવ્યો હતો, પતિ પરાગ ત્યાગીએ ચોંકાવનારો સત્ય દાવો કર્યો

'બિગ બોસ ૧૩' ફેમ શેફાલી જરીવાલાના અચાનક અવસાનથી તેના મિત્રો અને પરિવારજનો ચોંકી ગયા છે. આ સમાચાર સમગ્ર મનોરંજન ઉદ્યોગ માટે એક મોટો આઘાત સમાન આવ્યા છે. તેના પતિ, પરાગ ત્યાગી, હજુ પણ તેના મૃત્યુના દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોતાની પત્નીની યાદમાં પોતાનું જીવન સમર્પિત કરનારા પરાગે તાજેતરમાં શેફાલી જરીવાલાના મૃત્યુ અંગે એક ચોંકાવનારો દાવો કર્યો હતો. પારસ છાબરાના પોડકાસ્ટ દરમિયાન, પરાગે આરોપ લગાવ્યો હતો કે તેમની પત્ની પર કાળો જાદુ કરવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે તે આ દાવો સંપૂર્ણ પ્રામાણિકતાથી કરી રહ્યા છે.

કાળા જાદુના દાવા વિશે બોલતા, પરાગે કહ્યું, ''તમે જાણો છો, ઘણા લોકો આ બાબતોમાં માનતા નથી, પરંતુ હું તેમાં દૃઢપણે માનું છું. જ્યાં



ભગવાન છે, ત્યાં શેતાન પણ છે. અને તમે જાણો છો, લોકો પોતાના દુઃખથી દુઃખી નથી થતા, તેઓ બીજાના સુખથી દુઃખી થાય છે. મને નથી લાગતું કે મને ખબર છે કે કોણે કર્યું. હું કહી શકતો નથી કે કોણે કર્યું, પરંતુ મને લાગે છે કે કંઈક ખોટું છે. મેં એક વાર નહીં પણ બે વાર આવું અનુભવ્યું છે, અને હું પહેલી વાર આમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યો, પરંતુ આ વખતે તે થોડું ભારે હતું... મને ખબર નથી કે તે શું હતું અથવા શું હતું.

પોડકાસ્ટમાં, તેમણે એવો પણ દાવો કર્યો હતો કે આ બીજી વખત તેમના પર કાળો જાદુ કરવામાં આવ્યો હતો અને તેમને લાગ્યું કે શેફાલીમાં કંઈક ખોટું છે. તેમણે કહ્યું, ''જ્યારે હું પૂજામાં બેસું છું, ત્યારે મને લાગે છે કે કંઈક ખોટું છે. આ બીજી વખત છે. તે ખૂબ જ ખુશખુશાલ છોકરી છે, હું તેના લક્ષણોનું બરાબર વર્ણન કરી શકતી નથી. હું વધારે વિગતોમાં જવા માંગતી નથી, પરંતુ મને ફક્ત તેને સ્પર્શ કરીને કંઈક ખોટું થયું હોવાનું લાગ્યું. આ વખતે, તે થોડું વધુ તીવ્ર હતું, તેથી મેં એક નાની પૂજા કરી. મને ખાતરી છે કે કોઈએ તે કર્યું હશે.''જે લોકો જાણતા નથી તેમના માટે, શેફાલી જરીવાલાનું ૨૭ જૂનના રોજ હૃદયરોગના હુમલાથી અવસાન થયું. અભિનેત્રીને તેમના પ્રથમ ગીત ''કાંતા લગા'' માટે સૌથી વધુ યાદ કરવામાં આવે છે.

## બોલીવુડ ગોસીપ

### અજય દેવગન, રિતેશ દેશમુખ અને અર્શદ વારસીની 'ધમાલ ૪' ૧૨ જૂને રિલીઝ થશે

ધમાલ સિરીઝ આ વર્ષે નવી ફિલ્મ સાથે પરત ફરવાની છે અને મેકર્સે હવે ૧૨ જૂને ફિલ્મ રિલીઝની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી છે. સિનેમાપ્રેમીઓ માટે એક મસ્ત કોમેડી એડવેન્ચર તૈયાર છે, કારણ કે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ધમાલ સિરીઝના મેકર્સે તેની આગામી



ફિલ્મની રિલીઝની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર મુકાયેલી એક પોસ્ટમાં લખાયું હતું, 'ધમાલ ટાઈમ્સ, બ્રેકિંગ ન્યૂઝ'. આ તસવીરમાં રિલીઝ તારીખ દર્શાવવામાં આવી હતી, જેમાં ૧૨ જૂન, ૨૦૨૬ને કન્ફર્મ કરવામાં આવી છે. સાથે જ તેમાં લખાયું હતું, ''અબ ધમાલ બોલા હૈ, તો કરના હી પડેગા. સ્ટે ટ્યુન્ડ!'' ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી મુખ્ય ભૂમિકામાં છે.

### શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા પાસે ૧૫૦ કરોડના બિટકોઇન હોવાનો દાવો!

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટની નોંધ લેતા, મુંબઈની વિશેષ PMLA કોર્ટે બિટકોઈન પોન્ઝી કૌભાંડમાં શિલ્પા શેટ્ટીના પતિ બિઝનેસમેન રાજ કુન્દ્રા અને દુબઈ સ્થિત વેપારી



રાજેશ સતીજાને સમન પાઠવ્યા છે. અદાલતે બંને આરોપીઓને 19 જાન્યુઆરીના રોજ હાજર થવા નિર્દેશ આપ્યો છે.EDએ સપ્ટેમ્બર 2025માં PMLA હેઠળ નોંધાયેલા કેસમાં સ્પેશિયલ કોર્ટમાં સપ્લીમેન્ટરી ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં રાજ કુન્દ્રા અને રાજેશ સતીજાને આરોપી બનાવવામાં આવ્યા છે. તપાસ એજન્સીના જણાવ્યા પ્રમાણે, કુખ્યાત 'ગેન બિટકોઈન પોન્ઝી કૌભાંડ'ના માસ્ટરમાઈન્ડ અને પ્રમોટર અમિત ભારદ્વાજે રાજ કુન્દ્રાને યુક્રેનમાં બિટકોઈન માઈનિંગ ફાર્મ શરૂ કરવા માટે 285 બિટકોઈન આપ્યા હતા. જોકે, આ સોદો આગળ વધી શક્યો નહોતો, પણ EDનો દાવો છે કે આ 285 બિટકોઈન આજે પણ રાજ કુન્દ્રા પાસે જ છે.

### ફિલ્મ 'રેસ ૪' માં અભિનેતા અક્ષય ખન્ના નહી જ હોય

''ધુરંધર'' ની બ્લોકબસ્ટર સફળતા પછી, અક્ષય ખન્નાની આગામી ફિલ્મ વિશે અટકળો તેજ થઈ ગઈ છે. અફવાઓ ફેલાઈ રહી છે કે અભિનેતાને ''રેસ'' ફ્રેન્ચાઈઝીના ચોથા હપ્તામાં કાસ્ટ કરવામાં આવ્યો છે. નિર્માતા



રમેશ તૌરાનીએ હવે પોતાનું મૌન તોડ્યું છે અને સત્ય સ્પષ્ટ કર્યું છે.''રેસ'' ફ્રેન્ચાઈઝીના ચોથા હપ્તા પર હાલમાં કામ ચાલી રહ્યું છે, જેના કારણે એવી અટકળો થઈ રહી છે કે અક્ષય ખન્ના અને સૈફ અલી ખાન (જે બંને મૂળ ફિલ્મનો ભાગ હતા) નવા પ્રકરણ માટે ફરી ભેગા થઈ શકે છે. આ અહેવાલોને સ્પષ્ટતા આપતા, નિર્માતાએ જણાવ્યું, ''ના, અમે અક્ષયનો સંપર્ક કર્યો નથી. એવી કોઈ શક્યતા નહોતી.જ્યારે પૂછવામાં આવ્યું કે શું નિર્માતાઓ અભિનેતાને શામેલ કરવા માટે વાર્તામાં ફેરફાર કરવાનું વિચારી રહ્યા છે.

**કેન્યામાં લગ્ન અને ભરણપોષણ વગરના છૂટાછેડા: અલી પુંજાની સાથેની મુશ્કેલ સફર**

# કિમ શર્માની લાઈફ સફરઃ ચાર વખત સગાઈ તૂટી અને ચાર વાર પ્રેમમાં પડી, છતાં આજે સંભાળે છે મોટી જવાબદારી




મોટાભાગના સ્ટાર્સ ફિલ્મ ઉદ્યોગમાં એક અલગ છાપ છોડવા અને એક અનોખી ઓળખ સ્થાપિત કરવાના ઈરાદા સાથે પ્રવેશ કરે છે. જ્યારે કેટલાક લોકો પોતાની પહેલી ફિલ્મથી દર્શકોના દિલ જીતી લે છે, ત્યારે લાંબા સમય સુધી ઈન્ડસ્ટ્રીમાં રહેવું અને પ્રિય રહેવું એ સરળ કામ નથી. આ જ કારણ છે કે ઘણા સ્ટાર્સ, તેમની પહેલી ફિલ્મથી હિટ હોવા છતાં, ધીમે ધીમે લાઈમલાઈટ અને અભિનયથી દૂર થઈ જાય છે. આજે આવી જ એક અભિનેત્રીનો જન્મદિવસ છે. આ અભિનેત્રીએ શાહરૂખ ખાનની ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. અમે કિમ શર્મા વિશે વાત કરી રહ્યા છીએ, જેમણે મલ્ટી-સ્ટારર ફિલ્મ ''મોહબ્બતેં'' થી ડેબ્યૂ કર્યું હતું. જોકે, કિમે ટૂંક સમયમાં ફિલ્મ ઉદ્યોગમાંથી નિવૃત્તિ લીધી. તો ચાલો જાણીએ કે તે ક્યાં છે અને હવે શું કરી રહી છે.કિમ શર્માએ ''મોહબ્બતેં'' થી ડેબ્યૂ કર્યું, જેણે તેણીને ખૂબ પ્રશંસા મેળવી. તેણીના બબલી અને ગ્લેમરસ વર્તને બધાને મોહિત કર્યા. તેણીએ ફિલ્મમાં યુગલ હંસરાજ સાથે અભિનય કર્યો. આ જોડીની કેમેસ્ટ્રી હિટ રહી. દર્શકોને તેમની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી ખૂબ ગમતી હતી. ફિલ્મની સફળતા સાથે, કિમને શ્રેણીબદ્ધ ફિલ્મોની ઓફર કરવામાં આવી હતી. થોડા સમય પછી, તેણી ''તુમસે અચ્છા કૌન હૈ,'' ''ફિદા,'' અને ''યકીન'' જેવી ફિલ્મોમાં દેખાઈ, પરંતુ આમાંથી કોઈ પણ ફિલ્મ તેને સફળતા અપાવી નહીં. સતત ફ્લોપ થયા પછી, કિમે ફિલ્મ ક્ષેત્રે નિવૃત્તિ લીધી.કિમ શર્મા તેના વ્યાવસાયિક જીવન કરતાં તેના અંગત જીવન માટે વધુ સમાચારમાં રહી છે. પ્રેમ તેને એક કે બે વાર નહીં પરંતુ ચાર વખત થયો, પરંતુ દરેક વખતે નિરાશામાં સમાપ્ત થયો. ૨૦૦૩ માં, તેણી ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહ સાથે જોડાઈ. તેમનો સંબંધ ચાર વર્ષ સુધી ચાલ્યો, અને તેઓ ઘણીવાર સાથે જોવા મળતા હતા. જો કે, તેઓ અચાનક અલગ થઈ ગયા. યુવરાજ સાથેના બ્રેકઅપ પછી, કિમ શર્માએ ચાર વખત સ્થાયી થવાનો પ્રયાસ કર્યો, સગાઈ કરી, પરંતુ ચાર વખત તેની સગાઈ તૂટી ગઈ.કિમ શર્માએ ૨૦૧૦ માં કેન્યા સ્થિત ભારતીય ઉદ્યોગપતિ અલી પુંજાની સાથે લગ્ન કર્યા અને અભિનયની દુનિયા છોડીને વિદેશ સ્થળાંતર કર્યું. તેઓ પહેલી વાર સફારી ટ્રીપ દરમિયાન મળ્યા. જો કે, જ્યારે તેમની પ્રેમકથા શરૂ થઈ, ત્યારે અલી પુંજાની પહેલાથી જ પરિણીત અને ત્રણ બાળકોના પિતા હતા. જોકે, પહેલી પત્નીથી અલગ થયા પછી, તેમણે લગ્ન કરી લીધા. જોકે, આ સંબંધ પણ ૨૦૧૭ માં છૂટાછેડામાં સમાપ્ત થયો અને કિમ ભારત પાછો ફર્યો. છૂટાછેડા પછી અભિનેત્રીને અલી તરફથી કોઈ ભરણપોષણ મળ્યું નહીં.અલી પુંજાનીથી છૂટાછેડા પછી, અભિનેત્રી મુંબઈ રહેવા ગઈ અને થોડા મહિના પછી, તેણી ફરીથી તેના અંગત જીવનને કારણે સમાચારમાં આવી.

**બંને ૨૬ ફેબ્રુઆરીએ ઉદયપુરમાં લગ્ન કરશે**

# વિજય દેવરકોંડા સાથે લગ્નની અટકળો પર રશ્મિક મંદાનાએ તોડ્યું મૌન

છેલ્લા ઘણા મહિનાઓથી રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા ક્યારે લગ્ન કરશે તેને લઈને ચર્ચા થઈ રહી છે. ખાસ કરીને ઓક્ટોબર ૨૦૨૫માં દશેરા ફિલ્મની રિલીઝ પહેલા વિજયની ટીમે તેમની સગાઈની પુષ્ટિ કરી હતી. એવા અહેવાલો હતા કે, વિજય અને રશ્મિકા ૨૬ ફેબ્રુઆરીએ ઉદયપુરમાં લગ્ન કરશે. હવે અભિનેત્રીએ તાજેતરમાં આ વિશે વાત કરી છે અને લગ્નની અટકળો પર મૌન તોડ્યું છે.એક કાર્યક્રમમાં પ્રીમા સાથેની વાતચીત દરમિયાન રશ્મિકાને પૂછવામાં આવ્યું કે શું વિજય સાથેના તેના લગ્ન વિશેની ખબર સાચી છે. જેમાં લગ્નની તારીખ અને સ્થળનો સમાવેશ થાય છે. જેના પર રશ્મિકાએ જવાબ આપ્યો કે, ''આ અફવાઓ શરૂ થયાને ચાર વર્ષ થઈ ગયા છે, ખરું ને? અને લોકો વારંવાર એક જ પ્રશ્ન પૂછતા રહે છે. લોકો એક જ વસ્તુની રાહ જોઈ રહ્યા છે. હું આ વિશે જ્યારે તેનો સાચો સમય આવશે, ત્યારે જ વાત કરીશ.''ઓક્ટોબર ૨૦૨૫ માં તેમની સગાઈના સમાચાર આવ્યા ત્યારથી, રશ્મિકા અને વિજય સગાઈ ઈંગેજમેન્ટ રિંગ પહેરેલા જોવા મળ્યા છે, પરંતુ બંનેમાંથી કોઈએ પણ જાહેરમાં આ અફેરનો સ્વીકાર કર્યો નથી. નવેમ્બરમાં તેની ફિલ્મ ''ધ ગર્લફ્રેન્ડ''ના સક્સેસ ઈવેન્ટમાં વિજયે રશ્મિકાના હાથ પર ચુંબન કર્યું હતું, જેનાથી તેમના સંબંધની પુષ્ટિ થઈ. તેઓએ ન્યૂયોર્કમાં ૪૩માં ઈન્ડિયા ડે પરેડનું નેતૃત્વ કર્યું હતું અને ગયા વર્ષે ઈન્ડિયા બિયોન્ડ બોર્ડર્સ નામના એક કાર્યક્રમમાં પણ સાથે જોવા મળ્યા હતા. વધુમાં તેઓ મિત્રો સાથે નવા વર્ષની રજાઓ પર પણ ગયા હતા.રશ્મિકા અને વિજયની ૨૦૧૮ની હિટ ફિલ્મ ગીતા ગોવિંદમ અને ૨૦૧૯ની ફિલ્મ ડિયર કોમરેડમાં સાથે કામ કર્યું હતું. ગત વર્ષે છાવા, સિકંદર, કુબેરા, થમ્મા અને ધ ગર્લફ્રેન્ડમાં નજર આવ્યા બાદ હવે રશ્મિકા જલ્દી કોકટેલ ૨ અને માયસામાં જોવા મળશે. જ્યારે વિજય ગત વર્ષે કિંગડમમાં જોવા મળ્યો હતો.



# નેહા કક્કરે બ્રેકની જાહેરાત કરી, સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી અને પછી તેને ડિલીટ કરી દીધી



ગાયિકા નેહા કક્કરે કામમાંથી બ્રેક લીધો છે. આજે, સોમવારે, તેણીએ સોશિયલ મીડિયા પર આ પોસ્ટ શેર કરી. તેણીએ થોડા સમય માટે કામ અને જવાબદારીઓથી બ્રેક લેવાની જાહેરાત કરી. તેણીએ થોડીવાર પછી પોસ્ટ ડિલીટ કરી દીધી. જોકે, તેણીની પોસ્ટના સ્ક્રીનશોટ વાયરલ થઈ રહ્યા છે.નેહા કક્કરે આજે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક પોસ્ટ શેર કરીને કામ પરથી બ્રેક લેવાની જાહેરાત કરી હોવાનું કહેવાય છે. જોકે, હાલમાં તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કે સ્ટોરી પર કોઈ અપડેટ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગાયકે પોસ્ટ શેર કર્યા પછી થોડીવારમાં જ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી, પરંતુ તેના સ્ક્રીનશોટ વાયરલ થઈ રહ્યા છે. તેણીએ ભાવનાત્મક તકલીફ, નકારાત્મકતા અને ઉદ્યોગના દબાણને કારણે તેના બ્રેકનું કારણ ગણાવ્યું હતું.નોંધનીય છે કે નેહા કક્કરે બ્રેક લીધો હોય તેવું આ પહેલી વાર નથી. ૨૦૨૦ માં, તેણીએ ભત્રીજાવાદની ચર્ચા વચ્ચે બ્રેકની જાહેરાત કરી. આજે, સોમવારે, તેણીએ ફરીથી બ્રેકની જાહેરાત કરીને ચાહકોને આશ્ચર્યચકિત કર્યા. તેણીએ લખ્યું, ''હવે જવાબદારીઓ, સંબંધો, કામ અને હું હમણાં જે કંઈ વિચારી શકું છું તેમાંથી બ્રેક લેવાનો સમય છે.'' મને ખાતરી નથી કે હું પાછી આવીશ કે નહીં.

રશિયાના સુદૂર પૂર્વ વિસ્તાર કમચાત્કામાં આ શિયાળો છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી ભયાનક સાબિત થયો : ચોથા માળ સુધી મકાનો ગાયબ થયા

# રશિયામાં ૧૩ ફૂટ (લગભગ ૪ મીટર) હિમવર્ષા, બરફ નીચે શહેર દટાયા

## ભારે હિમવર્ષા અને તીવ્ર ઠંડા પવનોને કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયું

• કીવ

રશિયાના સુદૂર પૂર્વ વિસ્તાર કમચાત્કામાં આ શિયાળો છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી ભયાનક સાબિત થઈ રહ્યો છે. અહીં પરિસ્થિતિ એટલી ગંભીર છે કે સમગ્ર વિસ્તાર ૧૩ ફૂટ (લગભગ ૪ મીટર) બરફની ચાદર નીચે દટાઈ ગયો છે. ભારે હિમવર્ષા અને તીવ્ર ઠંડા પવનોને કારણે તાપમાન માઈનસ ૨૧ ડિગ્રી સેલ્સિયસ સુધી ગગડી ગયું છે, જેના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું છે.કમચાત્કામાં આવેલા આ શક્તિશાળી બરફના તોફાને અનેક શહેરોને બરફમાં દફનાવી દીધા છે. અહેવાલ મુજબ, રાજધાની પેત્રોપાવલોવસ્ક-કમચાત્કામાં છત પરથી બરફ પડવાને કારણે ઓછામાં ઓછા બે લોકોના મોત થયા છે. પ્રથમ મોતના સમાચારની પુષ્ટિ થતાં જ, શહેરના મેયરે બરફ હટાવવા અને રાહત કાર્યો માટે વધારાના સંસાધનો એકત્ર કરવા માટે શહેરવ્યાપી ઈમરજન્સી જાહેર કરી દીધી છે.મેયર બેલ્યાયેવે પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીઓ પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે તેઓએ સમયસર છત પરથી બરફ હટાવ્યો ન હતો અને તોફાન પસાર થવાની રાહ જોતા રહ્યા. તીવ્ર પવન અને સતત હિમવર્ષાને કારણે ઘણી ઈમારતોની છત પર ખતરનાક માત્રામાં બરફ જમા થઈ ગયો હતો, જે અચાનક નીચે પડવા લાગ્યો અને તેના કારણે ઘણા અકસ્માતો થયા. સોશિયલ મીડિયા પર આ ભયાનક હિમવર્ષાના ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં બાળકો બરફના વિશાળ ઢગલા પર લપસતા જોવા મળ્યા, જ્યારે બીજા વીડિયોમાં ઈમારતો ચોથા માળ સુધી બરફમાં દટાયેલી જોવા મળી, જાણે કે આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય. ઘણા વીડિયોમાં તો ગાડીઓ સંપૂર્ણપણે ગાયબ હતી અને માત્ર બરફના ઊંચા ટેકરા જ દેખાઈ રહ્યા હતા.રશિયાના ઈમરજન્સી મંત્રાલયે વીડિયો જારી કરીને બતાવ્યું છે કે કેવી રીતે બચાવકર્મીઓ બરફના ઊંચા ઢગલાને કાપીને એવા વૃદ્ધ લોકો સુધી પહોંચી રહ્યા છે જેઓ પોતાના ઘરોમાં ફસાઈ ગયા હતા. સતત હિમવર્ષાને કારણે શાળાઓ બંધ કરી દેવામાં આવી છે, જાહેર પરિવહન અટકાવી દેવામાં આવ્યું છે અને ઘણા વિસ્તારોમાં વીજળી તથા સપ્લાય ચેઈન પર દબાણ વધી ગયું છે.જીવન થંભી ગયું, પણ ખતરો હજુ ટળ્યો નથીછત પરથી પડતો



બરફ, લપસણા રસ્તાઓ, બંધ માર્ગો, બરફમાં દટાયેલી કારો અને સતત ઘટી રહેલા તાપમાને કમચાત્કામાં જીવનને લગભગ થંભાવી દીધું છે. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે અને વહીવટીતંત્ર દ્વારા રાહત કાર્યો સતત ચાલુ છે.



નીતિન નબીન ફૂલ એક્શન મોડમાં

# અધ્યક્ષ બનતા જ નીતિન નબીનના તાબડતોબ નિર્ણય, વિનોદ તાવડેને સોંપાઈ મોટી જવાબદારી

• નવી દિલ્હી, તા.૨૧

ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની કમાન સંભાળતાની સાથે જ નીતિન નબીન ફૂલ એક્શન મોડમાં જોવા મળ્યા છે. પદભાર સંભાળ્યાના ગણતરીના કલાકોમાં જ તેમણે આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને વરિષ્ઠ નેતાઓની વરણી કરીને તાબડતોબ નિર્ણયો લીધા છે. નીતિન નબીને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો, જેમાં તેમણે શ્રેણીબદ્ધ નિર્ણયો લીધા. જેમાં તેમણે કેરળ વિધાનસભા ચૂંટણી માટે વરિષ્ઠ નેતા વિનોદ તાવડેને ચૂંટણી પ્રભારી અને ચંડીગઢ મેયરની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા. શોભા કરંદલાજેને તેમની સાથે સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા જાહેર કરાયેલા આદેશમાં જણાવાયું છે કે તેલંગાણા મ્યુનિસિપલ



અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ માટે આશિષ શેલારને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં અશોક પરનામી અને રેખા શર્મા સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ નેતા રામ માધવને ગ્રેટર બેંગલુરુ નાગરિક ચૂંટણીઓના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેમાં સતીશ પુનિયા અને સંજય ઉપાધ્યાય સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપ મુખ્યાલયમાં પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જાહેરાત થયા પછી, નીતિન નબીને એક કાર્યક્રમને સંબોધિત કર્યો. તેમણે પક્ષના નેતાઓ અને કાર્યકરોને પશ્ચિમ બંગાળ સહિત પાંચ રાજ્યોમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની સફળતા સુનિશ્ચિત કરવા અને 'સનાતન પરંપરાઓ અને શ્રદ્ધા'નું રક્ષણ કરવા અને દેશને વસ્તી વિષયક ફેરફારોથી બચાવવા માટે તમામ પ્રયાસો કરવા આપીલ કરી હતી. યુવાનોને હાકલ કરતા તેમણે કહ્યું, '૧૫મી ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને જાહેર જીવનમાં પ્રવેશવાનું આહ્વાન કર્યું હતું. હું દેશના યુવાનોને કહેવા માંગુ છું કે રાજકારણથી દૂર રહેવું એ ઉકેલ નથી, પરંતુ સક્રિયપણે યોગદાન આપવું છે. ભારતને વિકસિત દેશ બનાવવા યુવાનોએ આગળ આવીને 'સકારાત્મક રાજકારણ'માં ભાગ લેવાની જરૂર છે.'

# સ્વિટ્ઝર્લેન્ડ જવા રવાના થયેલા ટ્રમ્પના પ્લેનમાં ખામી : વચ્ચેથી પરત ફર્યા

• જીનિવા

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્લેન દાવોસ જતી વખતે ટેક-ઓફના થોડા સમય પછી જ વોશિંગ્ટન પરત ફર્યું. વ્હાઈટ હાઉસ મુજબ વિમાનમાં ટેક્નિકલ ખામી આવી હતી. પ્રેસ સેક્રેટરી કેરોલિન લિવિટે જણાવ્યું હતું કે ટેક-ઓફ પછી ક્રૂને પ્લેનમાં એક નાની ઈલેક્ટ્રિકલ ખામી ધ્યાનમાં આવી. આ પછી સાવચેતીના ભાગરૂપે પ્લેનને પરત લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો, જોકે ટ્રમ્પ થોડીવાર પછી બીજા પ્લેનથી રવાના થયા. ટ્રમ્પ આજે સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)માં ભાગ લેશે. તેઓ આજે ગ્રીનલેન્ડનું ભવિષ્ય નક્કી કરવાના એજન્ડા સાથે બુધવારે સાંજે લગભગ 7 વાગ્યે દુનિયાને સંબોધિત કરશે.મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પનું આ ભાષણ એવા સમયે થઈ રહ્યું છે, જ્યારે દુનિયાભરમાં રાજકીય તણાવ, વ્યાપાર યુદ્ધ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ ઝડપથી ગંભીર બની રહ્યા છે. આ જ કારણ છે કે દાવોસમાં ટ્રમ્પની હાજરી અને તેમના દરેક નિવેદન પર આખી દુનિયાની નજર ટકેલી છે.ડોનાલ્ડ ટ્રમ્પ WEFમાં ભાષણ આપ્યા પછી એક ખાસ ઉચ્ચસ્તરીય કાર્યક્રમની યજમાની પણ કરશે. આ કાર્યક્રમમાં ભારતના 7 મોટા વેપારી નેતાઓને આમંત્રિત કર્યા છે.ટ્રમ્પની સત્તાવાર મુલાકાતો માટે જે બે વિમાનનો એર ફોર્સ વન તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એ અંદાજે ચાર દાયકા જૂનું છે. અમેરિકન વિમાન ઉત્પાદક કંપની બોઈંગ તેમના નવા વિકલ્પો તૈયાર કરી રહી છે, પરંતુ આ પ્રોજેક્ટ સતત વિલંબનો શિકાર બની રહ્યો છે.ગયા વર્ષે કતારના શાહી પરિવારે ટ્રમ્પને એક લક્ઝરી બોઈંગ 747-8 જમ્બો જેટ ભેટમાં આપ્યું હતું.

યુએસ ગ્રીનલેન્ડના પિટુફિક સ્પેસ બેઝ પર નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ

# અમેરિકા ગ્રીનલેન્ડ પર ચાલી રહેલા તણાવ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે મોટો હોબાળો મચાવ્યો

• વોશિંગ્ટન,તા.૨૦

યુએસ અને ગ્રીનલેન્ડ વચ્ચે ચાલી રહેલા વિવાદ વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મોટો હોબાળો મચાવ્યો છે. યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રીનલેન્ડના પિટુફિક સ્પેસ બેઝ પર નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ એરક્રાફટ તૈનાત કરી રહ્યું છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડને જોડવાની ધમકીઓ વચ્ચે તણાવ વધ્યો છે.એનઓઆરએડીએ જણાવ્યું હતું કે વિમાન વિવિધ લાંબા સમયથી આયોજિત પ્રવૃત્તિઓ કરવા માટે બેઝ પર પહોંચશે. તેઓએ એમ પણ કહ્યું હતું કે આ કાર્યવાહી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ સાથે સંકલનમાં કરવામાં આવી હતી.

એનઓઆરએડીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'નોર્થ અમેરિકન એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ (એનઓઆરએડી) વિમાન ટૂંક સમયમાં ગ્રીનલેન્ડના પિટુફિક સ્પેસ બેઝ પર પહોંચશે. તેઓ વિવિધ લાંબા સમયથી આયોજિત એનઓઆરએડી પ્રવૃત્તિઓ હાથ ધરશે, જે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા તેમજ ડેનમાર્ક વચ્ચે કાયમી સંરક્ષણ સહયોગને આગળ વધારશે. આ સંકલન ડેનમાર્ક સાથે કરવામાં આવ્યું છે, અને તમામ સહાયક દળો જરૂરી મંજૂરીઓ સાથે કાર્ય કરે છે. ગ્રીનલેન્ડ સરકારને પણ જાણ કરવામાં આવી છે.'

એનઓઆરએડી નિયમિતપણે ઉત્તર અમેરિકાના હવા અને અવકાશનું રક્ષણ કરવા માટે કામ કરે છે, જે તેના ત્રણ પ્રદેશો:



અલાસ્કા, કેનેડા અને ખંડીય યુનાઈટેડ સ્ટેટ્સને આવરી લે છે. આ યુએસ પગલું ડેનિશ સૈન્યની આગેવાની હેઠળ બહુરાષ્ટ્રીય લશ્કરી કવાયત પછી તરત જ આવે છે. આ કવાયત વોશિંગ્ટન સાથે વધતા તણાવ વચ્ચે થઈ છે, જ્યાં ડોનાલ્ડ ટ્રમ્પે ગ્રીનલેન્ડને જોડવાની ધમકી આપી છે.જર્મની, સ્વીડન, ફ્રાન્સ, નોર્વે, નેધરલેન્ડ અને ફિનલેન્ડે આર્કટિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કવાયતમાં ભાગ લેવા માટે ગ્રીનલેન્ડમાં ઓછી સંખ્યામાં લશ્કરી કર્મચારીઓ મોકલ્યા છે. ડેનમાર્કે પણ અમેરિકાને લશ્કરી કવાયતમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું છે. દરમિયાન, ડેનિશ પ્રદેશ મેળવવાની પોતાની કોશિશને મજબૂત બનાવતા, ટ્રમ્પે ડેનમાર્ક અને યુકે સહિત અન્ય યુરોપિયન દેશો પર ટેરિફ લાદવાની ધમકી આપી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ગ્રીનલેન્ડને જોડવું રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી છે.

શહેરમાં લાંબા સમયથી એક સંગઠિત ગૌમાંસ તસ્કરી નેટવર્ક સક્રિય છે

# ભોપાલમાં હોબાળો: મેયરના બંગલાને ઘેરી લેવામાં આવ્યો, હોર્ડિંગ પર શાહીથી દાઢી દોરવામાં આવી


• ભોપાલ,તા.૨૧

ગૌમાંસની તસ્કરીના આરોપો પર હિન્દુ સંગઠનોએ મેયર માલતી રાયના બંગલાને ઘેરી લીધો અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી. વિરોધીઓએ મેયરના નામપત્ર અને બિલબોર્ડ પરના ફોટા પર શાહી રેડી અને ફોટા પર દાઢી દોરી, તેને 'મુલ્લા માલતી રાય' કહ્યું.સંગઠનોનો આરોપ છે કે આટલું મોટું નેટવર્ક મ્યુનિસિપલ કોર્પોરેશનની જાણકારી વિના કામ કરી શકે નહીં અને જ્યાં સુધી સમગ્ર નેટવર્ક અને તેના માસ્ટરમાઈન્ડ સામે કડક કાર્યવાહી ન થાય ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે. ભોપાલમાં ગૌમાંસની તસ્કરીના આરોપો પર હિન્દુ સંગઠનોએ પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેમણે મેયર માલતી રાયના બંગલાનો ઘેરાવ કર્યો અને જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ કરી. બંગલાની બહાર હનુમાન ચાલીસાનું પણ પાઠ કરવામાં આવ્યું. વિરોધ દરમિયાન બજરંગ દળના કાર્યકરોએ મેયર માલતી રાયના નામની પ્લેટ અને બિલબોર્ડ પરના ફોટા પર શાહી રેડી. પ્રદર્શનો કરનારાઓએ હોર્ડિંગ પર શાહીથી દાઢી રંગી હતી, જેના પર 'મુલ્લા માલતી રાય' લખેલું હતું. કાર્યકરોએ કહ્યું કે તે મ્યુનિસિપલ કોર્પોરેશનની ભૂમિકા અને કતલખાનામાં કથિત ગૌહત્યા કેસ સામે કાર્યવાહી ન થવાનો પ્રતિકાત્મક વિરોધ હતો. એસીપી અંકિતા ખટારકરે જણાવ્યું હતું કે વિરોધ પરવાનગી વિના કરવામાં આવ્યો હતો, અને તેથી, બીએનએસની કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. મેયરના બંગલા સામે વિરોધ પ્રદર્શન કરતા, હિન્દુ સંગઠનોના કાર્યકરોએ મેયર માલતી રાયના રાજીનામાની માંગણી કરી. કાર્યકરોએ જણાવ્યું હતું કે જવાબદારો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી વિરોધ ચાલુ રહેશે. તેઓએ બંગલાની દિવાલો પર 'મેયર રાજીનામું આપો' લખ્યું. મેયરના બંગલાની બહારના હોર્ડિંગ્સ પર શાહી લગાવવામાં આવી હતી અને દાઢી મુંડવામાં આવી હતી. મેયર માલતી રાયના નામની પ્લેટ પણ શાહી લગાવવામાં આવી હતી.હિન્દુ ઉત્સવ સમિતિ અને અન્ય સંગઠનોનો આરોપ છે કે શહેરમાં લાંબા સમયથી એક સંગઠિત ગૌમાંસ તસ્કરી નેટવર્ક સક્રિય છે.

# પ્રયાગરાજની વચ્ચોવચ તળાવમાં ક્રેશ થયું સેનાનું એરક્રાફટ :હવામાં બેલેન્સ બગડ્યું

• પ્રયાગરાજ

પ્રયાગરાજમાં સેનાનું ટ્રેનિંગ એરક્રાફટ ક્રેશ થયું. એરક્રાફટ હવામાં ઉડતા-ઉડતા ડગમગ્યું અને તળાવમાં પડી ગયું. જ્યાં આ દુર્ઘટના થઈ, તે શહેરની મધ્યનો વિસ્તાર છે. અહીં તળાવને અડીને શાળા અને રહેણાંક કોલોનીઓ છે.દુર્ઘટનાના તરત જ બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે - એરક્રાફટ ક્રેશ થતા પહેલા 3 લોકો પેરાશૂટથી કૂદી પડ્યા અને તળાવમાં પડ્યા. ત્યાં તેઓ કાદવમાં ફસાઈ ગયા. સ્થાનિક લોકોએ તેમને બહાર કાઢ્યા છે. થોડી જ વારમાં સેનાનું હેલિકોપ્ટર પણ પહોંચી ગયું. જોકે, જ્યાં વિમાન પડ્યું છે. ત્યાં કાદવવાળું તળાવ છે, ચારે બાજુ જળકુંભી ઉગી નીકળી છે. આવી સ્થિતિમાં એરક્રાફટ સુધી કોઈ પણ ટીમ પહોંચી શકી નથી. એરક્રાફટમાં વધુ લોકો સવાર હતા કે નહીં, તે હજુ સ્પષ્ટ થયું નથી. આ દુર્ઘટના બુધવારે બપોરે 12 વાગ્યે કેપી કોલેજની પાછળ થઈ. ફાયર બ્રિગેડ અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી



ગઈ છે. એક પ્રત્યક્ષદર્શી મોહમ્મદ શાબિરે જણાવ્યું-નજીકમાં જ સ્કૂલ છે. બાળકો પ્રેક્ટિકલ આપી રહ્યા હતા, ત્યારે લાલ રંગનું સિગ્નલ ખૂબ જ તીવ્ર અવાજ સાથે દેખાયું. બે મિનિટ પછી પેરાશૂટ ખુલી ગયા. જહાજ તળાવમાં પડી ગયું. અત્યાર સુધીમાં ત્રણ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. ત્રણેય લોકો યુનિફોર્મમાં હતા.

21 દિવસમાં 22 હજાર મોંઘું થયું

# સોનું પહેલીવાર 1.5 લાખ પાર, 7795 વધ્યું: ચાંદી 10 હજાર વધીને 3.20 લાખ પર પહોંચી

• નવી દિલ્હી

સોનાની કિંમત આજે એટલે કે 21 જાન્યુaઆરીએ 1.50 લાખ રૂપિયાને પાર કરી ગઈ છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, સોનું આજે 7,795 રૂપિયા વધીને 1,55,204 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યું છે. ગઈકાલે તે 1,47,409 રૂપિયા પર હતું. સોનું આ વર્ષે અત્યાર સુધીમાં 21,744 રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે.જ્યારે 1 કિલો ચાંદીની કિંમત આજે 10,730 રૂપિયા વધીને 3,20,075 રૂપિયા પર પહોંચી ગઈ છે.આ પહેલા ગઈકાલે તે 3,09,345 રૂપિયા પર હતી. ચાંદી આ વર્ષે માત્ર 21 દિવસમાં જ 90,825 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. સોના-ચાંદીના ભાવ સતત ત્રીજા દિવસે તેમની સર્વોચ્ચ સપાટી પર છે.વૈશ્વિક તણાવ અને 'ગ્રીનલેન્ડ' વિવાદ: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ગ્રીનલેન્ડ પર કબજો કરવાની જીદ અને આ મુદ્દે યુરોપિયન દેશોને ટેરિફની ધમકીએ વૈશ્વિક બજારોમાં અસ્થિરતા વધારી દીધી છે. જ્યારે પણ દુનિયામાં ટ્રેડ વોરનો ખતરો વધે છે, રોકાણકારો શેરબજારમાંથી પૈસા કાઢીને સુરક્ષિત રોકાણ એટલે કે સોના તરફ ભાગે છે.રૂપિયાની રેકોર્ડ નબળાઈ : ભારતમાં સોનાની કિંમત ફક્ત વૈશ્વિક દરો પર જ નહીં, પરંતુ ડોલર-રૂપિયાના એક્સચેન્જ રેટ પર પણ નિર્ભર કરે છે. આજે રૂપિયો ડોલર સામે 91.10ના ઓલ-ટાઈમ લો પર છે. LKP સિક્યોરિટીઝના જતિન ત્રિવેદી અનુસાર, રૂપિયાની નબળાઈને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવામાં આવતા સોનાની લેન્ડિંગ કોસ્ટ ભારતમાં ખૂબ મોંઘી થઈ ગઈ છે, જેનાથી સ્થાનિક બજારમાં કિંમતો 1.5 લાખને પાર નીકળી ગઈ છે.સેન્ટ્રલ બેંકોની ભારે ખરીદી: વિશ્વભરની સેન્ટ્રલ બેંકો (જેમ કે ભારતની RBI) તેમના વિદેશી મુદ્રા ભંડારને સુરક્ષિત રાખવા માટે સોનાનો સ્ટોક વધારી રહી છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના આંકડા મુજબ, 2025માં રેકોર્ડ ખરીદી પછી 2026ની શરૂઆતમાં પણ સેન્ટ્રલ બેંકોની માગ મજબૂત બની રહી છે, જેના કારણે સપ્લાય ઓછી અને ડિમાન્ડ વધુ હોવાને કારણે કિંમતો વધી રહી છે.

વિશ્વભરમાં પાકિસ્તાનની સોશિયલ મીડિયા પર ઊડી મજાક

# વિશ્વભરમાં પાકિસ્તાનની આબરૂના ધજાગરા ઊડ્યા રક્ષામંત્રીએ જેનું ઉદ્ઘાટન કર્યું એ 'પિત્ઝા હટ' જ નકલી



• ઈસ્લામાબાદ

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફ એક વિચિત્ર વિવાદમાં ફસાયા છે. તેમણે સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં પિત્ઝા હટ બ્રાન્ડવાળા એક આઉટલેટનું ઉદ્ઘાટન કર્યું, પરંતુ થોડા જ કલાકો પછી પિત્ઝા હટ કંપનીએ આ આઉટલેટને નકલી ગણાવ્યું. સોશિયલ મીડિયા પર ઉદ્ઘાટનની તસવીરો અને વીડિયો વાઈરલ થયા પછી પિત્ઝા હટ વિશે પાકિસ્તાને નિવેદન જારી કરીને સ્પષ્ટ કર્યું કે આ આઉટલેટ સાથે તેનો કોઈ સંબંધ નથી. વાઈરલ તસવીરો અને વીડિયોમાં ખ્વાજા આસિફ સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં બનેલા આઉટલેટનું રિબન કાપતા જોવા મળી રહ્યા છે. તેમણે હાથમાં કાતર લઈને કેમેરા સામે પોઝ પણ આપ્યો.પિત્ઝા હટે કહ્યું હતું કે સિયાલકોટ કેન્ટોનમેન્ટમાં ખૂલેલી આ રેસ્ટોરન્ટ પિત્ઝા હટના નામ અને બ્રાન્ડનો ખોટો ઉપયોગ કરી રહી છે.

આ આઉટલેટ તેની સાથે જોડાયેલું નથી, તે પિત્ઝા હટ ઈન્ટરનેશનલની રેસિપી, ક્વોલિટી પ્રોટોકોલ, ફૂડ સેફ્ટી અને ઓપરેશનલ સ્ટાન્ડર્ડનું પાલન કરતું નથી. એ પણ જણાવ્યું કે તેણે તેના ટ્રેડમાર્કના દુરુપયોગને રોકવા માટે સંબંધિત અધિકારીઓ પાસે ઔપચારિક ફરિયાદ નોંધાવી છે અને તેના પર તાત્કાલિક કાર્યવાહીની માગ કરી છે. કંપનીના મતે, પાકિસ્તાનમાં હાલમાં તેના કુલ 16 ઑફિશિયલ આઉટલેટ છે. આમાંથી 14 લાહોરમાં અને બે ઈસ્લામાબાદમાં છે.\ પિત્ઝા હટે સત્તાવાર નિવેદન બહાર પાડીને આ આઉટલેટને નકલી ગણાવ્યું.

સોશિયલ મીડિયા પર આસિફ મજાકનો ભોગ બન્યા

આ મામલો સામે આવતાં જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લોકોએ તેમની મજાક ઉડાવવાનું શરૂ કરી દીધું. એક યુઝરે લખ્યું, "રક્ષામંત્રી ખ્વાજા આસિફે સિયાલકોટમાં એક નકલી પિત્ઝા હટ ફ્રેન્ચાઈઝીનું ઉદ્ઘાટન કર્યું. આ મૂર્ખ વૃદ્ધ લોકો આપણા પર થોપવામાં આવ્યા છે." અન્ય એક યુઝરે મજાક કરતાં લખ્યું, "જ્યારે પિત્ઝા હટ પોતે જ કહી દે કે આ અમારી સ્લાઈસ નથી." પિત્ઝા હટના 100થી વધુ દેશોમાં આઉટલેટદુનિયાની જાણીતી ફૂડ ચેઈન પિત્ઝા હટ એક ઈન્ટરનેશનલ પિત્ઝા રેસ્ટોરન્ટ બ્રાન્ડ છે. આ બ્રાન્ડ પિત્ઝા, પાસ્તાં અને ફાસ્ટ ફૂડ આઈટમ્સ માટે જાણીતી છે અને દુનિયાના 100થી વધુ દેશોમાં એના આઉટલેટ છે.પિત્ઝા હટની શરૂઆત વર્ષ 1958માં અમેરિકાના કેન્સાસ રાજ્યમાં થઈ હતી. તેને બે ભાઈઓ ડેન કાર્ની અને ફ્રેન્ક કાર્નીએ એક નાના પિત્ઝા સ્ટોર તરીકે શરૂ કર્યો હતો, જે પાછળથી ગ્લોબલ બ્રાન્ડ બની ગઈ. પિત્ઝા હટ અમેરિકાની મોટી ફૂડ કંપની યમ બ્રાન્ડ્સ હેઠળ આવે છે. યમ બ્રાન્ડ્સ પાસે KFC અને ટેકો બેલ જેવી મોટી બ્રાન્ડ્સ પણ છે.